શ્રી સીમંધરસ્વામિને નમઃ ।
નમો નમઃ શ્રી ગુરુપ્રેમસૂરયે ।

# શ્રીચૈત્યવંદનભાષ્ય (પદાર્થ)

ચૈત્ય એટલે ભગવાનની [1]મૂર્તિ, તેને વંદન કેવી રીતે કરવું, તેની પૂજા કેવી રીતે કરવી વગેરે વિધિ કહેનારુ શાસ્ત્ર તેને ચૈત્યવંદન ભાષ્ય કહેવાય. ચૈત્યવંદનભાષ્યના ૨૪ દ્વાર છે, તે નીચે મુજબ છે.

## ૨૪ દ્વાર

| નં. | દ્વાર | પેટાભેદ | નં. | દ્વાર | પેટાભેદ |
|---|---|---|---|---|---|
| ૧ | ત્રિક | ૧૦ | ૧૩ | વંદનીય | ૪ |
| ૨ | અભિગમ | ૫ | ૧૪ | સ્મરણીય | ૧ |
| ૩ | દિશા | ૨ | ૧૫ | જિનેશ્વર | ૪ |
| ૪ | અવગ્રહ | ૩ | ૧૬ | થોય | ૪ |
| ૫ | વંદના | ૩ | ૧૭ | નિમિત્ત | ૮ |
| ૬ | પ્રણિપાત | ૧ | ૧૮ | હેતુ | ૧૨ |
| ૭ | નમસ્કાર | ૧ | ૧૯ | આગાર | ૧૬ |
| ૮ | વર્ણ(અક્ષર) | ૧,૬૪૭ | ૨૦ | કાઉસ્સગ્ગના દોષ | ૧૯ |
| ૯ | પદ | ૧૮૧ | ૨૧ | કાઉસ્સગ્ગનું પ્રમાણ | ૧ |
| ૧૦ | સંપદા | ૯૭ | ૨૨ | સ્તવન | ૧ |
| ૧૧ | દંડક | ૫ | ૨૩ | ચૈત્યવંદન | ૭ |
| ૧૨ | અધિકાર | ૧૨ | ૨૪ | આશાતના | ૧૦ |
| | | | | કુલ | ૨,૦૭૪ |

૧. चितेः लेप्यादिचयनस्य भावः कर्म वा चैत्यं, तच्च संज्ञादिशब्दत्वाद्देवताप्रतिबिम्बे प्रसिद्धम् । - ચૈત્યવંદનભાષ્યની ટીકામાંથી



## દ્વાર ૧લુ - ત્રિક ૧૦

(૧) નિસીહિ ત્રિક- નિસીહિ એટલે નિષેધ

૧લી નિસીહિ :- દેરાસરના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતા પહેલી નિસીહિ કહેવી. તે મન, વચન, કાયાથી સંસારના પાપકાર્યોના નિષેધને સૂચવે છે.

૨જી નિસીહિ :- દેરાસરની મધ્યમાં મુખ્યમંડપમાં બીજી નિસીહિ કહેવી. તે દેરાસરસંબંધી પણ ભગવાનની પૂજા સિવાયના બીજા કાર્યોના નિષેધને સૂચવે છે.

૩જી નિસીહિ :- ભગવાનની દ્રવ્યપૂજા કર્યા પછી ભાવપૂજારૂપ ચૈત્યવંદન શરુ કરતા પૂર્વે ત્રીજી નિસીહિ કહેવી. તે દ્રવ્યપૂજાના પણ નિષેધને સૂચવે છે.[1]

(૨) પ્રદક્ષિણા ત્રિક :- ભવના ફેરા ટાળવા ભગવાન જમણી તરફ રહે તેવી રીતે ભગવાનની ચારે બાજુ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે ત્રણ પ્રદક્ષિણા (ભ્રમણ) કરવી. પ્રદક્ષિણા ફરતી વખતે ભગવાનના ગુણગાન કરવા તથા જીવદયા પણ સાચવવી.

(૩) પ્રણામત્રિક :-

૧. અંજલિબદ્ધપ્રણામ :- ભગવાનને દૂરથી જોતા જ માથે બે હાથ જોડી સહેજ માથુ નમાવવું તે.

૨. અર્ધાવનતપ્રણામ :- ગભારા પાસે જઈને અડધુ શરીર નમાવવું તે અથવા ૧-૨-૩-૪ અંગ ભૂમિને સ્પર્શે તે રીતે પ્રણામ કરવો તે.

૩. પંચાંગ પ્રણામ :- ૨ ઢીંચણ, ૨ હાથ, ૧ માથુ, એ પાંચ અંગો જમીનને સ્પર્શે કરે તે રીતે પ્રણામ કરવો તે.

અથવા ઉપરોક્ત ત્રણે પ્રણામમાંથી કોઈપણ એક પ્રણામ કરતી વખતે

૧. નિસીહિમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિઓનો નિષેધ સૂચવવા માટે ઉપર જણાવેલ ત્રણેય ઠેકાણે દરેક વખતે ત્રણ-ત્રણ વાર પણ નિસીહિ, નિસીહિ, નિસીહિ એમ બોલાય છે.

ત્રણ વાર અંજલી ભમાવવાપૂર્વક ત્રણ વાર માથુ નમાવવું તે પણ બીજી રીતે ત્રણ પ્રકારના પ્રણામ છે.

(૪) પૂજાત્રિક :-

૧. અંગપૂજા :- ભગવાનના અંગ ઉપર જે પૂજા થાય તે. આમાં વાસક્ષેપપૂજા, જલપૂજા, કેસર-ચંદન પૂજા, ફૂલપૂજા, અંગરચના વગેરેનો સમાવેશ થાય.

૨. અગ્રપૂજા :- ભગવાનની સમક્ષ થોડે છેટે ઉભા રહીને જે પૂજા થાય તે. આમાં ધૂપપુજા, દીપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા, ફલપૂજા, ગીત, નૃત્ય, વાજીંત્ર, આરતી, મંગળદીવો વગેરેનો સમાવેશ થાય છે.

૩. ભાવપૂજા :- ભગવાનની સ્તુતિ કરવી, ચૈત્યવંદન કરવું, ગુણોત્કીર્તન કરવુ વગેરે.

અથવા બીજી રીતે પૂજાત્રિક -

૧. પંચોપચારી પૂજા :- વાસક્ષેપ, ચંદનાદિ ગંધ, પુષ્પાદિ, ધૂપ અને દીપ વડે, અથવા ગંધ, પુષ્પાદિ, ધૂપ, દીપ અને અક્ષત વડે પાંચ પ્રકારની પૂજા કરાય તે.

૨. અષ્ટોપચારી પૂજા :- જળ, ચંદનાદિ ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળ વડે આઠ પ્રકારની પૂજા કરાય તે.

૩. સર્વોપચારી પૂજા :- પૂજા યોગ્ય સર્વ પ્રકારના ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવી તે.

(૫) અવસ્થાત્રિક :- ભગવાનની ત્રણ અવસ્થાનું ચિંતન કરવુ તે.

૧. પિંડસ્થ અવસ્થા :- ભગવાનની છદ્મસ્થ અવસ્થા.
ભગવાનનો અભિષેક અને પૂજા કરનારાઓ વડે આ અવસ્થા ભાવવી.

૨. પદસ્થ અવસ્થા :- ભગવાનની કેવળી અવસ્થા.
ભગવાનના આઠ પ્રાતિહાર્યો વડે આ અવસ્થા ભાવવી.

૩. રૂપાતીત અવસ્થા :- ભગવાનની સિદ્ધાવસ્થા.
ભગવાનના પર્યંકાસન અને કાઉસ્સગ્ગ મુદ્રા વડે આ અવસ્થા ભાવવી.



(૬) દિશિનિરીક્ષણત્યાગત્રિક :- ચૈત્યવંદન કરતી વખતે દૃષ્ટિ ભગવાન સામે જ રાખવી, તે સિવાયની ઉપર, નીચે અને બાજુની-એ ત્રણ દિશાઓમાં અથવા પોતાની પાછળ, જમણે અને ડાબે - એ ત્રણ દિશાઓમાં જોવું નહિ. આનાથી ભગવાનનું બહુમાન થાય અને ચૈત્યવંદનમાં એકાગ્રતા રહે. બીજી દિશાઓમાં જોવાથી અનાદરનું પાપ લાગે.

(૭) પ્રમાર્જનાત્રિક :- ચૈત્યવંદન કરતા પૂર્વે સાધુએ ઓઘાથી અને શ્રાવકે ખેસના છેડાથી ભૂમિને ત્રણ વાર પૂંજવી.

(૮) આલંબનત્રિક :-

૧. સૂત્રાલંબન :- ચૈત્યવંદનના સૂત્રો વધુ-ઓછા અક્ષરો વિના, અતિસ્પષ્ટ અને સંપદાઓના છેદપૂર્વક બોલવા.

૨. અર્થાલંબન :- સૂત્ર બોલતી વખતે અર્થનો ઉપયોગ રાખવો.

૩. પ્રતિમાદિ આલંબન :- ચૈત્યવંદન કરતી વખતે ભગવાનની પ્રતિમા સામે દૃષ્ટિ રાખી તેમાં અથવા ભાવ જિનેશ્વર વગેરેમાં ઉપયોગ રાખવો.

(૯) મુદ્રાત્રિક :-

૧. યોગમુદ્રા :- અન્યોન્ય આંગળીના આંતરામાં આંગળીઓ ભરાવી કમળના કોશના આકારે બે હાથ જોડી કોણી પેટ પર સ્થાપવી તે. ચૈત્યવંદન, નમુત્થુણં અને સ્તવન વખતે આ મુદ્રા રાખવી.

૨. મુક્તાશુક્તિમુદ્રા :- મોતીની છીપની જેમ બે હાથની આંગળીઓના ટેરવા જોડવા, હાથ વચ્ચેથી પોલા રાખવા, કપાળે અડાડવા. કેટલાક આચાર્યો કહે છે કે કપાળે અડાડવા નહિ, પણ કપાળની સન્મુખ રાખવા. પ્રણિધાન સૂત્રો - જાવંતિ ચેઈઆઈં, જાવંત કેવી સાહુ અને જયવીયરાય (આભવમખંડા સુધી) વખતે આ મુદ્રા કરવી.

૩. જિનમુદ્રા :- ઉભા બે પગ વચ્ચે આગળથી ચાર આંગળ અને પાછળથી કંઈક ઓછુ અંતર રાખવું તે.

ઈરિયાવહી કરતી વખતે, અરિહંત ચેઈઆણં, કાઉસ્સગ્ગ, થોય વખતે આ મુદ્રા કરવી. (કાઉસ્સગ્ગમાં બે હાથ સીધા રાખવા, શેષમાં હાથ યોગમુદ્રાએ રાખવા.)

(૧૦) પ્રણિધાનત્રિક :- જાવંતિ ચેઈઆઈં - ચૈત્યવંદન સ્વરુપ,

જાવંત કે વિ સાહૂ - મુનિવંદન સ્વરૂપ, જયવીયરાય - પ્રાર્થનાસ્વરૂપ આ ત્રણ પ્રણિધાનસૂત્રો કહેવાય. પ્રણિધાનસૂત્રો બોલતી વખતે મન, વચન, કાયાની એકાગ્રતા રાખવી.

અથવા ચૈત્યવંદન કરતી વખતે મન, વચન, કાયાની એકાગ્રતા રાખવી તે પ્રણિધાનત્રિક.

## દ્વાર ૨જુ-અભિગમ ૫

અભિગમ = એક પ્રકારનો વિનય.

(૧) સચિત્તત્યાગ :- ખાવા-પીવાની ચીજો, સુંઘવાની ચીજો, હાથમાં રાખેલ ફૂલ વગેરે, ગળામાં પહેરેલી ફૂલની માળા વગેરેને દેરાસરની બહાર મુકી દેરાસરમાં પ્રવેશ કરવો.

(૨) અચિત્તગ્રહણ :- ચોખા, બદામ, આભરણ, નાણું વગેરે લઈને દેરાસરમાં જવું.

(૩) મનની એકાગ્રતા :- દેરાસરમાં મનની એકાગ્રતા રાખવી. બીજાના વિકલ્પો - વિચારો દૂર કરવા.

(૪) ઉત્તરાસંગ :- દેરાસરમાં જતા બન્ને બાજુ દશીવાળો, અખંડ ખેસ રાખવો.

(૫) અંજલી :- ભગવાનનું મુખ દેખાતા જ મસ્તકે બે હાથ જોડી અંજલી કરી મસ્તક નમાવવું.

૪થો અને ૫મો અભિગમ સ્ત્રીઓને ન હોય.

રાજા વિગેરેને અન્ય રીતે પાંચ અભિગમ- ૧) તલવાર, ૨) છત્ર, ૩) મોજડી, ૪) મુગટ, ૫) ચામર - પાંચ રાજચિહ્નોને છોડીને દેરાસરમાં પ્રવેશ કરવો.



## દ્વાર ૩જુ-દિશા ૨

દેરાસરમાં પુરુષોએ ભગવાનની જમણી બાજુ તથા સ્ત્રીઓએ ભગવાનની ડાબી બાજુ રહી દર્શન, વંદન, પૂજનાદિ કરવા.

## દ્વાર ૪થુ-અવગ્રહ ૩

અવગ્રહ = મર્યાદા (ભગવાન અને પોતાની વચ્ચેનું અંતર)

જઘન્ય અવગ્રહ :- ૯ હાથ

ઉત્કૃષ્ટ અવગ્રહ :- ૬૦ હાથ

મધ્યમ અવગ્રહ :- જઘન્ય અવગ્રહ અને ઉત્કૃષ્ટ અવગ્રહની વચ્ચેનો.

આશાતના ટાળવા અવગ્રહ રાખવાનો છે.

## દ્વાર ૫-વંદના ૩

૧) જઘન્ય વંદના :-

(i) અંજલિબદ્ધ પ્રણામ વડે.

(ii) 'નમો જિણાણં' વગેરે એક પદરૂપ નમસ્કાર વડે.

(iii) એક શ્લોક વડે.

(iv) અનેક શ્લોક વડે.

(v) એક નમુત્થુણં વડે.

૨) મધ્યમ વંદના :-

(i) નમુત્થુણં, અરિહંતચેઈયાણં, થોય.

(ii) નમુત્થુણં, અરિહંતચેઈયાણં, થોય, લોગસ્સ.

(iii) ૫ દંડક[૧] સૂત્ર + ૪ થોય.

૩) ઉત્કૃષ્ટ વંદના :- ૫ દંડક સૂત્ર અથવા પાંચ નમુત્થુણં, ૪ થોય બે વાર, સ્તવન, પ્રણિધાન સૂત્ર ત્રણ.

---

૧. ૫ દંડક સૂત્રની સમજણ દ્વાર ૧૧ માં આપેલી છે.

[1]આ ત્રણેયના દરેકના ફરી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદ થતા કુલ ૯ પ્રકાર પણ થાય. તે આ પ્રમાણે-

૧) જઘન્યજઘન્યવંદના = ૧ નમસ્કાર.
૨) જઘન્યમધ્યમવંદના = ૧૦૮ સુધી નમસ્કાર.
૩) જઘન્યઉત્કૃષ્ટવંદના = ૧ નમસ્કાર + ૧ નમુત્થુણં.
૪) મધ્યમજઘન્યવંદના = ઈરિયા૦ + નમસ્કાર + નમુ૦ + અરિ૦ + થોય.
૫) મધ્યમમધ્યમવંદના = ઈરિયા૦ + નમસ્કાર + નમુ૦ + અરિ૦ + થોય + લોગસ્સ.
૬) મધ્યમઉત્કૃષ્ટવંદના = ઈરિયા૦ + નમસ્કાર + નમુ૦ + અરિ૦ + થોય + લોગસ્સ + થોય + પુક્ખર૦ + થોય + સિદ્ધાણંની ૩ ગાથા[2]

---

१. चिइवंदणा तिभेया, जहन्न उक्कोस मज्झिमा चेव ।
एक्केक्का वि तिभेया, जेट्ठ विजेट्ठा कणिट्ठा य ॥१५३॥
एगनमोक्कारेणं होइ कणिट्ठा जहन्निआ एसा ।
जहसत्तिनमोक्कारा, जहन्निया भन्नइ विजेट्ठा ॥१५४॥
स च्चिय सक्कथयंता, नेया जिट्ठा जहन्नियासन्ना ।
स च्चिय इरिआवहिआसहिआ सक्कथयदंडेहिं ॥१५५॥
मज्झिमकणिट्ठिगेसा, मज्झिमविजेट्ठा उ होइ सा चेव ।
चेइयदंडयथुइएगसंगया, सव्वमज्झिमया ॥१५६॥
मज्झिमजेट्ठा स च्चिय, तिन्नि थुईओ सिलोयतियजुत्ता ।
उक्कोसकणिट्ठा पुण, स च्चिय सक्कत्थयाइजुया ॥१५७॥
थुइजुयलजुयलएणं, दुगुणियचेइयथयाइदंडा जा।
सा उक्कोसविजेट्ठा, निद्दिट्ठा पुव्वसूरीहिं ॥१५८॥
थोत्तपणिवायदंडगपणिहाणतिगेण संजुआ एसा ।
संपुन्ना विन्नेया, जेट्ठा उक्कोसिया नाम ॥१५९॥

*- श्रीशांतिसूरिविरचितचेइयवंदणमहाभासं।*

૨. ઉ.માનવિજયજી રચિત ધર્મસંગ્રહમાં મધ્યમઉત્કૃષ્ટ વંદના આ રીતે બતાવી છે- ઈરિયા૦ + નમસ્કાર + નમુ૦ + ૪ થોય + નમુ૦



૭) ઉત્કૃષ્ટજઘન્યવંદના = ઈરિયા૦ + નમસ્કાર + નમુ૦ + ૪ થોય + નમુ૦ થી જયવીયરાય.
૮) ઉત્કૃષ્ટમધ્યમવંદના = ૮ થોયનું દેવવંદન. (દા.ત. નંદિનું દેવવંદન)
૯) ઉત્કૃષ્ટઉત્કૃષ્ટવંદના = વર્તમાનમાં કરાતુ ૩ ચૈત્યવંદન, ૫ નમુ૦, બે વાર ૪ થોય વાળુ દેવવંદન.

અન્ય આચાર્યોના મતે ત્રણ પ્રકારની વંદના-

૧) જઘન્યવંદના :- એક નમુત્થુણં વડે
૨) મધ્યમવંદના :- બે કે ત્રણ નમુત્થુણં વડે.
૩) ઉત્કૃષ્ટવંદના :- ચાર કે પાંચ નમુત્થુણં વડે.

## દ્વાર ૬ઠ્ઠુ - પ્રણિપાત ૧

પ્રણિપાત :- બે હાથ, બે ઢીંચણ અને મસ્તક - આ પાંચ અંગ ભૂમિને અડાડવાપૂર્વક જે પ્રણામ કરવામાં આવે તે.

## દ્વાર ૭મુ - નમસ્કાર ૧

નમસ્કાર :- ૧, ૨, ૩ યાવત્ ૧૦૮ શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરવી. શ્લોકો ગંભીર અને પ્રશસ્ત અર્થવાળા બોલવા.

## દ્વાર ૮મુ - વર્ણ ૧,૬૪૭

વર્ણ એટલે અક્ષર. અક્ષરો ઓછા કે વધુ ન બોલાઈ જાય તેની કાળજી રાખવી.

શક્રસ્તવમાં સવ્વે તિવિહેણ વંદામિ સુધીના અક્ષર ગણવા.

નામસ્તવના વર્ણ લોગસ્સ સૂત્ર અને સવ્વલોએ એ ચાર અક્ષર સહિત જાણવા.

શ્રુતસ્તવના વર્ણ પુક્ખરવરદી સૂત્ર અને સુઅસ્સ ભગવઓ એ ૭ અક્ષર સહિત જાણવા.

સિદ્ધસ્તવના વર્ણ સમ્મદિટ્ઠિસમાહિગરાણં સુધીના ગણવા.

જયવીયરાયમાં આભવમખંડા સુધીની બે જ ગાથાના અક્ષર ગણવા.

ઈરિયાવહિમાં ઈચ્છામિ પડિક્કમિઉં થી ઠામિ કાઉસ્સગ્ગં સુધીના અક્ષર ગણવા. ક્યા સૂત્રમાં કેટલા અક્ષર છે તે નીચેના કોષ્ઠકમાં જણાવ્યું છે.

## દ્વાર ૯મુ - પદ ૧૮૧

પદ = ૧ લીટી = ગાથાનો ચોથો ભાગ.

સવ્વલોએ, સુઅસ્સ ભગવઓ, વેયાવચ્ચગરાણં, સંતિગરાણં, સમ્મદિટ્ઠિસમાહિગરાણં, ઈચ્છામિ ખમા૦, ત્રણ પ્રણિધાન સૂત્રો અને જે અ અઈયા સિદ્ધા૦ ગાથા ના પદો અને સંપદાઓ- આ સર્વ પદો અને સંપદાઓની ગણના કરી નથી. ક્યા સૂત્રમાં કેટલા પદ છે તે નીચેના કોષ્ઠકમાં જણાવ્યું છે.

| સૂત્રનું નામ | વર્ણ | પદ | સંપદા | જોડાક્ષર |
|---|---|---|---|---|
| પંચમંગલમહાશ્રુતસ્કંધ (નવકાર) | ૬૮ | ૯ | ૮ | ૭ |
| પ્રતિક્રમણ સૂત્ર(ઈરિયા૦,તસ્સ૦) | ૧૯૯ | ૩૨ | ૮ | ૨૪ |
| શક્રસ્તવ (નમુત્થુણં) | ૨૯૭ | ૩૩ | ૯ | ૩૩ |
| ચૈત્યસ્તવ (અરિહંત૦, અન્નત્થ) | ૨૨૯ | ૪૩ | ૮ | ૨૯ |
| નામસ્તવ (લોગસ્સ) | ૨૬૦ | ૨૮ | ૨૮ | ૨૮ |
| શ્રુતસ્તવ (પુક્ખરવરદી) | ૨૧૬ | ૧૬ | ૧૬ | ૩૪ |
| સિદ્ધસ્તવ (સિદ્ધાણં૦) | ૧૯૮ | ૨૦ | ૨૦ | ૩૧ |
| પ્રણિધાનસૂત્ર { જાવંતિ ચેઈયાઈં૦ | ૩૫ | - | - | ૩ |
| પ્રણિધાનસૂત્ર { જાવંત કે વિ સાહુ | ૩૮ | - | - | ૧ |
| પ્રણિધાનસૂત્ર { જયવીયરાય | ૭૯ | - | - | ૮ |
| પ્રણિપાતસૂત્ર (ઈચ્છામિ ખમા૦) | ૨૮ | - | - | ૩ |
| કુલ | ૧,૬૪૭ | ૧૮૧ | ૯૭ | ૨૦૧ |



## દ્વાર ૧૦મુ - સંપદા ૯૭

સંપદા :- સૂત્ર બોલતી વખતે સંપદા પૂરી થાય ત્યાં જરા અટકવુ.

### નવકારમાં સંપદાની વિચારણા

| | | પદ |
|---|---|---|
| ૧ લી સંપદા | નમો અરિહંતાણં ૧ | ૧ |
| ૨ જી સંપદા | નમો સિદ્ધાણં ૧ | ૧ |
| ૩ જી સંપદા | નમો આયરિયાણં ૧ | ૧ |
| ૪ થી સંપદા | નમો ઉવજ્ઝાયાણં ૧ | ૧ |
| ૫ મી સંપદા | નમો લોએ સવ્વસાહૂણં ૧ | ૧ |
| [1]૬ ટ્ઠી સંપદા | એસો પંચ નમુક્કારો ૧ | ૧ |
| ૭ મી સંપદા | સવ્વપાવપ્પણાસણો ૧ | ૧ |
| ૮ મી સંપદા | મંગલાણં ચ સવ્વેસિં ૧<br>પઢમં હવઈ મંગલં ૨ | ૨ |
| | કુલ | ૯ |

૧. કેટલાક આચાર્યો ૬ટ્ઠી, ૭મી, ૮મી સંપદા આ પ્રમાણે માને છે-

| | | પદ |
|---|---|---|
| ૬ટ્ઠી સંપદા | એસો પંચ નમુક્કારો ૧ | ૨ |
| | સવ્વપાવપ્પણાસણો ૨ | ૧ |
| ૭ મી સંપદા | મંગલાણં ચ સવ્વેસિં ૧ | ૧ |
| ૮ મી સંપદા | પઢમં હવઈ મંગલં ૧ | ૧ |

**अन्ये तु पर्यन्तवर्त्तिनीस्तिस्रः सम्पद एवं मन्यन्ते, यथा- 'एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो' इति षोडशाक्षरप्रमाणा षष्ठी सम्पत्, 'मंगलाणं च सव्वेसिं' इत्यष्टाक्षरघटिता सप्तमी सम्पत्, 'पढमं हवइ मंगलं' इति नवाक्षरनिष्पन्ना अष्टमी सम्पत्, यदुक्तं- 'अंतिमचूलाइ तियं सोलसअट्ठनवक्खरजुयं चेव। जो पढइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥'**

- પ્રવચન સારોદ્ધાર ગા.૭૯ ના વિવરણમાંથી

## ઈરિયાવહિયામાં સંપદાની વિચારણા

| | | સંપદાનું નામ | પદ |
|---|---|---|---|
| [1]૧લી સંપદા | ઈચ્છામિ ૧ પડિક્કમિઉં ૨ | અભ્યુપગમ | ૨ |
| ૨જી સંપદા | ઈરિયાવહિયાએ ૧ વિરાહણાએ ૨ | નિમિત્ત | ૨ |
| ૩જી સંપદા | ગમણાગમણે ૧ | સામાન્યહેતુ | ૧ |
| ૪થી સંપદા | પાણક્કમણે ૧ બીયક્કમણે ૨ હરિયક્કમણે ૩ ઓસા-ઉત્તિંગ પણગ-દગ-મટ્ટી-મક્કડા સંતાણા-સંકમણે ૪ | વિશેષ હેતુ | ૪ |
| ૫ મી સંપદા | જે મે જીવા વિરાહિયા ૧ | સંગ્રહ | ૧ |
| ૬ ટ્ઠી સંપદા | એગિંદિયા ૧ બેઈંદિયા ૨ તેઈંદિયા ૩ ચઉરિંદિયા ૪ પંચિંદિયા ૫ | જીવ | ૫ |

૧. પ્રવચનસારોદ્ધારમાં ઈરિયાવહીયામાં ૧ થી ૪ સંપદાની વિચારણામાં થોડો ફેરફાર છે જે નીચે મુજબ છે.

| | | પદ |
|---|---|---|
| ૧લી સંપદા | ઈચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ | ૪ |
| ૨જી સંપદા | ગમણાગમણે | ૧ |
| ૩જી સંપદા | પાણક્કમણે બીયક્કમાણે હરિયક્કમણે | ૩ |
| ૪થી સંપદા | ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે | ૧ |

**"एवं च 'इच्छामि पडिक्कमिउं' इत्याद्येका सम्पत्, द्वितीया 'गमणागमणे' इति, तृतीया 'पाणक्कमणे' इत्यादि, चतुर्थी ओसाउत्तिंग इत्यादि..."**

- પ્રવચન સારોદ્ધાર ગા૦ ૮૦ના વિવરણમાંથી

શ્રીદેવેન્દ્રસૂરિજીરચિત શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિ (વન્દારુવૃત્તિ)માં પણ ઈરિયાવહિયાની ૧ થી ૪ સંપદા આ જ પ્રમાણે કહી છે.



| | | સંપદાનું નામ | પદ |
|---|---|---|---|
| ૭ મી સંપદા | અભિહયા ૧ વત્તિયા ૨ લેસિયા ૩ સંઘાઈયા ૪ સંઘટ્ટિયા ૫ પરિયાવિયા ૬ કિલામિયા ૭ ઉદ્દવિયા ૮ ઠાણાઓ ઠાણં સંકામિયા ૯ જીવિયાઓ વવરોવિયા ૧૦ તસ્સ મિચ્છામિ દુક્કડં ૧૧ | વિરાધના | ૧૧ |
| ૮ મી સંપદા | તસ્સ ઉત્તરિકરણેણં ૧ પાયચ્છિત્તકરણેણં ૨ વિસોહિકરણેણં ૩ વિસલ્લિકરણેણં ૪ પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ૫ ઠામિ કાઉસ્સગ્ગં ૬ | પ્રતિક્રમણ | ૬ |
| | કુલ | ૩૨ | |

## નમુત્થુણં માં સંપદાની વિચારણા

| | સંપદાનું નામ | | પદ |
|---|---|---|---|
| ૧લી સંપદા | સ્તોતવ્ય | નમુત્થુણં અરિહંતાણં ૧ ભગવંતાણં ૨ | ૨ |
| ૨જી સંપદા | ઓઘ હેતુ | આઈગરાણં ૧ તિત્થયરાણં ૨ સયંસંબુદ્ધાણં ૩ | ૩ |
| ૩જી સંપદા | વિશેષ હેતુ | પુરિસુત્તમાણં ૧ પુરિસસીહાણં ૨ પુરિસવરપુંડરિઆણં ૩ પુરિસવરગંધહત્થિણં ૪ | ૪ |

| | સંપદાનું નામ | | પદ |
|---|---|---|---|
| ૪થી સંપદા | ઉપયોગ | લોગુત્તમાણં ૧ લોગનાહાણં ૨<br>લોગહિઆણં ૩ લોગપઈવાણં ૪<br>લોગપજ્જોઅગરાણં ૫ | ૫ |
| ૫મી સંપદા | તદ્ધેતુ | અભયદયાણં ૧ ચક્ખુદયાણં ૨<br>મગ્ગદયાણં ૩ સરણદયાણં ૪<br>બોહિદયાણં ૫ | ૫ |
| ૬ટ્ઠી સંપદા | સવિશેષોપયોગ | ધમ્મદયાણં ૧ ધમ્મદેસયાણં ૨<br>ધમ્મનાયગાણં ૩ ધમ્મસારહીણં ૪<br>ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ૫ | ૫ |
| ૭મી સંપદા | સ્વરૂપહેતુ | અપ્પડિહયવરનાણદંસણધરાણં ૧<br>વિયટ્ટછઉમાણં ૨ | ૨ |
| ૮મી સંપદા | નિજસમફલદ | જિણાણં જાવયાણં ૧<br>તિન્નાણં તારયાણં ૨<br>બુદ્ધાણં બોહયાણં ૩<br>મુત્તાણં મોઅગાણં ૪ | ૪ |
| ૯મી સંપદા | મોક્ષ | સવ્વણ્ણુણં સવ્વદરિસીણં ૧<br>સિવમયલમરુઅમણંતમક્ખયમવ્વા<br>બાહમપુણરાવિત્તિસિદ્ધિગઈનામધેયં<br>ઠાણં સંપત્તાણં ૨<br>નમો જિણાણં જિઅભયાણં ૩ | ૩ |
| | | કુલ | ૩૩ |



## અરિહંતચેઈયાણં માં સંપદાની વિચારણા

| | સંપદાનું નામ | | પદ |
|---|---|---|---|
| ૧લી સંપદા | અભ્યુપગમ | અરિહંત ચેઈયાણં ૧<br>કરેમિ કાઉસ્સગ્ગં ૨ | ૨ |
| ૨જી સંપદા | નિમિત્ત | વંદણવત્તિઆએ ૧<br>પૂઅણવત્તિઆએ ૨<br>સક્કારવત્તિઆએ ૩<br>સમ્માણવત્તિઆએ ૪<br>બોહિલાભવત્તિઆએ ૫<br>નિરુવસગ્ગવત્તિઆએ ૬ | ૬ |
| ૩જી સંપદા | હેતુ | સદ્ધાએ ૧ મેહાએ ૨<br>ધિઈએ ૩ ધારણાએ ૪<br>અણુપ્પેહાએ ૫ વઢ્ઢમાણીએ ૬<br>ઠામિ કાઉસ્સગ્ગં ૭ | ૭ |
| ૪થી સંપદા | એકવચનાંત આગાર | અન્નત્થ ઉસસિએણં ૧<br>નિસસિએણં ૨ ખાસિએણં ૩<br>છિએણં ૪ જંભાઈએણં ૫<br>ઉડ્ડુએણં ૬ વાયનિસગ્ગેણં ૭<br>ભમલિએ ૮ પિત્ત-મુચ્છાએ ૯ | ૯ |
| ૫ મી સંપદા | બહુવચનાંત આગાર | સુહુમેહિં અંગસંચાલેહિં ૧<br>સુહુમેહિં ખેલસંચાલેહિં ૨<br>સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૩ | ૩ |
| ૬ ટ્ઠી સંપદા | આગંતુક આગાર | એવમાઈએહિં ૧ આગારેહિં ૨<br>અભગ્ગો ૩ અવિરાહિઓ ૪<br>હુજ્જ મે ૫ કાઉસ્સગ્ગો ૬ | ૬ |

|  | સંપદાનું નામ |  | પદ |
|---|---|---|---|
| ૭ મી સંપદા | કાઉસ્સગ્ગ | જાવ અરિહંતાણં ૧ ભગવંતાણં ૨ નમુક્કારેણં ૩ ન પારેમિ ૪ | ૪ |
| ૮ મી સંપદા | સ્વરૂપ | તાવ કાયં ૧ ઠાણેણં ૨ મોણેણં ૩ ઝાણેણં ૪ અપ્પાણં ૫ વોસિરામિ ૬ | ૬ |
|  |  | કુલ | ૪૩ |

નામસ્તવ, શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવમાં દરેક ગાથાનું એકેક ચરણ તે એકેક પદ અને એકેક સંપદારૂપ છે. નામસ્તવમાં ૭ ગાથા છે, તેથી ૨૮ પદ અને ૨૮ સંપદા છે. શ્રુતસ્તવમાં ૪ ગાથા છે, તેથી ૧૬ પદ અને ૧૬ સંપદા છે. સિદ્ધસ્તવમાં ૫ ગાથા છે, તેથી ૨૦ પદ અને ૨૦ સંપદા છે.

### જોડાક્ષર સંબંધી મતાંતરો

૧) નવકારમાં 'પ્પણાસણો' ની બદલે 'પણાસણો' કહે, તેથી ૭ ની બદલે ૬ જોડાક્ષરો થાય.[A]

૨) ઈરિયાહિયામાં 'ઠાણાઓ ઠાણં' ની બદલે 'ઠાણાઓ ટ્ઠાણં' કહે, તેથી ૨૪ ની બદલે ૨૫ જોડાક્ષર થાય.[B]

૩) નમુત્થુણ માં 'વિઅટ્ટછઉમાણં' ની બદલે 'વિઅટ્ટચ્છઉમાણં' કહે, તેથી ૩૩ ની બદલે ૩૪ જોડાક્ષર તાય.[C]

A. अन्ये तु 'पणासणो'त्ति पस्य लघुत्वात् षट् गुरुन् भणंति, आह च - छक्कूण सेस लहुआ नवकारे अक्खर दुसट्ठत्ति । - ચૈત્યવંદનભાષ્યની ટીકા
अन्ये तु 'पणासणो' इति पस्य लघुत्वात् षड् गुरुन् भणन्ति ।-ચૈત્યવંદનભાષ્યની અવચૂરિ

B. केचित् 'ठाणाओ ट्ठाणं' ति पञ्चविंशतितमं भणंति । - ચૈત્યવંદનભાષ્યટીકા
केचित् 'ठाणाओ ट्ठाणं' इति पञ्चविंशतितमं भणंति । - ચૈત્યવંદનભાષ્યઅવચૂરિ.

C. केचिच्चतुस्त्रिंशत्तमं विअट्टच्छउमेत्ति च्छकारं मन्यन्ते । - ચૈત્યવંદનભાષ્યટીકા
केचिच्चतुस्त्रिंशत्तमं 'वियट्टच्छउमा' इति च्छकारं मन्यन्ते । - ચૈત્યવંદનભાષ્યઅવચૂરિ



૪) ચૈત્યસ્તવ દંડકમાં 'કાઉસ્સગ્ગ' ની બદલે 'કાઉસગ્ગ' કહે. એ શબ્દ ૩ વાર આવે છે. તેથી ૨૯ ની બદલે ૨૬ જોડાક્ષર થાય.[A]

૫) લોગસ્સમાં 'ચઉવિસંપિ' ની બદલે 'ચઉવ્વીસંપિ' કહે, તેથી ૨૮ ની બદલે ૨૯ જોડાક્ષર થાય.[B]

૬) પુક્ખરવરદી માં 'દેવંનાગ' ની બદલે 'દેવન્નાગ' કહે, તેથી ૩૪ ની બદલે ૩૫ જોડાક્ષર થાય.[C]

### દ્વાર ૧૧મુ - દંડક ૫

(૧) શક્રસ્તવ (નમુત્થુણં), (૨) ચૈત્યસ્તવ (અરહિંત ચેઈઆણં),

(૩) નામસ્તવ (લોગસ્સ), (૪) શ્રુતસ્તવ (પુક્ખરવરદી૦),

(૫) સિદ્ધસ્તવ (સિદ્ધાણં). - આ પાંચ દંડક સૂત્ર છે.

### દ્વાર ૧૨મુ - અધિકાર ૧૨

|  |  |  |
|---|---|---|
| શક્રસ્તવમાં | ૨ | અધિકાર |
| ચૈત્યસ્તવમાં | ૧ | અધિકાર |
| નામસ્તવમાં | ૨ | અધિકાર |
| શ્રુતસ્તવમાં | ૨ | અધિકાર |
| સિદ્ધસ્તવમાં | ૫ | અધિકાર |
| કુલ | ૧૨ | અધિકાર |

અધિકાર ૧ :- નમુત્થુણંથી નમો જિણાણં જિઅભયાણં સુધી [D]ભાવજિનની વંદનાનો અધિકાર છે.

A. एके तु काउसग्गेत्यत्र सकारस्य लघुत्वं मन्वानाः षड्विंशतिं भणन्ति । - ચૈત્યવંદનભાષ્યટીકા
एके तु 'काउसग्ग' इत्यत्र सकार ३ लघुत्वं मन्वानाः षड्विंशतिं भणन्ति । - ચૈત્યવંદનભાષ્ય અવચૂરિ

B. अपरे तु चउव्वीसंपि केवलीत्येकोनत्रिंशं पठन्ति । - ચૈત્યવંદનભાષ્યટીકા
अपरे तु 'चउव्वीसंपि केवली' इत्येकोनत्रिंशं पठन्ति । - ચૈત્યવંદનભાષ્યઅવચૂરિ

C. इतरे तु देवन्नागेति पञ्चत्रिंशद् वदन्ति । - ચૈત્યવંદનભાષ્યટીકા
अन्ये तु 'देवन्नाग' इति पञ्चत्रिंशतं वदन्ति । - ચૈત્યવંદનભાષ્યઅવચૂરિ

D. ભાવજિન વગેરેની સમજણ દ્વાર ૧૫ માં આપેલી છે.

અધિકાર ૨ :- નમુત્થુણંની છેલ્લી ગાથામાં દ્રવ્યજિનની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૩ :- અરિહંત ચેઈઆણંથી પહેલી થોય સુધી સ્થાપનાજિનની વંદનાનો અધિકાર છે. દેરાસરમાં રહેલી સર્વ જિનપ્રતિમાઓને આ સૂત્રથી વંદના થાય છે.

અધિકાર ૪ :- લોગસ્સમાં નામજિનની વંદનાનો અધિકાર છે. એમાં વર્તમાન અવસર્પિણીના ૨૪ જિનેશ્વરોના નામની સ્તવના છે.

અધિકાર ૫ :- સવ્વલોએ અરિહંત ચેઈઆણંથી બીજી થોય સુધી ત્રણે લોકમાં રહેલા સર્વ જિનમંદિરોમાં રહેલી સર્વ જિનપ્રતિમાઓની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૬ :- પુક્ખરવરદીની પહેલી ગાથામાં ૨૦ વિહરમાનજિનની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૭ :- પુક્ખરવરદીની બીજી ગાથાથી ત્રીજી થોય સુધી શ્રુતજ્ઞાનની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૮ :- સિદ્ધાણંની પહેલી ગાથામાં સિદ્ધ ભગવંતોની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૯ :- સિદ્ધાણંની ૨જી, ૩જી ગાથામાં શાસનપતિ વીરપ્રભુની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૧૦ :- સિદ્ધાણંની ૪ થી ગાથામાં નેમિનાથ ભગવાનની વંદનાનો અધિકાર છે.

અધિકાર ૧૧ :- સિદ્ધાણંની છેલ્લી ગાથામાં અષ્ટાપદાદિ તીર્થોની તથા ❐ભિન્ન ભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરોની સ્તવનાનો અધિકાર છે.

અધિકાર ૧૨ :- વેયાવચ્ચગરાણંથી ૪ થી થોય સુધી સંઘની વૈયાવચ્ચ કરનાર સમ્યગ્દષ્ટિ દેવના સ્મરણનો અધિકાર છે.

આમાંથી ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨ - આ નવ અધિકારો

❐. જુઓ પરિશિષ્ટ ૧.



લલિતવિસ્તરાવૃત્તિને અનુસારે કહ્યા છે. શેષ ત્રણ-૨, ૧૦, ૧૧ અધિકારો ગીતાર્થ પૂર્વાચાર્યોની પરંપરાને આશ્રીને કહ્યા છે.

આવશ્યકચૂર્ણિમાં પ્રતિક્રમણ અધ્યયનમાં કહ્યું છે કે 'બાકીના અધિકારો ઈચ્છાપૂર્વક સમજવાના છે.' તેથી ૧૦ મો અને ૧૧ મો અધિકાર પણ શ્રુતસમ્મત જ છે.

આવશ્યકચૂર્ણિમાં જ શ્રુતસ્તવની પ્રથમ ગાથાના વિવરણમાં બીજો અધિકાર પણ અર્થથી વર્ણવ્યો છે. ભાવ અરિહંતની વંદના પછી દ્રવ્ય અરિહંતની વંદના ક્રમપ્રાપ્ત હોવાથી તે નમુત્થુણંને અંતે કહ્યો છે.

જે આચરણા નિર્દોષ હોય, અશઠ ગીતાર્થ પુરુષોએ આચરેલી હોય અને નિવારી ન હોય તેવી આચરણાને મધ્યસ્થ પુરુષો 'આચરણા પણ તીર્થંકરપ્રભુની આજ્ઞા જ છે.' એવા શાસ્ત્રવચનાનુસારે બહુમાનસહિત આદરે છે.

### દ્વાર ૧૩મુ - વંદનીય ૪

| | |
|---|---|
| ૧) જિનેશ્વર ભગવંતો | ૨) સિદ્ધ ભગવંતો |
| ૩) સાધુ ભગવંતો | ૪) શ્રુતજ્ઞાન |

આ ચાર વંદન કરવા યોગ્ય છે.

### દ્વાર ૧૪મુ - સ્મરણીય ૧

સંઘની રક્ષા, શાસનની સેવા કરતા હોવાથી અને સમ્યગ્દષ્ટિ હોવાથી શાસનદેવતા સ્મરણીય છે.

### દ્વાર ૧૫મુ - જિનેશ્વર ૪

૧) નામજિન :- જિનેશ્વર ભગવાનનું નામ એ નામજિન છે.

૨) સ્થાપનાજિન :- જિનેશ્વર ભગવાનની પ્રતિમા એ સ્થાપનાજિન છે.

૩) દ્રવ્યજિન :- જિનેશ્વરપણાની પૂર્વેની અવસ્થામાં રહેલા અને સિદ્ધાવસ્થામાં રહેલા જિનેશ્વરના જીવો એ દ્રવ્યજિન છે.

૪) ભાવજિન :- વર્તમાનકાળે સદેહે વિચરતા, સમવસરણમાં બીરાજતા, દેશના આપતા જિનેશ્વર એ ભાવજિન છે.

## દ્વાર ૧૬મુ - થોય ૪

પહેલી થોય :- જેની સ્તુતિ કરવાની હોય તે એક મુખ્ય તીર્થંકર પ્રભુની હોય છે.

બીજી થોય :- અનેક જિનેશ્વર ભગવંતોની હોય છે.

ત્રીજી થોય :- શ્રુતજ્ઞાનની હોય છે.

ચોથી થોય :- શાસનદેવતાની હોય છે.

## દ્વાર ૧૭મુ - નિમિત્ત ૮

નિમિત્ત = પ્રયોજન

અહીં કાઉસ્સગ્ગ કરવાના આઠ નિમિત્તો કહે છે.-

૧) પાપ કર્મોના નાશ માટે :- ઈરિયાવહિયામાં એક લોગસ્સનો કાઉસ્સગ્ગ પાપ કર્મોના નાશ માટે કરવાનો હોય છે.

૨) વંદનથી થતા લાભની પ્રાપ્તિ માટે.

૩) પૂજનથી થતા લાભની પ્રાપ્તિ માટે.

૪) સત્કારથી થતા લાભની પ્રાપ્તિ માટે.

૫) સન્માનથી થતા લાભની પ્રાપ્તિ માટે.

૬) બોધિ (સમ્યક્ત્વ) ના લાભ માટે.

૭) મોક્ષના લાભ માટે :- અરિહંત ચેઈયાણં પછીનો કાઉસ્સગ્ગ આ ૬ પ્રયોજનથી થાય છે.

૮) શાસનદેવતાના સ્મરણ માટે :- વેયાવચ્ચગરાણં પછીનો કાઉસ્સગ્ગ આ પ્રયોજનથી થાય છે.

## દ્વાર ૧૮મુ - હેતુ ૧૨

હેતુ = સાધન

અહીં કાઉસ્સગ્ગ કરવાના ૧૨ હેતુ બતાવે છે. અર્થાત્ કાઉસ્સગ્ગ કેવી રીતે કરવો તે જણાવે છે.

૧) પાપને વધારે શુદ્ધ કરવા વડે.



૨) પ્રાયશ્ચિત્ત કરવા વડે.

૩) વિશુદ્ધિ કરવા વડે.

૪) શલ્યરહિત બનવા વડે.

૫) શ્રદ્ધા વડે.

૬) બુદ્ધિ વડે.

૭) ધીરજ વડે (સ્થિરતા પૂર્વક)

૮) ધારણા વડે.

૯) અનુપ્રેક્ષા - ચિંતન વડે

૧૦) વૈયાવચ્ચ કરનાર સમ્યગ્દૃષ્ટિ દેવતાનું સ્મરણ કરવા વડે.

૧૧) રોગ-ઉપદ્રવને શાંત કરનાર સમ્યગ્દૃષ્ટિ દેવતાનું સ્મરણ કરવા વડે.

૧૨) સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ આપનાર સમ્યગ્દૃષ્ટિ દેવતાનું સ્મરણ કરવા વડે.

આમાં પ્રથમ ચાર હેતુઓ ઈરિયાવહિયાના કાઉસ્સગ્ગના સાધન છે.

પછીના પાંચ હેતુઓ અરિહંત ચેઈયાણંના કાઉસ્સગ્ગના સાધન છે.

છેલ્લા ૩ હેતુઓ શાસન દેવતાના કાઉસ્સગ્ગના સાધન છે.

## દ્વાર ૧૯મુ - આગાર ૧૬

આગાર = અપવાદ = છૂટ

કાઉસ્સગ્ગમાં આપવામાં આવતી છૂટને આગાર કહેવાય. એવા ૧૬ આગાર છે. આ ૧૬ થી કાઉસ્સગ્ગ ન ભાંગે. તે સિવાય બીજુ કંઈ પણ કરવાથી કાઉસ્સગ્ગ ભાંગે.

૧) શ્વાસ લેવો. ૨) શ્વાસ મૂકવો.

૩) ખાંસી ખાવી. ૪) છીંક ખાવી.

૫) બગાસુ આવવુ. ૬) ઓડકાર આવવો.

૭) વાછૂટ થવી. ૮) ચક્કર આવવા.

૯) ઉલ્ટી થવી. ૧૦) સૂક્ષ્મ શરીર હાલવુ.

૧૧) સૂક્ષ્મ કફ હાલવો.           ૧૨) સૂક્ષ્મ દૃષ્ટિ હાલવી.

૧૩) અગ્નિ (ઉજઈ) નો સ્પર્શ થવો.

૧૪) મનુષ્ય, બિલાડી વગેરે પંચેદ્રિય જીવો આડા ઉતરતા હોય.

૧૫) ચોર, સ્વરાષ્ટ્ર, પરરાષ્ટ્ર રાજા વગેરેનો ભય હોય.

૧૬) સ્વ કે પરને સાપે ડંશ દીધો હોય અથવા દેવાની સંભાવના હોય.

કાઉસ્સગ્ગમાં પ્રથમ ૧૨ આગાર કરવાથી કાઉસ્સગ્ગ ભાંગે નહી. અંતિમ ચાર આગાર વખતે અન્ય સ્થાને જવા છતા કાઉસ્સગ્ગ ન ભાંગે.

## દ્વાર ૨૦મુ - કાઉસ્સગ્ગના દોષ ૧૯

(૧) ઘોટક :- ઘોડાની જેમ પગ આગળ-પાછળ કે ઉંચો-નીચો રાખે.

(૨) લતા :- વેલડીની જેમ શરીર ધ્રુણાવે.

(૩) સ્તંભાદિ :- થાંભલા, ભીંત વગેરેને ટેકો દેવો.

(૪) માળ :- માળ કે મેડીને માથુ લગાડીને ઉભો રહે.

(૫) ઉદ્ધિ :- ગાડાની ઉધની જેમ પગની પાની ભેગી રાખે અને અંગુઠા પહોળા રાખે અથવા અંગુઠા ભેગા રાખે અને પગની પાની પહોળી રાખે.

(૬) નિગડ :- બેડીમાં બંધાયેલાની જેમ બે પગ પહોળા રાખે અથવા ભેગા રાખે.

(૭) શબરી :- ભીલડીની જેમ ગુહ્ય સ્થાને બે હાથ રાખવા.

(૮) ખલિણ :- ઘોડાની લગામની જેમ ઓઘાની કે ચરવળાની દશી આગળ અને દાંડી પાછળ રાખે.

(૯) વધૂ :- વહુની જેમ માથુ નીચે રાખે.

(૧૦) લંબુત્તર :- ચોલપટ્ટો અવિધિથી નાભીની ઉપર અને ઢીંચણની નીચે સુધી પહેરે.

(૧૧) સ્તન :- મચ્છર, ડાંસ વગેરેના ભયથી કે અજ્ઞાનથી છાતી ઉપર કપડુ ઓઢે.

(૧૨) સંયતી :- સાધ્વીજીની જેમ આખુ શરીર ઢાંકે.



(૧૩) ભ્રમિતાંગુલી :- નવકારાદિ ગણવા આંગળી કે આંખની ભમર હલાવે.

(૧૪) વાયસ :- કાગડાની જેમ ડોળા ફેરવે.

(૧૫) કવિટ્ઠ :- પહેરેલુ વસ્ત્ર બગડી જવાના ભયથી કે ભમરી વગેરેના ભયથી વસ્ત્રને કોઠાના ફળની જેમ ગોળ ડુચો કરી બે પગની વચ્ચે ભરાવી રાખે.

(૧૬) શિરકંપ :- ભૂત ભરાયાની જેમ માથુ ધુણાવ્યા કરે.

(૧૭) મૂક :- કોઈ આડુ ઉતરતુ હોય તો મૂંગાની જેમ હું, હું અવાજ કરે.

(૧૮) વારુણી :- દારુ પાકે ત્યારે જેમ 'બુડ, બુડ' અવાજ થાય તેમ કાઉસ્સગ્ગમાં બડબડાટ કરવો.

(૧૯) પ્રેક્ષા :- વાંદરાની જેમ આડુઅવળુ જોતો જાય અને હોઠ હલાવે.

લંબુત્તર, સ્તન અને સંયતી એ ત્રણ દોષ સાધ્વીજીને ન હોય. લંબુત્તર, સ્તન, સંયતી અને વધૂ આ ચાર દોષ શ્રાવિકાને ન હોય. કાઉસ્સગ્ગ કરતી વખતે ઉપરોક્ત દોષો ટાળવા.[1]

## દ્વાર ૨૧મુ - કાઉસ્સગ્ગનું પ્રમાણ

ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ ૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ છે.

અહીં એક પદ = ૧ શ્વાસોચ્છ્વાસ સમજવો. **'पायसमा उस्सासा'** એ વચનથી. એટલે ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ ૧ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો. ચૈત્યવંદનના શેષ બધા કાઉસ્સગ્ગ ૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ હોય છે. ત્યાં એક સંપદા = ૧ શ્વાસોચ્છ્વાસ જાણવો. એટલે શેષ કાઉસ્સગ્ગ ૧ નવકારના કરવા.

---

૧. 'ચેઈયવંદણમહાભાસ' માં ભીંતને ટેકો દેવાનો કુડ્ય દોષ જુદો કહ્યો છે, અને ભમર અને આંગળી હલાવવાના બે દોષ જુદા જુદા કહ્યા છે, તેથી ૨૧ દોષ પણ થાય છે.

**घोडग १ लया २ य खंभे ३ कुड्डे ४ माले य ५ सबरि ६ वहु ७ नियले ८ ।**
**लंबुत्तर ९ थण १० उद्धी ११, संजय १२ खलिणे य १३ वायस १४ कविट्ठे १५ ॥४७८॥**
**सीसोकंपिय १६ मूई १७ अंगुलि १८ भमुहा य १९ वारुणी २० पेहा २१ ।**
**- चेइयवंदणमहाभास ।**

## દ્વાર ૨૨મુ - સ્તવન

વૈરાગ્ય જગાડે તેવુ, મહાન અર્થવાળુ, ગંભીર, આત્માના દોષોને અને ભગવાનના ગુણોને પ્રગટ કરતુ સ્તવન મધુર સ્વરે અને એકાગ્રચિત્તે બોલવુ.

## દ્વાર ૨૩મુ - ચૈત્યવંદન ૭

સાધુએ કરવાના ૭ ચૈત્યવંદન

(૧) સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિનું
(૨) સવારના પ્રતિક્રમણમાં વિશાલલોચનનું.
(૩) દેરાસરમાં પ્રભુજીની સન્મુખ ચૈત્યવંદન કરે તે.
(૪) પચ્ચક્ખાણ પારતી વખતે જગચિંતામણિનું.
(૫) વાપર્યા પછી જગચિંતામણિનું
(૬) સાંજના પ્રતિક્રમણમાં નમોસ્તુનું.
(૭) સંથારા પોરિસી ભણાવતી વખતે ચઉક્કસાયનું.

સામાન્યથી સાધુએ દરરોજ ૭ ચૈત્યવંદન કરવાના હોય છે. તિવિહાર ઉપવાસ કરનારે વાપર્યા પછીનું ચૈત્યવંદન કરવાનુ ન હોય, એટલે ૬ ચૈત્યવંદન થાય. ચોવિહાર ઉપવાસ કરનારે પચ્ચક્ખાણ પણ પારવાનું હોતુ નથી તેથી તેને ૫ ચૈત્યવંદન હોય.

શ્રાવકે કરવાના ૭ ચૈત્યવંદન

(૧) (૨) સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણીનું અને વિશાલલોચનનું
(૩) (૪) (૫) ત્રિકાળ દેવવંદનના ત્રણ
(૬) સાંજના પ્રતિક્રમણમાં નમોસ્તુનું.
(૭) મુનિ પાસે સંથારા પોરિસી સાંભળે ત્યારે ચઉક્કસાયનું.

આમ સામાન્યથી શ્રાવકે દરરોજ ૭ ચૈત્યવંદન કરવાના હોય છે. સવારનું પ્રતિક્રમણ નહી કરનારને ૫ ચૈત્યવંદન હોય છે. જઘન્યથી શ્રાવકને ત્રણ કાળના ત્રણ ચૈત્યવંદન હોય છે.



## દ્વાર ૨૪મુ - આશાતના ૧૦

(૧) દેરાસરમાં પાન ખાવું.
(૨) દેરાસરમાં પાણી પીવું.
(૩) દેરાસરમાં ભોજન કરવુ.
(૪) દેરાસરમાં પગરખા પહેરવા.
(૫) દેરાસરમાં મૈથુન સેવવુ.
(૬) દેરાસરમાં સુવુ.
(૭) દેરાસરમાં થુંકવુ.
(૮) દેરાસરમાં પેશાબ કરવો.
(૯) દેરાસરમાં ઝાડો કરવો.
(૧૦) દેરાસરમાં જુગાર રમવુ.

જિનાલયમાં આ દશ આશાતનાઓનો ત્યાગ કરવો.

## ચૈત્યવંદનની વિધિ

પ્રથમ એક ખમાસમણું દઈ, ઈરિયા૦ તસ્સ૦ અન્નત્થ કહી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાઉ૦ કરવો. પારીને પ્રગટ લોગસ્સ બોલવો. પછી ત્રણ ખમાસમણા દઈ, ચૈત્યવંદન બોલી જં કિંચિ૦ - નમુત્થુણં૦ બોલી અરિહંત૦ - અન્નત્થ૦ બોલી ૧ નવકારનો કાઉ૦ કરવો. પારીને ૧ થોય બોલવી. પછી લોગસ્સ-સવ્વલોએ અરિહંત૦-અન્નત્થ કહી ૧ નવકારનો કાઉ૦ કરવો. પારીને બીજી થોય બોલવી. પછી પુક્ખરવરદી વંદણ૦-અન્નત્થ૦ બોલી ૧ નવકારનો કાઉ૦ કરવો. પારીને ત્રીજી થોય બોલવી. પછી સિદ્ધાણં૦ - વેયાવચ્ચ૦-અન્નત્થ૦ બોલી ૧ નવકારનો કાઉ૦ કરવો. પારીને ચોથી થોય બોલવી. પછી નમુત્થુણં-જાવંતિ૦-ખમાસમણ - જાવંત૦-નમોઽર્હત્૦ કહી સ્તવન બોલવું. પછી જયવીયરાય બોલવું.

આ પ્રમાણે ૨૪ દ્વારોમાં બતાવેલી વાતો ઉપર શ્રદ્ધા રાખી તે મુજબ ચૈત્ય અને જિનપ્રતિમાના દર્શન, વંદન, પૂજન, ભક્તિ વગેરે જે આત્મા કરશે તે આત્મા જલદીથી ભવનો પાર પામી મોક્ષ પામશે.

# શ્રીચૈત્યવંદનભાષ્ય

(મૂળ ગાથા અને ગાથાર્થ)

વંદિત્તુ વંદણિજ્જે, સવ્વે ચિઇવંદણાઇસુવિયારં ।
બહુ-વિત્તિ-ભાસ-ચુણ્ણી-સુયાણુસારેણ વુચ્છામિ ॥૧॥

વંદન કરવા યોગ્ય સર્વેને વંદન કરીને અનેક ટીકાઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને સૂત્રોને અનુસારે ચૈત્યવંદનાદિ સુવિચાર હું કહીશ. ૧

દહતિગ-અહિગમ-પણગં, દુદિસિ-તિહુગ્ગહ-તિહા ઉ વંદણયા।
પણિવાય-નમુક્કારા, વન્ના સોલ-સય-સીયાલા ॥૨॥

દશ ત્રિક, પાંચ અભિગમ, બે દિશી, ત્રણ પ્રકારના અવગ્રહ, ત્રણ પ્રકારની વંદના, પ્રણિપાત, નમસ્કાર, ૧૬૪૭ અક્ષર. ૨

ઇગસીઇસયં તુ પયા, સગનઉઈ સંપયા ઉ પણ દંડા, ।
બાર અહિગાર ચઉ વંદણિજ્જ, સરણિજ્જ ચઉહ જિણા ॥૩॥

૧૮૧ પદ, ૯૭ સંપદા, પાંચ દંડકસૂત્ર, બાર અધિકાર, ચાર વંદનીય, ૧ સ્મરણીય, ૪ પ્રકારના જિનેશ્વર. ૩

ચઉરો થુઈ નિમિત્તટ્ઠ, બાર હેઊ અ સોલ આગારા ।
ગુણવીસ દોસ ઉસ્સગ્ગ-માણ થુત્તં ચ સગવેલા ॥૪॥

ચાર થોય, આઠ નિમિત્ત, બાર હેતુ, સોળ આગાર, ૧૯ દોષ, કાઉસ્સગ્ગનું પ્રમાણ, સ્તવન, સાત વાર ચૈત્યવંદન. ૪

દસ આસાયણ-ચાઓ, સવ્વે ચિઇવંદણાઈ ઠાણાઇં ।
ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા ॥૫॥

દશ આશાતનાઓનો ત્યાગ. આમ ૨૪ દ્વારોમાં ચૈત્યવંદનના સર્વ મળીને ૨૦૭૪ સ્થાન થયા. ૫

તિન્નિ નિસીહી તિન્નિ ઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા
તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ ॥૬॥

દશ ત્રિક આ પ્રમાણે છે - ૩ નિસીહિ, ૩ પ્રદક્ષિણા, ૩ પ્રણામ, ૩ પ્રકારની પૂજા, ૩ અવસ્થાની ભાવના. ૬



તિદિસિ-નિરિક્ખણ-વિરઈ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્ખુત્તો ।
વન્નાઇ-તિયં મુદ્દા-તિયં ચ, તિવિહં ચ પણિહાણં ॥૭॥

૩ દિશામાં જોવાનો ત્યાગ, પગ આસપાસની ભૂમિનું ૩ વાર પ્રમાર્જન, અક્ષર વગેરે ૩ પ્રકારના આલંબન, ૩ પ્રકારની મુદ્રા, ૩ પ્રકારનું પ્રણિધાન. ૭

ઘર-જિણહર-જિણપૂયા, વાવારચ્ચાયઓ નિસીહિ-તિગં ।
અગ્ગ-દ્દારે મજ્ઝે, તઇયા ચિઇ-વંદણા-સમએ ॥૮॥

નિસીહિ - દેરાસરના અગ્રદ્વારમાં, દેરાસરની મધ્યમાં અને ચૈત્યવંદન વખતે અનુક્રમે ઘર, દેરાસર અને જિનપૂજાના વ્યાપારનો ત્યાગ કરવા માટે ૩ નિસીહિ કરવામાં આવે છે. ૮

અંજલિબદ્ધો અદ્ધોણઓ અ પંચંગઓ અ તિ પણામા ।
સવ્વત્થ વા તિવારં સિરાઇ-નમણે પણામ-તિયં ॥૯॥

અંજલિબદ્ધ, અર્ધાવનત અને પંચાંગ - આ ૩ પ્રણામ છે. અથવા સર્વત્ર ૩ વાર મસ્તક વગેરે નમાવવાથી ૩ પ્રકારના પ્રણામ થાય છે. ૯

અંગગ્ગભાવ-ભેયા, પુપ્ફાહારથુઈહિં પૂયતિગં ।
પંચુવયારા અટ્ઠોવયાર સવ્વોવયારા વા ॥૧૦॥

પુષ્પો વડે, આહાર વડે અને સ્તુતિ વડે અનુક્રમે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજારૂપ ત્રણ પૂજા થાય છે. અથવા ૫ પ્રકારની, ૮ પ્રકારની અને સર્વપ્રકારની એમ ત્રણ પ્રકારની પૂજા છે. ૧૦

ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં ।
છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ॥૧૧॥

ભગવાનની પિંડસ્થ, પદસ્થ અને રૂપરહિત - એ ત્રણ અવસ્થા ભાવવી. છદ્મસ્થપણુ, કેવલિપણુ અને સિદ્ધપણુ એ અનુક્રમે તેના અર્થ છે.૧૧

ન્હવણચ્ચગેહિં છઉમત્થ, વત્થ પડિહારગેહિં કેવલિયં ।
પલિયંકુસ્સગ્ગેહિ અ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥

ભગવાનના સ્નાન અને પૂજા કરનારાઓ વડે છદ્મસ્થ અવસ્થા ભાવવી, પ્રાતિહાર્યો વડે કેવલિ અવસ્થા ભાવવી અને પર્યંકાસન અને કાઉસ્સગ્ગ વડે સિદ્ધાવસ્થા ભાવવી. ૧૨

ઉઙ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઇજ્જહવા ।
પચ્છિમ-દાહિણ-વામાણ, જિણમુહન્નત્થ-દિટ્ઠિ-જુઓ ॥૧૩॥

ભગવાનના મુખ ઉપર જ દૃષ્ટિ રાખીને ઉપર, નીચે અને આજુબાજુ - આ ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરવો. અથવા પાછળ, જમણે અને ડાબે જોવાનો ત્યાગ કરવો. ૧૩

વન્નતિયં વન્નત્થા - લંબણમાલંબણં તુ પડિમાઇ ।
જોગ-જિણ-મુત્તસુત્તી, મુદ્દાભેએણ મુદ્દતિયં ॥૧૪॥

અક્ષર વગેરે આલંબન ત્રિક- અક્ષરનું આલંબન, અર્થનું આલંબન અને મૂર્તિનું આલંબન. યોગમુદ્રા, જિનમુદ્રા અને મુક્તાશુક્તિ મુદ્રાના ભેદથી મુદ્રાત્રિક છે. ૧૪

અન્નુન્નંતરિઅંગુલિ-કોસાગારેહિ દોહિં હત્થેહિં ।
પિટ્ટોવરિ કુપ્પર, સંઠિએહિં તહ જોગમુદ્દત્તિ ॥૧૫॥

પરસ્પર આંગળીના આંતરામાં આંગળીઓ ભરાવી કમળના કોશના આકારે બનાવી બે હાથ કોણીથી પેટ પર સ્થાપિત કરવા તે યોગમુદ્રા છે. ૧૫

ચત્તારિ અંગુલાઇં, પુરઓ ઊણાઇં જત્થ પચ્છિમઓ ।
પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઇ જિણમુદ્દા ॥૧૬॥

બે પગ સીધા રાખી આગળથી ચાર આંગળનું અંતર રાખવુ તે જિનમુદ્રા છે. ૧૬

મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા ।
તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ ॥૧૭॥

જેમાં બે હાથ સરખા અને પોલા રાખી કપાળે અડાડવામાં આવે તે મુક્તાશુક્તિ મુદ્રા છે. કેટલાક એમ કહે છે કે કપાળે ન અડાડવા. ૧૭



પંચંગો પણિવાઓ, થયપાઢો હોઇ જોગમુદ્દાએ ।
વંદણ જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ ॥૧૮॥

પ્રણિપાત (ખમાસમણુ) પંચાંગ હોય છે, સ્તવપાઠ યોગમુદ્રામાં કરાય છે, વંદન જિનમુદ્રામાં કરાય છે અને પ્રણિધાન મુક્તાશુક્તિમુદ્રામાં કરાય છે. ૧૮

પણિહાણતિગં ચેઇઅ-મુણિવંદણ-પત્થણાસરૂવં વા ।
મણ-વય-કાએગત્તં, સેસ-તિયત્થો ય પયડુત્તિ ॥૧૯॥

પ્રણિધાન ત્રિક-ચૈત્યવંદન, મુનિવંદન અને પ્રાર્થના, અથવા મન-વચન-કાયાની એકાગ્રતા. શેષ ત્રિકોનો અર્થ સ્પષ્ટ છે. ૧૯

સચ્ચિત્તદવ્વમુજ્ઝણ - મચ્ચિત્તમણુજ્ઝણં મણેગત્તં ।
ઇગ-સાડિ ઉત્તરાસંગુ, અંજલી સિરસિ જિણદિટ્ઠે ॥૨૦॥

સચિત્ત વસ્તુનો ત્યાગ, અચિત્ત વસ્તુ રાખવી, મનની એકાગ્રતા એક શાટક ઉત્તરાસંગ અને ભગવાનનું મુખ દેખાતા જ મસ્તકે અંજલી કરવી. ૨૦

ઇઅ પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાયચિણ્હાઇં ।
ખગ્ગં છત્તોવાણહ, મઉડં ચમરે અ પંચમએ ॥૨૧॥

એ પાંચ પ્રકારનો અભિગમ છે. અથવા તલવાર, છત્ર, મોજડી, મુગટ અને ચામર- આ પાંચ રાજચિહ્નો છોડી દે. ૨૧

વંદંતિ જિણે દાહિણ-દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી ।
નવકર જહન્ન સટ્ઠિકર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો ॥૨૨॥

પુરુષ ભગવાનની જમણી બાજુ રહીને વંદન કરે અને બહેનો ભગવાનની ડાબી બાજુ રહીને વંદન કરે. જઘન્યથી ૯ હાથ, ઉત્કૃષ્ટથી ૬૦ હાથ અને વચ્ચેનો મધ્યમ અવગ્રહ જાણવો. ૨૨

નમુક્કારેણ જહન્ના, ચિઇવંદણ મજ્ઝ દંડ-થુઇ-જુઅલા ।
પણ દંડ-થુઇ-ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા ॥૨૩॥

નમસ્કારથી જઘન્ય ચૈત્યવંદન થાય છે, દંડકસૂત્ર અને થોયના જોડાથી

મધ્યમ ચૈત્યવંદન થાય છે અને પાંચ દંડકસૂત્ર, ૪ થોય, સ્તવન, પ્રણિધાન સૂત્રો વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે. ૨૩

અન્ને બિંતિ ઈગેણં, સક્ક-ત્થએણં જહન્નવંદણયા ।
તદ્દુગતિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિં વા ॥૨૪॥

બીજા એમ કહે છે કે એક નમુત્થુણં વડે જઘન્ય વંદના થાય, બે કે ત્રણ નમુત્થુણં વડે મધ્યમ વંદના થાય, ચાર કે પાંચ નમુત્થુણં વડે ઉત્કૃષ્ટ વંદના થાય. ૨૪

પણિવાઓ પંચંગો, દો જાણૂ કરદુગુત્તમંગં ચ ।
સુમહત્થ નમુક્કારા, ઈગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥

પ્રણિપાત - બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એમ પંચાંગ હોય છે. મહાન અર્થવાળી સ્તુતિઓ વડે ૧, ૨, ૩ યાવત્ ૧૦૮ નમસ્કાર થાય છે. ૨૫

અડસટ્ઠિ અટ્ઠવીસા, નવનઉયસયં ચ દુસય-સગનઉયા ।
દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉયસય દુવન્નસયં ॥૨૬॥

અડસઠ, અટ્ઠ્યાવીસ, એકસો નવ્વાણુ, બસો સત્તાણું, બસો ઓગણત્રીશ, બસો સાઈઠ, બસો સોળ, એકસો અટ્ઠાણુ, એકસો બાવન. ૨૬

ઈઅ નવકાર-ખમાસમણ, ઈરિઅ-સક્કત્થયાઈ દંડેસુ ।
પણિહાણેસુ અ અદુરુત્ત, વન્ન સોલસય સીયાલા ॥૨૭॥

એમ નવકાર, ખમાસમણ, ઈરિયાવહિયં, નમુત્થુણં વગેરે દંડકોમાં અને પ્રણિધાનસૂત્રોમાં ફરી નહી બોલાયેલા ૧,૬૪૭ અક્ષરો છે. ૨૭

નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા ।
મંગલ ઈરિયા-સક્કત્થયાઈસુ એગસીઈસયં ॥૨૮॥

નવકાર, ઈરિયાવહિયં, નમુત્થુણં વગેરેમાં ૯, ૩૨, ૩૩, ૪૩, ૨૮, ૧૬, ૨૦ એમ ૧૮૧ પદો છે. ૨૮



અટ્ઠટ્ઠ નવટ્ઠ ય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા ।
કમસો મંગલ-ઈરિયા સક્કત્થયાઈસુ સગનઉઈ ॥૨૯॥

નવકાર, ઈરિયાવહિયં, નમુત્થુણં વગેરેમાં ૮, ૮, ૯, ૮, ૨૮, ૧૬, ૨૦ એમ ૯૭ સંપદા છે. ૨૯

વણ્ણટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ ।
સગ સંપય પય તુલ્લા, સત્તરક્ખર અટ્ઠમી દુ પયા ॥૩૦॥

નવકારમાં ૬૮ અક્ષર, ૯ પદ, ૮ સંપદા છે. ૭ સંપદા અને ૭ પદો તુલ્ય છે. ૮ મી સંપદા બે પદની અને ૧૭ અક્ષરની છે. (બીજા એમ કહે છે કે ૮ મી સંપદા ૯ અક્ષરની છે અને છઠ્ઠી સંપદા બે પદની છે.) ૩૦

પણિવાય અક્ખરાઈં, અટ્ઠાવીસં તહા ય ઈરિયાએ ।
નવનઉઅ-મક્ખરસયં, દુતીસ પય સંપયા અટ્ઠ ॥૩૧॥

પ્રણિપાતસૂત્રમાં ૨૮ અક્ષરો છે. ઈરિયાવહિયંમાં ૧૯૯ અક્ષર, ૩૨ પદ અને ૮ સંપદા છે. ૩૧

દુગ દુગ ઈગ ચઉ ઈગ પણ, ઈગાર છગ ઈરિય-સંપયાઈપયા ।
ઈચ્છા ઈરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ ॥૩૨॥

૨, ૨, ૧, ૪, ૧, ૫, ૧૧, ૬- એ ઈરિયાવહિયંમાં સંપદાના પદોની સંખ્યા છે. ઈચ્છામિ, ઈરિયાવહિયાએ, ગમણાગમણે, પાણક્કમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, અભિહયા, તસ્સ ઉત્તરીકરણેણં- એ ઈરિયાવહિયંમાં સંપદાનાં આદિપદો છે. ૩૨

અબ્ભુવગમો નિમિત્તં, ઓહે-અરહેઉ-સંગહે પંચ ।
જીવ-વિરાહણ-પડિક્કમણભેયઓ તિન્નિ ચૂલાએ ॥૩૩॥

ઈરિયાવહિયંની સંપદાના નામ- અભ્યુપગમ, નિમિત્ત, સામાન્યહેતુ, વિશેષહેતુ, સંગ્રહ, જીવ, વિરાધના, પ્રતિક્રમણ આમાં ૫ મૂળ સંપદા છે અને ૩ ચૂલિકાની સંપદા છે. ૩૩

દુ તિ ચઉ પણ પણ પણ દુ, ચઉતિપયસક્કત્થયસંપયાઈપયા।
નમુ આઈગ પુરિસો લોગુ અભય ધમ્મપ્પજિણસવ્વં ॥૩૪॥

૨, ૩, ૪, ૫, ૫, ૫, ૨, ૪, ૩ એ નમુત્થુણંમાં સંપદાનાં પદોની સંખ્યા છે. નમુત્થુણંની સંપદાના આદિપદો - નમુત્થુણં, આઈગરાણં, પુરિસુત્તમાણં, લોગુત્તમાણં, અભયદયાણં, ધમ્મદયાણં, અપ્પડિહયવરનાણ-દંસણધરાણં, જિણાણં, સવ્વન્નૂણં. ૩૪

થોઅવ્વ સંપયા ઓહ, ઈયરહેઉવઓગ તદ્ધેઉ ।
સવિસેસુવઓગ સરૂવહેઉ નિયસમ-ફલય મુક્ખે ॥૩૫॥

નમુત્થુણંની સંપદાના નામ- સ્તોતવ્ય, સામાન્યહેતુ, વિશેષહેતુ, ઉપયોગ, તદ્ધેતુ, સવિશેષોપયોગ, સ્વરૂપહેતુ, નિજસમફલદ, મોક્ષ. ૩૫

દો સગનઉઆ વન્ના, નવસંપય પય તિત્તીસ સક્કત્થએ ।
ચેઈયથયટ્ઠ-સંપય, તિચત્ત-પય વન્ન-દુસયગુણતીસા ॥૩૬॥

નમુત્થુણંમાં ૨૯૭ અક્ષર, ૯ સંપદા, ૩૩ પદ છે. ચૈત્યસ્તવમાં ૮ સંપદા, ૪૩ પદ, ૨૨૯ અક્ષર છે. ૩૬

દુ છ સગ નવ તિય છ ચ્ચઉ-છપ્પય ચિઈસંપયા પયા પઢમા।
અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ ॥૩૭॥

ચૈત્યસ્તવમાં સંપદાના પદોની સંખ્યા- ૨, ૬, ૭, ૯, ૩, ૬, ૪, ૬. ચૈત્યસ્તવમાં સંપદાના આદિપદો- અરિહંત ચેઈયાણં, વંદણવત્તિયાએ, સદ્ધાએ, અન્નત્થ ઉસસિએણં, સુહુમેહિં અંગસંચાલેહિં, એવમાઇએહિં, જાવ અરિહંતાણં, તાવ કાયં. ૩૭

અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઈગ બહુ વયંત આગારા ।
આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ ॥૩૮॥

ચૈત્યસ્તવની સંપદાના નામ- અભ્યુપગમ, નિમિત્ત, હેતુ, એકવચનાંત આગાર, બહુવચનાંત આગાર, આગંતુક આગાર, કાઉસ્સગ્ગનો અવધિ, સ્વરુપ - એ આઠ છે. ૩૮

નામથયાઈસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા ।
અદુરુત્ત-વન્ન દોસટ્ઠ દુસયસોલ-ટ્ઠનઉઅસયં ॥૩૯॥

નામસ્તવ વગેરેમાં સંપદાઓ પદ સમાન છે. એટલે કે અનુક્રમે ૨૮,



૧૬, ૨૦ છે. ફરી નહિં બોલાયેલ અક્ષરો ૨૬૦, ૨૧૬, ૧૯૮ છે. ૩૯

પણિહાણિ દુવન્નસયં, કમેણ સગ તિ ચઉવીસ તિત્તીસા ।
ગુણતીસ અટ્ઠવીસા, ચઉતીસિ-ગતીસ બાર ગુરુ વન્ના ॥૪૦॥

પ્રણિધાનસૂત્રોના અક્ષર ૧૫૨ છે. અનુક્રમે ૭, ૩, ૨૪, ૩૩, ૨૯, ૨૮, ૩૪, ૩૧, ૧૨ ગુરુઅક્ષર (જોડાક્ષર) છે. ૪૦

પણદંડા સક્કત્થય, ચેઈઅ નામ સુઅ સિદ્ધથય ઈત્થ ।
દો ઈગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥

પાંચ દંડકસૂત્રો છે - શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ. આ પાંચ દંડકસૂત્રોમાં અનુક્રમે ૨, ૧, ૨, ૨, ૫ - એમ ૧૨ અધિકારો છે. ૪૧

નમુ જેય અ અરિહં લોગ સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા ।
ઉજ્જિં ચત્તા વેઆ-વચ્ચગ અહિગાર પઢમપયા ॥૪૨॥

નમુત્થુણં, જે અ અઈઆ સિદ્ધા, અરિહંત ચેઈયાણં, લોગસ્સ, સવ્વલોએ, પુક્ખરવરદીવડ્ઢે, તમતિમિરપડલવિદ્ધંસણસ્સ, સિદ્ધાણં બુદ્ધાણં, જો દેવાણવિ દેવો, ઉજ્જિંતસેલસિહરે, ચત્તારિ, વેયાવચ્ચગરાણં - આ અધિકારના આદિપદો છે. ૪૨

પઢમહિગારે વંદે ભાવજિણે, બીયએ ઉ દવ્વજિણે ।
ઈગચેઈયઠવણ જિણે, તઈય ચઉત્થંમિ નામજિણે ॥૪૩॥

પહેલા અધિકારમાં હું ભાવજિનને, બીજામાં દ્રવ્યજિનને, ત્રીજામાં એક દેરાસરના સ્થાપનાજિનને, ચોથામાં નામજિનને વંદુ છું. ૪૩

તિહુઅણ-ઠવણ-જિણે પુણ, પંચમએ વિહરમાણ જિણ છટ્ઠે ।
સત્તમએ સુયનાણં, અટ્ઠમએ સવ્વસિદ્ધથુઇ ॥૪૪॥

પાંચમામાં ત્રણભુવનના સ્થાપનાજિનોને, છટ્ઠામાં વિહરમાન જિનોને, સાતમામાં શ્રુતજ્ઞાનને વંદના છે. આઠમામાં સર્વ સિદ્ધોની સ્તુતિ છે. ૪૪

તિત્થાહિવ-વીરથુઇ, નવમે દસમે ય ઉજ્જયંત થુઇ ।
અટ્ઠાવયાઇ ઈગદિસિ, સુદિટ્ઠિસુર-સમરણા ચરિમે ॥૪૫॥

નવમામાં તીર્થાધિપતિ વીરપ્રભુની સ્તુતિ છે. દશમામાં ગિરનાર તીર્થની સ્તુતિ છે, અગ્યારમામાં અષ્ટાપદાદિ તીર્થોની સ્તુતિ છે, બારમામાં સમ્યગ્દષ્ટિ દેવોનું સ્મરણ છે. ૪૫

નવ અહિગારા ઇહ લલિઅવિત્થરાવિત્તિમાઇઅણુસારા ।
તિન્નિ સુય-પરંપરયા, બીઓ દસમો ઇગારસમો ॥૪૬॥

અહીં ૯ અધિકાર લલિતવિસ્તરા ટીકાને અનુસારે છે. બીજો, દશમો અને અગ્યારમો - એ ત્રણ અધિકાર શ્રુતપરંપરાથી જાણવા. ૪૬

આવસ્સય-ચુણ્ણીએ, ભણિયં સેસયા જહિચ્છાએ ।
તેણં ઉજ્જિંતાઇ વિ, અહિગારા સુયમયા ચેવ ॥૪૭॥

આવશ્યક ચૂર્ણિમાં જે કહ્યું છે કે 'બાકીના અધિકારો ઈચ્છા પ્રમાણે' તેથી ગિરનાર વગેરે અધિકારો પણ શ્રુતસમ્મત જ છે. ૪૭

બીઓ સુયત્થયાઇ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ ।
સક્કત્થયંતે પઢિઓ, દવ્વારિહ-વસરિ પયડત્થો ॥૪૮॥

બીજો અધિકાર શ્રુતસ્તવની આદિમાં અર્થથી કહ્યો છે, તે નમુત્થુણંને અંતે દ્રવ્યજિનની વંદનાના સમયે કહ્યો છે, તેનો અર્થ સ્પષ્ટ છે. ૪૮

અસઢાઇન્નણવજ્જં, ગીઅત્થ-અવારિઅં તિ મજ્ઝત્થા ।
આયરણા વિ હુ આણત્તિ વયણઓ સુબહુ મન્નંતિ ॥૪૯॥

અશઠ આચાર્યોએ આચરેલ, નિર્દોષ અને ગીતાર્થોએ નહીં અટકાવેલ આચરણાને મધ્યસ્થ પુરુષો 'આચરણા પણ પ્રભુની આજ્ઞા છે' એ વચનથી બહુમાનપૂર્વક આદરે છે. ૪૯

ચઉ વંદણિજ્જ જિણ મુણિ, સુય સિદ્ધા ઇહ સુરાઇ સરણિજ્જા ।
ચઉહ જિણા નામ ઠવણ દવ્વ ભાવ જિણ-ભેએણં ॥૫૦॥

ચાર વંદનીય છે - જિનેશ્વર ભગવંત, સાધુ મહારાજ, શ્રુતજ્ઞાન, સિદ્ધ ભગવંત. શાસનદેવતા સ્મરણીય છે. જિનેશ્વરો ચાર પ્રકારના છે - નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન, ભાવજિનના ભેદથી. ૫૦



નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણિંદપડિમાઓ ।
દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા ॥૫૧॥

નામ જિન એટલે જિનેશ્વર ભગવંતના નામ, સ્થાપનાજિન એટલે જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓ, દ્રવ્યજિન એટલે જિનેશ્વર ભગવંતના જીવો, ભાવજિન એટલે સમવસરણમાં રહેલા જિનેશ્વર ભગવંત. ૫૧

અહિગય-જિણ-પઢમથુઇ, બીયા સવ્વાણ તઇઅ નાણસ્સ ।
વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થથુઇ ॥૫૨॥

પહેલી થોય અમુક ખાસ જિનેશ્વર ભગવંતની હોય, બીજી થોય સર્વ જિનેશ્વર ભગવંતની હોય, ત્રીજી થોય જ્ઞાનની હોય, ચોથી થોય વૈયાવચ્ચ કરનારા શાસનદેવતાના ઉપયોગ માટે હોય છે.॥૫૨॥

પાવખવણત્થ ઇરિઆઇ, વંદણવત્તિઆઇ છ નિમિત્તા ।
પવયણ-સુર-સરણત્થં, ઉસ્સગ્ગો ઇઅ નિમિત્તટ્ઠ ॥૫૩॥

પાપનો ક્ષય કરવા માટે ઈરિયાવહી પડિક્કમવી, વંદણવત્તિયાએ વગેરે છ નિમિત્તો, શાસન દેવતાના સ્મરણ માટે કાઉસ્સગ્ગ-એ આઠ નિમિત્ત છે. ૫૩

ચઉ તસ્સ ઉત્તરીકરણ- પમુહ સદ્ધાઇઆ ય પણ હેઉ ।
વેયાવચ્ચગરત્તાઇ તિન્નિ ઇઅ હેઉ બારસગં ॥૫૪॥

તસ્સ ઉત્તરીકરણ વગેરે ચાર, શ્રદ્ધા વગેરે પાંચ અને વૈયાવૃત્ત્યકરત્વ વગેરે ત્રણ - એમ બાર હેતુ છે. ૫૪

અન્નત્થયાઇ બારસ, આગારા એવમાઇયા ચઉરો ।
અગણી-પણિંદિછિંદણ-બોહિ-ખોભાઇ ડક્કો ય ॥૫૫॥

અન્નત્થ વગેરે બાર આગાર છે, એવમાઈએહિંથી ચાર આગાર છે - અગ્નિ, પંચેન્દ્રિયનું આડા ઉતરવું, ચોર-સ્વરાષ્ટ્ર-પરરાષ્ટ્રનો ક્ષોભ અને સર્પ. ૫૫

ઘોડગ લય ખંભાઇ, માલુ-દ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ ।
લંબુત્તર થણ સંજઇ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો ॥૫૬॥

ઘોટક, લતા, સ્તંભાદિ, માળ, ઉદ્ધિ, નિગડ, શબરી, ખલિણ, વધૂ, લંબુત્તર, સ્તન, સંયતી, ભ્રમિતાગુંલી, વાયસ, કપિત્થ. ૫૬

સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઇજ્જ દોસ ઉસ્સગ્ગે ।
લંબુત્તર થણ સંજઇ, ન દોષ સમણીણ સવહુ સડ્ઢીણં ॥૫૭॥

શિરકંપ, મૂક, વારુણી, પ્રેક્ષા- આ દોષો કાઉસ્સગ્ગમાં તજવા. સાધ્વીજીને લંબુત્તર, સ્તન અને સંયતી- આ ત્રણ દોષ ન હોય, શ્રાવિકાને વધૂ સહિત એ ત્રણ દોષ ન હોય. ૫૭

ઈરિ ઉસ્સગ્ગપમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ ।
ગંભીર-મહુર-સદ્દં, મહત્થ-જુત્તં હવઇ થુત્તં ॥૫૮॥

ઈરિયાવહિયંનો કાઉસ્સગ્ગ ૨૫ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ છે, શેષ કાઉસ્સગ્ગ ૮ શ્વાસોચ્છ્વાસના હોય છે. ગંભીર મધુર શબ્દવાળુ, મહાન અર્થવાળું સ્તવન હોય. ૫૮

પડિકમણે ચેઇય જિમણ ચરિમપડિકમણ સુઅણ પડિબોહે।
ચિઈવંદણ ઇઅ જઇણો, સત્ત ઉ વેલા અહોરત્તે ॥૫૯॥

સવારના પ્રતિક્રમણમાં, દેરાસરમાં, પચ્ચક્ખાણ પારતા, વાપર્યા પછી, સાંજના પ્રતિક્રમણમાં, સંથારા પોરસીમાં, સવારે જાગતા-એમ સાધુને ૧ અહોરાત્રમાં ૭ વાર ચૈત્યવંદન હોય. ૫૯

પડિકમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઇઅરસ્સ ।
પૂઆસુ તિસંઝાસુ અ, હોઇ તિ-વેલા જહન્નેણં ॥૬૦॥

પ્રતિક્રમણ કરનારા ગૃહસ્થને પણ ૭ વાર ચૈત્યવંદન હોય, પ્રતિક્રમણ નહી કરનાર ગૃહસ્થને ૫ વાર ચૈત્યવંદન હોય, જઘન્યથી ૩ સંધ્યા વખતે પૂજામાં ત્રણ વાર ચૈત્યવંદન હોય. ૬૦

તંબોલ પાણ ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં ।
મુત્તુ-ચ્ચારં જૂઅં, વજ્જે જિણનાહ-જગઈએ ॥૬૧॥

તંબોલ (પાન-સોપારી વગેરે) ખાવુ, પાણી પીવુ, ભોજન કરવુ, પગરખા પહેરવા, મૈથુન સેવવુ, સુવુ, થૂંકવું, માત્રુ કરવું, ઝાડો કરવો,



જુગાર રમવો - જિનમંદિરના કોટમાં આનો ત્યાગ કરવો. ૬૧

ઈરિ નમુકાર નમુત્થુણ, અરિહંત થુઇ લોગ સવ્વ થુઇ પુક્ખ।
થુઇ સિદ્ધા વેઆ થુઇ, નમુત્થુ જાવંતિ થય જયવી ॥૬૨॥

ઈરિયાવહિ, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત ચેઇઆણં, થોય, લોગસ્સ, સવ્વલોએ, થોય, પુક્ખરવરદી૦, થોય, સિદ્ધાણં૦, વેયાવચ્ચગરાણં૦, થોય, નમુત્થુણં, જાવંતિ, સ્તવન, જયવીયરાય (આ દેવવંદનની વિધિ છે.) ૬૨

સવ્વોવાહિ વિસુદ્ધં, એવં જો વંદએ સયા દેવે ।
દેવિંદવિંદ મહિઅં, પરમપયં પાવઇ લહું સો ॥૬૩॥

સર્વ ઉપાધિથી વિશુદ્ધ એવા થઈને જે સદા ભગવાનને વંદન કરે છે તે દેવેંદ્રોના સમુહથી પૂજાયેલા પરમપદને શીઘ્ર પામે છે. ૬૩



# શ્રીગુરુવંદનભાષ્ય (પદાર્થો)

ગુરુવંદનના ત્રણ પ્રકાર છે-

(૧) ફેટાવંદન - બે હાથ જોડી મસ્તક નમાવવુ તે. તે સકલ સંઘમાં સાધુસાધ્વીઓએ અને શ્રાવક-શ્રાવિકાઓએ પરસ્પર કરવું.

(૨) છોભવંદન - બે ખમાસમણાપૂર્વક વંદન કરવું તે. સાધુ ભગવંતને અને સાધ્વીજી ભગવંતને આ વંદન કરાય.

(૩) દ્વાદશાવર્ત્તવંદન - બે વાંદણા વડે વંદન કરાય તે. આચાર્ય-ઉપાધ્યાય વગેરે પદ પર બિરાજમાન સાધુભગવંતોને આ વંદન કરાય.

પ્ર૦ છોભવંદનમાં અને દ્વાદશાવર્તવંદનમાં પહેલા એકવાર વંદન કર્યા પછી બીજીવાર શા માટે વંદન કરાય છે ?

જ૦ દૂત રાજાને નમસ્કાર કરીને કાર્ય જણાવે. પછી રાજા જવાની રજા આપે ત્યારે પણ વંદન કરીને જાય. તેમ અહીં પણ ગુરુને છોભવંદનમાં અને દ્વાદશાવર્ત્ત વંદનમાં બે વાર વંદન કરાય છે.

આચારનું (ધર્મનું) મૂળ વિનય છે. ગુણવંતગુરુની ભક્તિથી વિનય થાય છે. વિધિપૂર્વક વંદન કરવાથી ગુણવંતગુરુની ભક્તિ થાય છે. તે દ્વાદશાવર્ત્તવંદનની વિધિ આ પ્રમાણે છે.

૨૨ દ્વાર

| નં. | દ્વાર | પેટાભેદ |
|---|---|---|
| ૧. | વંદનના નામ | ૫ |
| ૨. | દૃષ્ટાંત | ૫ |
| ૩. | અવંદનીય | ૫ |
| ૪. | વંદનીય | ૫ |
| ૫. | વંદન અદાતા | ૪ |
| ૬. | વંદન દાતા | ૪ |
| ૭. | વંદનનો અનવસર | ૫ |
| ૮. | વંદનનો અવસર | ૪ |



| નં. | દ્વાર | પેટાભેદ |
|---|---|---|
| ૯. | વંદનના કારણ | ૮ |
| ૧૦. | આવશ્યક | ૨૫ |
| ૧૧. | મુહપત્તિ પડિલેહણા | ૨૫ |
| ૧૨. | શરીર પડિલેહણા | ૨૫ |
| ૧૩. | વંદનમાં ત્યજવાના દોષ | ૩૨ |
| ૧૪. | વંદનના ગુણ | ૬ |
| ૧૫. | ગુરુ સ્થાપના | ૧ |
| ૧૬. | અવગ્રહ | ૨ |
| ૧૭. | અક્ષર | ૨૨૬ |
| ૧૮. | પદ | ૫૮ |
| ૧૯. | સ્થાન (શિષ્યની પૃચ્છા) | ૬ |
| ૨૦. | ગુરુવચન (ઉત્તર) | ૬ |
| ૨૧. | આશાતના | ૩૩ |
| ૨૨. | વિધિ | ૨ |
| | કુલ | ૪૯૨ |

## દ્વાર ૧લુ - વંદનના નામ ૫

વંદનના નામ પાંચ છે. પાંચે નામ એક જ અર્થવાળા છે. પણ વ્યુત્પત્તિના ભેદથી કંઈક ભિન્નતા છે.

(૧) વંદનકર્મ :- પ્રશસ્ત મન, વચન, કાયાના યોગથી સ્તવના કરાય તે.

(૨) ચિતિકર્મ :- રજોહરણાદિ ઉપધિ સહિત શુભ ક્રિયા કરાય તે.

(૩) કૃતિકર્મ :- મોક્ષ માટે ગુરુ આદિને વંદન કરાય તે.

(૪) પૂજાકર્મ :- મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ તે.

(૫) વિનયકર્મ :- કર્મનો નાશ કરનારી ગુરુ પ્રત્યેની અનુકૂળ પ્રવૃત્તિ કરવી તે.

## દ્વાર ૨જુ - દૃષ્ટાંત ૫

વંદનના ૫ દૃષ્ટાંત છે. દરેક દૃષ્ટાંતમાં દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે જાણવું.

(૧) વંદનકર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત :- એક રાજાને શીતલ નામનો દિકરો હતો. દીક્ષા લઈ આચાર્ય બન્યો. તેની બેનને બીજા રાજા સાથે પરણાવી હતી. બેન પોતાના ચાર દિકરાઓ આગળ શીતલાચાર્યની પ્રશંસા કરે. તેથી તે ચારે દિકરાઓ સ્થવિર પાસે દીક્ષા લઈ બહુશ્રુત થઈ ગુરુને પૂછી મામા મહારાજને વંદન કરવા એક નગરમાં ગયા. સાંજ પડી ગઈ હોવાથી શ્રાવક દ્વારા મામા મહારાજને આગમનના સમાચાર જણાવી પોતે ગામની બહાર દેવકુલમાં રહ્યા. રાત્રે વંદનના શુભધ્યાનથી કેવળજ્ઞાન થયુ. સવારે તેઓ ન આવ્યા એટલે શીતલાચાર્યએ પોતે આવી કષાયથી દ્રવ્યવંદન કર્યું. પછી તેઓ કેવળી છે એવી ખબર પડતા ભાવવંદન કર્યુ અને તેમને પણ કેવળજ્ઞાન થયુ.

(૨) ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાંત :- એક બાળમુનિ હતા. આચાર્ય મહારાજે પોતાના કાળધર્મ વખતે તેને પોતાની પાટ પર સ્થાપ્યા. ગીતાર્થો પાસે તે ભણે છે. એકવાર મોહનીયના ઉદયથી પરિણામ ભાંગ્યા. બધા સાધુઓ ગોચરી ગયા હતા ત્યારે સ્થંડિલ જવાના બહાને ભાગ્યા. એક વનમાં અન્ય વૃક્ષો હોવા છતા ખીજડાનું ઝાડ પૂજાતુ જોઈ લોકોને તેનું કારણ પૂછ્યું. લોકોએ કહ્યું, 'અમારા વડિલો આને પૂજતા હતા તેથી અમે પણ પૂજીએ છીએ.' તે સાંભળી બાલાચાર્યએ વિચાર્યુ, 'હું પણ ખીજડાના ઝાડ જેવો છું. મારામાં ચારિત્ર ક્યાં છે ? રજોહરણાદિ ઉપધિના સંચયને લીધે અને ગુરુએ મને આચાર્યપદ આપેલ હોવાથી લોકો મને પૂજે છે.' પાછા આવ્યા. ગીતાર્થો પાસે આલોચના કરી. ભાગ્યા ત્યારે રજોહરણાદિ ઉપધિ સહિતની ક્રિયા તે દ્રવ્યચિતિકર્મ. પછીથી આલોચના કરી ત્યારે ભાવચિતિકર્મ.

(૩) કૃતિકર્મમાં કૃષ્ણ અને વીરકનું દૃષ્ટાંત :- દ્વારિકામાં નેમિનાથપ્રભુનું આગમન થતા કૃષ્ણ વાસુદેવે સર્વે સાધુઓને દ્વાદશાવર્ત વંદન કર્યા તે ભાવકૃતિકર્મ, વીરકે કૃષ્ણનું મન સાચવવા



દાક્ષિણ્યતાથી વંદન કર્યા તે દ્રવ્યકૃતિકર્મ.

(૪) પૂજાકર્મમાં બે સેવકોનું દૃષ્ટાંત :- એક રાજાના બે સેવકો ગામની સીમા માટે વાદવિવાદ કરતા હતા. નિર્ણય માટે રાજા પાસે જતા રસ્તામાં સાધુને જોઈ એકે 'અવશ્ય કાર્ય સિદ્ધ થશે' એમ વિચારી ભાવવંદન કર્યા, બીજાએ હાંસી ઉડાવતા મજાકથી દ્રવ્યવંદન કર્યા. રાજસભામાં ભાવવંદન કરનાર સેવક જીત્યો.

(૫) વિનયકર્મમાં શામ્બ અને પાલકનું દૃષ્ટાંત :- કૃષ્ણે શામ્બ અને પાલકને કહ્યું, 'નેમિપ્રભુને જે પ્રથમ વંદના કરશે તેને અશ્વરત્ન આપીશ.' અભવ્ય પાલક ઘોડાના લોભથી રાત્રે નિકળી ગયો અને પ્રભુને દ્રવ્યવંદન કર્યા. શામ્બે પોતાની શય્યામાં રહ્યા થકા ભાવવંદન કર્યા. પ્રભુને પૂછતા શામ્બે પ્રથમ વંદન કર્યાનું જાણી કૃષ્ણે તેને અશ્વરત્ન આપ્યુ.

## દ્વાર ૩જુ - અવંદનીય ૫

(૧) પાર્શ્વસ્થ :- જ્ઞાન, દર્શન, ચારિત્રની પાસે રહે પણ સેવે નહી તે પાર્શ્વસ્થ અથવા કર્મબંધના હેતુરૂપ મિથ્યાત્વ આદિના પાશમાં રહે તે પાર્શ્વસ્થ. તેના બે પ્રકાર છે -

૧. સર્વપાર્શ્વસ્થ :- માત્ર વેષધારી, જ્ઞાન, દર્શન, ચારિત્ર રહિત.

૨. દેશપાર્શ્વસ્થ :- વિના કારણે [૧]શય્યાતરપિંડ, [૨]અભ્યાહત, [૩]રાજપિંડ, [૪]નિત્યપિંડ, [૫]અગ્રપિંડ વાપરે, [૬]કુલનિશ્રાએ વિચરે, [૭]સ્થાપનાકુળોમાં પ્રવેશે, સંખડીમાં (જમણવારોમાં) ફરે, ગૃહસ્થની સ્તવના કરે.

(૨) અવસન્ન :- સાધુસામાચારીમાં જે શિથિલ (ખેદવાળો) હોય તે. તેના બે પ્રકાર છે.

---

૧. શય્યાતરપિંડ :- સાધુ મહારાજ જેના મકાનમાં ઉતર્યા હોય તેના ઘરના અન્ન વગેરે.
૨. અભ્યાહત :- સાધુ મહારાજને વહોરવવા માટે સામેથી ઉપાશ્રયમાં લાવેલું હોય તે.
૩. રાજપિંડ :- રાજાના ઘરના અન્ન વગેરે.
૪. નિત્યપિંડ :- નિત્ય એક ઘરેથી આહાર લે તે.
૫. અગ્રપિંડ :- ભાત વગેરેનો પ્રથમનો અગ્ર ભાગ ગ્રહણ કરે તે.
૬. કુલનિશ્રા :- અમુક કુળોમાંથી જ આહાર લે તે.
૭. સ્થાપનાકુળ :- ગુરૂ વગેરેની વિશેષ ભક્તિ કરનારા કુળ તે.

१. सर्वावसन्न :- [1]ઋતુબદ્ધ પીઠ-ફલકનો ઉપભોગી હોય, [2]સ્થાપનાભોજી હોય, [3]પ્રાભૃતિકાભોજી હોય તે.

२. દેશાવસન્ન :- પ્રતિક્રમણ, સ્વાધ્યાય, પડિલેહણ, દશવિધ સામાચારી ન કરે અથવા ન્યૂનાધિક કરે અથવા ગુરુવચનથી પરાણે કરે અથવા ગુરુમહારાજ સમજાવે તો જેમ-તેમ જવાબ આપી દે તે.

(૩) કુશીલ :- ખરાબ આચારવાળો હોય તે કુશીલ. તેના ૩ પ્રકાર છે.

૧. જ્ઞાનકુશીલ :- કાળ, વિનય, બહુમાન વગેરે આઠ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે.

૨. દર્શનકુશીલ :- નિસ્સંકિય, નિક્કંખિય વગેરે આઠ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે.

૩. ચારિત્રકુશીલ :- સૌભાગ્ય વગેરે માટે સ્નાનાદિનો ઉપદેશ આપે, મંત્રેલી રાખ આપે, ભૂત-ભાવિના લાભાલાભ કહે, સ્ત્રી-પુરુષના લક્ષણાદિ કહે, ભિક્ષાલાભ વગેરે માટે પોતાના જાતિ વગેરે પ્રકાશે, યંત્ર-મંત્ર કરે, ચમત્કાર દેખાડે, સ્વપ્નફળ કહે, જ્યોતિષ ભાખે, ઔષધાદિ બતાવે, કામણ-વશીકરણ કરે, શરીરની વિભૂષા કરે તે.

(૪) સંસક્ત :- મૂળગુણમાં અને ઉત્તરગુણમાં દોષો ભળવાથી જે મિશ્ર હોય તે. તેના બે પ્રકાર છે.

૧. સંક્લિષ્ટ સંસક્ત :- હિંસાદિ પાંચે આશ્રવોમાં પ્રવૃત્ત હોય, ઋદ્ધિગારવ વગેરે ત્રણ ગારવમાં પ્રતિબદ્ધ હોય, સ્ત્રી-ઘર વગેરેના મોહમાં બંધાયેલો હોય તે.

---

૧. ઋતુબદ્ધપીઠફલકદોષ :- ચોમાસામાં સંથારા માટે પાટ વગેરે ન મળે તો વાંસ વગેરેના ઘણા કકડાઓને દોરીથી બાંધી સંથારો કરવો પડે. પક્ખિએ તેનું બંધન છોડી પુનઃ પડિલેહણ કરવુ જોઈએ. તે કરે નહી. અથવા સુવા માટે વારંવાર સંથારો કરે અથવા સંથારો પાથરેલો રાખે અથવા ચોમાસા વિના પણ પાટ-પાટલાદિ વાપરે. તે ઋતુબદ્ધપીઠફલકદોષ.

૨. સ્થાપના દોષ :- સાધુ માટે આહાર રાખી મુકવો તે સ્થાપના. તે વાપરે તે સ્થાપનાદોષ.

૩. પ્રાભૃતિકા દોષ :- સાધુ મહારાજને વહોરાવવા માટે લગ્ન વગેરે પ્રસંગો મોડા-વહેલા કરવા અથવા રાંધવાનો-જમવાનો સમય વહેલો-મોડો કરવો તે.



૨. અસંક્લિષ્ટ સંસક્ત :- પાર્શ્વસ્થાદિ પાસે જાય ત્યારે તેવી રીતે વર્તે અને સંવિગ્ન સાધુઓ પાસે જાય ત્યારે તેવી રીતે વર્તે તે રાગાદિ વિશેષ સંક્લેશ વિનાનો.

(૫) યથાછંદ :- આગમની આજ્ઞા વિરુદ્ધ પોતાની ઈચ્છા મુજબ ચાલનારો, ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની બુદ્ધિથી મન ફાવે તેવા અર્થોની કલ્પના કરે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્ત્તે, ગમે તેમ બોલે, સાધુના અલ્પ અપરાધમાં ઘણો ગુસ્સો કરે, સુખ-સ્વાદ-વિગઈ-ગારવમાં પ્રતિબદ્ધ હોય તે.

આ પાર્શ્વસ્થાદિ સાધુઓને વંદન કરવાથી કીર્તિ કે કર્મનિર્જરા થતી નથી, પણ કાયક્લેશ અને કર્મબંધ જ થાય છે, તેમના પ્રમાદસ્થાનોની અનુમોદનાનુ પાપ લાગે છે, બીજાને પ્રમાદમાં પ્રોત્સાહન મળે છે. માટે તેમને વંદન ન કરવા. જ્ઞાનાદિના કારણે કે સંઘાદિના કારણે ક્યારેક વંદન કરવુ પડે.

પ્રથમ પરિચયે શ્રાવક સાધુનો વિનય-વંદન વગેરે કરે. પછી તપાસ કરતા અવંદનીય લાગે તો વંદન, વિનય કે સત્કાર કંઈ પણ ન કરે.

## દ્વાર ૪થુ - વંદનીય ૫

(૧) આચાર્ય :- સૂત્ર-અર્થના જાણકાર, બાહ્ય-અભ્યંતર લક્ષણથી યુક્ત, ગચ્છના મૂળસ્તંભ જેવા, ગચ્છની ચિંતા વિનાના, અર્થને કહેનારા હોય તે.

(૨) ઉપાધ્યાય :- ગણનાયકની સમાન હોય, સૂત્રાર્થના જ્ઞાતા હોય, સૂત્રની વાચના આપતા હોય તે.

(૩) પ્રવર્ત્તક :- સાધુઓને તપ-સંયમયોગોમાં યથાયોગ્ય રીતે પ્રવર્ત્તાવે, ગચ્છની ચિંતા કરે તે.

(૪) સ્થવિર :- પ્રવર્ત્તકે સાધુઓને જે તપ-સંયમયોગોમાં પ્રવર્ત્તાવ્યા હોય તેમાં સીદાતા સાધુઓને સ્થિર કરે તે. તે ત્રણ પ્રકારના છે-

૧. જ્ઞાનસ્થવિર :- બહુશ્રુત હોય તે, ૨. વયસ્થવિર :- ૬૦ વર્ષથી વધુ ઉંમરવાળા, ૩. પર્યાયસ્થવિર :- ૨૦ વર્ષથી વધુ દીક્ષાપર્યાયવાળા.

(૫) રત્નાધિક :- પર્યાયમાં વડીલ હોય તે. તેમને ગણાવચ્છેદક પણ

કહેવાય. તે ગચ્છના કાર્ય માટે, ક્ષેત્ર-ઉપધિ વગેરેના લાભ માટે વિહાર કરનારા હોય, સૂત્રાર્થના જાણકાર હોય.

આચાર્ય વગેરે ચાર દીક્ષાપર્યાયથી ન્યૂન હોય તો પણ કર્મનિર્જરા માટે તેમને વંદન કરવું (હારિભદ્રીય આવ.વૃત્તિ ગા. ૧૧૯૫). પાંચેને અનુક્રમે વંદન કરવું. અથવા કેટલાક એમ કહે છે કે પ્રથમ આચાર્યને વંદન કરવું, પછી રત્નાધિકના ક્રમે વંદન કરવુ.

### દ્વાર ૫મુ - વંદન અદાતા ૪

દીક્ષિત માતા, દીક્ષિત પિતા, દીક્ષિત મોટાભાઈ અને સર્વ રત્નાધિકો પાસે વંદન ન કરાવવું.

### દ્વાર ૬ઠ્ઠુ - વંદનદાતા ૪

ઉપરોક્ત ચાર સિવાય શેષ સર્વ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વંદન કરે.

### દ્વાર ૭મુ - વંદનનો અનવસર ૫

(૧) વ્યાક્ષિપ્તચિત્તવાળા હોય = ધર્મકથા વગેરેમાં વ્યગ્ર હોય.

(૨) પરાઙ્મુખ હોય = સન્મુખ ન હોય.

(૩) પ્રમત્ત હોય = ગુસ્સામાં હોય અથવા નિદ્રાધીન હોય.

(૪) આહાર કરતા હોય કે કરવાની ઈચ્છાવાળા હોય.

(૫) નિહાર કરતા હોય કે કરવાની ઈચ્છાવાળા હોય.

આવા સમયે ગુરુ મહારાજને વંદન ન કરવુ, કરે તો દોષ લાગે.

### દ્વાર ૮મુ - વંદનનો અવસર ૪

(૧) પ્રશાંત હોય = વ્યાક્ષેપ વિનાના હોય.

(૨) આસન પર બેઠેલા હોય.

(૩) ઉપશાંત હોય = ગુસ્સા વગેરેમાં ન હોય.

(૪) ઉપસ્થિત હોય = છંદેણ કહેવા માટે ઉદ્યત હોય.

આવા સમયે બુદ્ધિમાન શિષ્ય ગુરુની આજ્ઞા લઈ વંદન કરે.



### દ્વાર ૯મુ - વંદનના કારણ ૮

(૧) પ્રતિક્રમણ માટે (૪ વાર)

(૨) સ્વાધ્યાય માટે (૩ વાર) ગુરુ પાસે વાચના લેતી વખતે.

આ ૭ વંદન ઉભયટંકના મળી ૧૪ થાય. તે દરરોજ કરવા યોગ્ય છે એટલે ધ્રુવવંદન છે. શેષ અધ્રુવવંદન છે.

(૩) કાઉસ્સગ્ગ માટે :- જોગમાંથી નિકળતી વખતે આયંબિલ છોડી વિગઈના પરિભોગ માટે જે કાઉસ્સગ્ગ કરાય છે તેની માટે વંદન કરાય તે.

(૪) અપરાધ ખમાવવા માટે.

(૫) પ્રાઘૂર્ણક = મહેમાન સાધુ આવ્યા હોય ત્યારે.

(૬) આલોચના આપવા-પ્રાયશ્ચિત્ત લેવા માટે.

(૭) પચ્ચક્ખાણ લેવા માટે.

(૮) અનશન કરવા માટે.

આ આઠ કારણોથી ગુરુ મહારાજને વંદન કરવુ.

### દ્વાર ૧૦મુ - આવશ્યક ૨૫

દ્વાદશાવર્ત્ત વંદનમાં ૨૫ આવશ્યક છે. તે આ પ્રમાણે છે.

(૧) યથાજાત ૧ : દીક્ષાજન્મ વખતે ચોલપટ્ટો, ઓઘો, મુહપત્તિ એમ ત્રણ ઉપકરણ હતા, તેમ દ્વાદશાવર્ત્ત વંદનમાં પણ એ ત્રણ જ રાખવા. ભવજન્મ વખતે કપાળે લાગેલા બે હાથ સહિત જન્મ્યા હતા, તેમ દ્વાદશાવર્ત્ત વંદનમાં પણ કપાળે અંજલી કરી વંદન કરવુ.

(૨) અવનત ૨ : ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ એ પાંચ પદ કહીને કંઈક મસ્તક નમાવવુ તે. બે વાંદણામાં બે વાર થાય.

(૩) પ્રવેશ ૨ : ગુરુની આજ્ઞા લઈને અવગ્રહમાં 'નિસીહિ' શબ્દના ઉચ્ચારપૂર્વક પ્રવેશ કરવો તે. બે વાંદણામાં બે વાર.

(૪) આવર્ત્ત ૧૨ : અહો, કાયં, કાય, જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે

આ શબ્દોના ઉચ્ચારપૂર્વક ગુરુના ચરણ ઉપર અને પોતાના મસ્તક ઉપર હાથ સ્થાપવા-સ્પર્શવા રૂપ જે કાય-વ્યાપાર વિશેષ તે આવર્ત્ત. બે વાંદણામાં ૧૨ [૧]આવર્ત્ત થાય.

(૫) શીર્ષ ૪ : 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઈક્કમં' એ પદો ઉચ્ચારતા શિષ્યનું પહેલુ શીર્ષનમન. 'અહમવિ ખામેમિ તુમં' બોલતા ગુરુનું કિંચિત્ શીર્ષનમન તે બીજું શીર્ષનમન. બે વાંદણામાં ૪ વાર શીર્ષનમન થાય. અથવા કેટલાક એમ કહે છે કે 'સંફાસં' અને 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઈક્કમં' ઉચ્ચારતી વખતે બે વાર શિષ્યના જ બે શીર્ષનમન. બે વાંદણામાં ૪ વાર થાય.

(૬) ગુપ્તિ ૩ : મનની એકાગ્રતા તે મનોગુપ્તિ, શુદ્ધ અને અસ્ખલિત ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલવા તે વચનગુપ્તિ અને કાયા વડે સમ્યગ્ પ્રકારે આવર્ત્ત વગેરે કરે પણ વિરાધે નહી તે કાયગુપ્તિ. વંદન કરતી વખતે આ ત્રણે ગુપ્તિ રાખવી.

(૭) નિષ્ક્રમણ ૧ : પહેલા વાંદણામાં 'આવસ્સિયાએ' બોલીને અવગ્રહની બહાર નિકળવુ તે. બીજા વાંદણામાં અવગ્રહની બહાર નિકળવાનું હોતુ નથી. બીજા વાંદણા પછી અવગ્રહની બહાર નિકળવાનું હોય છે પણ તે વાંદણાની અંતર્ગત ગણાતુ નથી.

દ્વાદશાવર્ત વંદનમાં આ ૨૫ આવશ્યકોનું અવશ્ય પાલન કરવુ. આ ૨૫ માંથી કોઈ પણ સ્થાનની વિરાધના કરનારો, ગુરુવંદન કરવા છતા ગુરુવંદનથી થતી નિર્જરાનો ભાગી થતો નથી.

મન, વચન, કાયાના ઉપયોગવાળો થઈ આવશ્યકોમાં અહીનાતિરિક્ત રીતે જેમ જેમ પ્રયત્ન કરે છે તેમ તેમ તેને વધુને વધુ નિર્જરા થાય છે.

---

૧. પહેલા ત્રણ આવર્ત્ત- અહો, કાયં, કાય એમ બે-બે અક્ષરના છે. તેમાં પહેલો અક્ષર ઉચ્ચારતા બે હથેલી ઉંધી કરી ગુરુના ચરણે લગાડવી અને બીજો અક્ષર ઉચ્ચારતા બે હથેલી સીધી કરી પોતાના કપાળે લગાડવી.

બીજા ત્રણ આવર્ત્ત- જત્તા ભે, જવણિ, જજં ચ ભે એમ ત્રણ-ત્રણ અક્ષરના છે. તેમાં પહેલા અને ત્રીજા અક્ષરના ઉચ્ચાર વખતે ઉપર પ્રમાણે કરવુ અને મધ્ય અક્ષરના ઉચ્ચાર વખતે સીધી કરેલી હથેલીને ગુરુચરણથી પોતાના કપાળ તરફ લઈ જતા વચમાં સહેજ અટકાવવી.



## દ્વાર ૧૧મુ - મુહપત્તિ પડિલેહણા ૨૫

દ્વાદશાવર્ત વંદન કરનારે ખમાસમણ દઈ ગુરુની આજ્ઞા માગી ઉત્કટિકાસને બેસી મુહપત્તિનું પડિલેહણ કરવુ. તે આ પ્રમાણે-

(૧) દૃષ્ટિ પડિલેહણા :- મુહપત્તિના પડ ઉખેડીને દૃષ્ટિ સન્મુખ તીરછી વિસ્તારીને પહેલુ પાસુ બરાબર તપાસવુ. ત્યારબાદ પાસુ બદલી બીજુ પાસુ તપાસવુ. આ વખતે પહેલુ પાસુ તપાસતા 'સૂત્ર' અને બીજુ પાસુ તપાસતા 'અર્થ, તત્ત્વ કરી સદ્દહું' એમ ચિંતવવું.[૧]

(૨) ઊર્ધ્વ પપ્ફોડા ૬ :- દૃષ્ટિ પડિલેહણ કરી મુહપત્તિનો ડાબા હાથ તરફનો ભાગ ૩ વાર ખંખેરવો, તે ત્રણ વખતે 'સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરુ' એ ૩ બોલ ચિંતવવા. પછી મુહપત્તિ નું પાસુ બદલી જમણા હાથ તરફનો ભાગ ૩ વાર ખંખેરવો. તે ત્રણ વખતે 'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું' એ ૩ બોલ ચિંતવવા. આ ૬ પુરિમ પણ કહેવાય છે.[૨]

(૩) અક્ખોડા અને પક્ખોડા ૧૮ :- પુરિમ થઈ ગયા બાદ મુહપત્તિનો મધ્ય ભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડીવાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરોબર બે પડની ઘડી વળી જાય. ત્યારબાદ તરત તેના ત્રણ [૩]વધૂટક કરીને જમણા હાથની જ આંગળીઓના ત્રણ આંતરામાં ભરાવી ડાબા હાથની હથેળી પર અડે નહીં તે રીતે ત્રણ વાર ખંખેરવાપૂર્વક કાંડા સુધી લઈ જવી તે ત્રણ અક્ખોડા થયા. ત્યારબાદ નીચે ઉતારતી વખતે હથેળીને મુહપત્તિ સ્પર્શ કરે એ રીતે ત્રણ ઘસરકા ડાબી હથેળીને કરવા તે ત્રણ પક્ખોડા (પ્રમાર્જના). આ એકવાર થયુ. એવુ ત્રણ વાર કરવુ. એટલે ૯ અક્ખોડા અને ૯ પક્ખોડા (પ્રમાર્જના) થાય. એમ કુલ ૧૮ થાય. અક્ખોડા-

---

૧. **मुखकायप्रतिलेखनासु मनसः स्थिरीकरणार्थमेवं विचिन्तयेत् । - धर्मसंग्रहवृत्ति ।**
૨. આ ૬ ઊર્ધ્વ પપ્ફોડા પ્રવચનસારોદ્ધારમાં કહ્યા મુજબ અહીં જણાવ્યા છે. હાલમાં આવી વિધી પ્રચલિત છે - દૃષ્ટિ પડિલેહણા પછી પાછુ મૂળ બાજુએ જોવું. ડાબી બાજુના છેડાને ત્રણ વાર ખંખેરવો પછી જમણી બાજુના છેડાને ત્રણ વાર ખંખેરવો. આ છ ઊર્ધ્વ પ્રસ્ફોટ કહેવાય છે. ૩. પાટલી

પક્ખોડા પરસ્પર આંતરિક છે. અક્ખોડા-પક્ખોડા કરતા નીચેના બોલ ચિંતવવા-

પહેલા ૩ અક્ખોડા કરતા- સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.

પહેલા ૩ પક્ખોડા કરતા - કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.

બીજા ૩ અક્ખોડા કરતા - જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.

બીજા ૩ પક્ખોડા કરતા - જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું.

ત્રીજા ૩ અક્ખોડા કરતા - મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરુ.

ત્રીજા ૩ પક્ખોડા કરતા - મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.

## દ્વાર ૧૨મુ - શરીર પડિલેહણા ૨૫

જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પહેલા ડાબા હાથના મધ્ય, જમણા અને ડાબા ભાગને પ્રમાર્જવો, પછી વધૂટક કરેલી મુહપત્તિ ડાબા હાથમાં લઈ જમણા હાથની ત્રણ પ્રમાર્જના કરવી. પછી વધૂટક છૂટા કરીને મુહપત્તિના બે છેડા બે હાથથી ગ્રહણ કરી મસ્તક (લલાટ) ની ત્રણ પ્રમાર્જના કરવી, પછી મુખની ત્રણ પ્રમાર્જના કરવી, પછી હૃદયની ત્રણ પ્રમાર્જના કરવી. ત્યારબાદ મુહપત્તિ જમણા હાથમાં લઈ જમણા ખભા પર નાખી પીઠનો જમણો ભાગ પ્રમાર્જવો. ત્યારબાદ મુહપત્તિ ડાબા હાથમાં લઈ પીઠનો ડાબો ભાગ પ્રમાર્જવો. પછી મુહપત્તિને ડાબા હાથમાં જ રાખીને જમણી કાખની નીચે નાખી જમણી પીઠનો નીચેનો ભાગ પ્રમાર્જવો. પછી મુહપત્તિ જમણા હાથમાં લઈ તે જ રીતે ડાબી પીઠનો નીચેનો ભાગ પ્રમાર્જવો.

ત્યારબાદ ઓઘા વડે કે ચરવળા વડે જમણા પગની ત્રણ પ્રમાર્જના કરવી. ત્યારબાદ ડાબા પગની ત્રણ પ્રમાર્જના કરવી. પ્રવચન સારોદ્ધાર વૃત્તિમાં તો પગની પ્રમાર્જના પણ મુહપત્તિથી જ કરવાની જણાવ્યું છે. પણ હાલમાં પગની પ્રમાર્જના ઓઘાથી કે ચરવળાથી જ કરવાનો વ્યવહાર છે. ત્રણ પ્રમાર્જનમાં સર્વત્ર મધ્યભાગ, જમણો ભાગ અને ડાબો ભાગ સમજવો.

શરીર પડિલેહણા કરતા ચિંતવવાના બોલ-



ડાબા હાથની પ્રમાર્જના કરતા - હાસ્ય, રતિ, અરતિ પરિહરું.

જમણા હાથની પ્રમાર્જના કરતા - કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું.

મુખની પ્રમાર્જના કરતા - રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરું.

હૃદયની પ્રમાર્જના કરતા - માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.

જમણા પગની પ્રમાર્જના કરતા- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું.[૧]

ડાબા પગની પ્રમાર્જના કરતા - વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું.

સ્ત્રીઓને શરીર પડિલેહણા ૧૫ હોય છે. હૃદય, મસ્તક અને ખભા ઢાંકેલા હોય છે. તેથી ૧૦ પડિલેહણા ન હોય.

સાધ્વીજીને પ્રતિક્રમણ વખતે મસ્તક ખુલ્લુ હોવાથી મસ્તક ની ત્રણ પડિલેહણા સાથે ૧૮ પડિલેહણા હોય.

## દ્વાર ૧૩મુ - વંદનમાં ત્યજવાના દોષ ૨૨

(૧) અનાદૃત - અનાદરપણે ચિત્તની ઉત્સુકતા વિના વંદન કરે તે.

(૨) સ્તબ્ધ - જાતિમદ વગેરે મદ વડે સ્તબ્ધ થઈને વંદન કરે તે.

(૩) પવિદ્ધ - વંદના કરતા કરતા અધૂરી રાખીને ભાગી જાય તે.

(૪) પરિપિંડિત - ઘણાંને એક વંદનથી વાંદે, અથવા અક્ષરઆવર્ત્તોને છૂટા ન કરે અથવા બે હાથ કેડ ઉપર સ્થાપીને આવર્ત્ત કરે તે.

(૫) ટોલગતિ - તીડની જેમ કૂદકા મારતો વંદન કરે તે.

(૬) અંકુશ - વંદનાર્થે વંદનીયને કપડુ ઝાલી આસને ખેંચી જાય અથવા રજોહરણને અંકુશની જેમ બે હાથથી ઝાલે અથવા અંકુશથી હાથીના શીર્ષની પેઠે શીર્ષ ઉંચુ નીચુ કરવુ તે.

---

૧. ગૃહસ્થોએ અહીં 'રક્ષા કરું'ની બદલે 'જયણા કરું' એમ ચિંતવવું.

(૭) કચ્છપરિંગિત - વંદન કરતી વખતે કાચબાની જેમ શરીરને સન્મુખ અને વિમુખ ચલાયમાન કરે તે.

(૮) મત્સ્યોદ્વૃત્ત - વંદન કરતી વખતે બેસતા ઉઠતા એકદમ ઉછળવા સરખો શીઘ્ર ઉઠે અને બેસે તે અથવા એક સાધુને વંદન કર્યા પછી બીજા સાધુને વંદન કરવા માટે ત્યાં રહ્યો થકો જ શરીર ઘુમાવે તે.

(૯) મનઃપ્રદુષ્ટ - વંદનીયના દોષ મનમાં લાવી અસૂયા-અરુચિપૂર્વક વાંદે અથવા સ્વ કે પર નિમિત્તે થયેલા મનોદ્વેષપૂર્વક વાંદે.

(૧૦) વેદિકાબદ્ધ - બે હાથ, બે ઢીંચણથી ઉપર રાખે, નીચે રાખે, પડખે રાખે, ખોળામાં રાખે, એક ઢીંચણને બે હાથની વચ્ચે રાખે તે.

(૧૧) ભજંત - ગુરુ મને ભજે છે અથવા ભજશે એવી બુદ્ધિથી વંદન કરે તે, અથવા હે ગુરુજી ! અમે આપને વંદન કરવા ઉભા છીએ એમ કહી વંદન કરે તે.

(૧૨) ભય - વંદન નહી કરું તો ગુરુ મને ગચ્છ વગેરેમાંથી બહાર કાઢી મુકશે એવા ભયથી વંદન કરે તે.

(૧૩) ગૌરવ - સાધુઓ જાણે કે આ સમાચારીમાં કુશળ છે, એવા ગર્વથી વંદન કરે તે.

(૧૪) મૈત્રી - આ મારા મિત્ર છે અથવા થશે એમ જાણીને વંદન કરે તે.

(૧૫) કારણ - જ્ઞાનાદિ કારણ સિવાયના 'મને વસ્ત્ર આપશે' વગેરે કારણથી વદંન કરે તે.

(૧૬) સ્તૈન્ય - 'વંદન કરવાથી મારી લઘુતા થશે' એમ ધારી છૂપો રહી અથવા કોઈ દેખે ન દેખે તેમ વંદન કરે તે.

(૧૭) પ્રત્યનીક - અનવસરે વંદન કરે તે.

(૧૮) રુષ્ટ - ગુરુ ગુસ્સામાં હોય અથવા પોતે ગુસ્સામાં હોય ત્યારે વંદન કરવુ તે.

(૧૯) તર્જિત - 'લાકડાના શંકરની જેમ આપ ખુશ પણ નથી થતા અને ગુસ્સે પણ નથી થતા' એમ તર્જના કરતો અથવા આંગળી વગેરેથી



તર્જના કરતો વંદન કરે તે.

(૨૦) શઠ - વિશ્વાસ ઉપજાવવા માટે વંદન કરે અથવા માંદગી વગેરે બહાનુ કાઢી યથાવિધ વંદન ન કરે તે.

(૨૧) હીલિત - 'હે ગુરુ ! આપને વાંદવાથી શું ?' એમ અવજ્ઞા કરીને વંદન કરે તે.

(૨૨) વિપરિકુંચિત - અડધી વંદના કરીને દેશાદિ કથા કરે તે.

(૨૩) દષ્ટાદષ્ટ - ઘણા સાધુઓ વંદન કરતા હોય ત્યારે કોઈ સાધુની ઓથમાં અથવા અંધારામાં ગુરુ ન દેખે ત્યારે વંદન ન કરે, દેખે એટલે તુરંત વંદન કરે તે.

(૨૪) શૃંગ - આવર્ત્ત કરતી વખતે લલાટની બાજુમાં હાથનો સ્પર્શ કરે તે.

(૨૫) કર - વંદન કરવુ એ ભગવાનનો કે ગુરુનો કર છે એમ માની વંદન કરે, નિર્જરા માટે ન વાંદે.

(૨૬) કરમોચન - આ કર ચુકવ્યા વિના મોક્ષ નહી થાય એમ વિચારી વંદન કરે તે.

(૨૭) આશ્લિષ્ટ અનાશ્લિષ્ટ - આવર્ત્ત વખતે રજોહરણને અને મસ્તકને હાથ સ્પર્શે નહીં તે. અહીં ૪ ભાંગા થાય- રજોહરણને સ્પર્શે - મસ્તકને સ્પર્શે, રજોહરણને ન સ્પર્શે- મસ્તકને સ્પર્શે, રજોહરણને સ્પર્શે- મસ્તકને ન સ્પર્શે, રજોહરણને ન સ્પશે - મસ્તકને ન સ્પર્શે. અહીં પહેલો ભાંગો શુદ્ધ છે બાકીના ભાંગામાં દોષ લાગે.

(૨૮) ઊન - વંદન કરતા અક્ષર, પદ કે આવશ્યક ઓછા કરે તે.

(૨૯) ઉત્તરચૂડ - વંદન કર્યા પછી જોરથી 'મત્થએણ વંદામિ' કહે તે.

(૩૦) મૂક - મૂંગાની જેમ આલાવાનો ઉચ્ચાર કર્યા વિના વંદન કરે તે.

(૩૧) ઢઙ્ઢર - મોટા અવાજથી ઉચ્ચાર કરતો વંદન કરે તે.

(૩૨) ચુડલિક - ઉંબાડીયાની જેમ ઓઘાને ભમાવતો થકો વંદન કરે અથવા હાથ લાંબો કરી 'વંદન કરુ છું.' એમ કહેતો થકો વંદન કરે

અથવા હાથ લાંબો કરી ભમાવતો છતો 'સર્વેને વંદન કરું છું' એમ કહી વાંદે તે.

જે વ્યક્તિ આ ૩૨ દોષ રહિત વંદન ગુરુને કરે છે તે શીઘ્ર નિર્વાણ પામે છે અથવા વૈમાનિકદેવપણુ પામે છે.

## દ્વાર ૧૪મુ - વંદનના ગુણ ૬

ગુરુવંદન કરવાથી ૬ ગુણ થાય છે -

(૧) વિનય થાય. (૪) ભગવાનની આજ્ઞાનું પાલન થાય.
(૨) અભિમાનાદિનો નાશ થાય. (૫) શ્રુતધર્મની આરાધના થાય.
(૩) ગુરુની પૂજા થાય. (૬) પરંપરાએ મોક્ષ થાય.

## દ્વાર ૧૫મુ - ગુરુસ્થાપના ૧

ગુરુ સાક્ષાત્ વર્તતા ન હોય તો તેમની સ્થાપના સ્થાપવી. તે બે પ્રકારે છે -

(૧) સદ્ભૂત સ્થાપના :- ૩૬ ગુરુગુણયુક્ત ગુરુની કાષ્ઠની મૂર્તિ, પાષાણની મૂર્તિ, લેપ્યકર્મ, ચિત્રકામ વગેરેમાં જે સ્થાપના કરાય તે સદ્ભૂત સ્થાપના.

(૨) અસદ્ભૂતસ્થાપના :- અક્ષ, કોડી, જ્ઞાનાદિના ઉપકરણો, નવકારવાળી વગેરેમાં ગુરુની જે સ્થાપના કરાય તે અસદ્ભૂત સ્થાપના.

આ બે ના પ્રત્યેકના બે પ્રકાર છે.

૧. યાવત્કથિત સ્થાપના - કાયમી પ્રતિષ્ઠા, વિધિપૂર્વક પ્રતિષ્ઠિત હોય તે.

૨. ઈત્વરકથિત સ્થાપના - અલ્પકાળની, નવકાર પંચેન્દ્રિયથી સ્થાપેલી હોય તે.

પ્ર૦ ગુરુની સ્થાપના શા માટે સ્થાપવાની ?

જ૦ ગુરુ મહારાજનો આદેશ દેખાડવા માટે ગુરુસ્થાપના સ્થાપવી. જેમ ભગવાનની ગેરહાજરીમાં જિનપ્રતિમાની કરેલી સેવા પણ સફળ



થાય છે તેમ ગુરુમહારાજની ગેરહાજરીમાં ગુરુસ્થાપના સન્મુખ કરેલી ધર્મારાધના સફળ થાય છે.

## દ્વાર ૧૬મુ - અવગ્રહ ૨

[1]સ્વપક્ષે સાડા ત્રણ હાથનો અને [2]પરપક્ષે ૧૩ હાથનો અવગ્રહ રાખવો. આની અંદર પ્રવેશ કરવો ન કલ્પે. અવગ્રહથી આશાતના ટળે છે, શીલ સચવાય છે.

## દ્વાર ૧૭મુ - અક્ષર ૨૨૬

વંદનસૂત્રમાં ૨૦૧ લઘુઅક્ષર છે, ૨૫ જોડાક્ષર છે, એમ સર્વ મળી ૨૨૬ અક્ષર છે.

## દ્વાર ૧૮મુ - પદ ૨૮

વંદનસૂત્રમાં છ સ્થાનના પદ અનુક્રમે ૫, ૩, ૧૨, ૨, ૩, ૪ એમ કુલ ૨૯ છે. ત્યારબાદ બીજા ૨૯ પદ છે. એમ સર્વ મળી ૫૮ પદ છે.

પહેલુ સ્થાન - ઈચ્છામિ-ખમાસમણો-વંદિઉં-જાવણિજ્જાએ-નિસીહિઆએ

બીજુ સ્થાન - અણુજાણહ મે મિઉગ્ગહં

ત્રીજુ સ્થાન - નિસીહિ-અહો-કાયં-કાયસંફાસં-ખમણિજ્જો-ભે-કિલામો- અપ્પકિલંતાણં-બહુસુભેણ-ભે-દિવસો-વઈક્કંતો.

ચોથું સ્થાન - જત્તા ભે

પાંચમું સ્થાન - જવણિજ્જં ચ ભે

છટ્ઠું સ્થાન - ખામેમિ-ખમાસમણો-દેવસિઅં-વઈક્કમં.

## દ્વાર ૧૯મુ - સ્થાન ૬

વંદન કરનારના વંદનસૂત્રમાં ૬ અધિકાર હોય છે. તે ૬ સ્થાન કહેવાય છે. તે આ પ્રમાણે છે-

---

૧. સાધુ ભગવંત માટે અન્ય સાધુભગવંત અને શ્રાવક સ્વપક્ષ કહેવાય. સાધ્વીજી ભગવંત માટે અન્ય સાધ્વીજીભગવંત અને શ્રાવિકા સ્વપક્ષ કહેવાય.

૨. સાધુ ભગવંત માટે સાધ્વીજીભગવંત અને શ્રાવિકા પરપક્ષ કહેવાય. સાધ્વીજી ભગવંત માટે સાધુભગવંત અને શ્રાવક પરપક્ષ કહેવાય.

સ્થાન ૧ - ઈચ્છા - વંદન કરવાની ઈચ્છા પ્રગટ કરવી.

સ્થાન ૨ - અનુજ્ઞા - અવગ્રહમાં પ્રવેશ કરવાની રજા માગવી.

સ્થાન ૩ - અવ્યાબાધ - ગુરુમહારાજને વંદનપૂર્વક સુખશાતા પૂછવી.

સ્થાન ૪ - યાત્રા - 'હે ભગવંત ! આપની સંયમયાત્રા સુખપૂર્વક પ્રવર્ત્તે છે ?' એમ પૂછવુ.

સ્થાન ૫ - યાપના - 'આપનું શરીર સુખરુપ છે ?' એમ પૂછવુ.

સ્થાન ૬ - અપરાધક્ષમાપના - થયેલા અપરાધોની ક્ષમા માગવી.

ત્યારપછી વિશેષ પ્રકારે અપરાધની ક્ષમાપના કરે છે, પણ તેની કોઈ સ્થાનમાં ગણતરી કરી નથી.

પ્ર૦ અવ્યાબાધ, યાત્રા, યાપનામાં શું ભેદ છે ?

જ૦ અવ્યાબાધ એટલે દ્રવ્યથી તલવાર વગેરેના અભિઘાતનો અને ભાવથી મિથ્યાત્વાદિ શલ્યનો અભાવ.

યાત્રા એટલે સુખપૂર્વક સંયમક્રિયા પ્રવર્ત્તવી તે.

યાપના એટલે દ્રવ્યથી ઔષધાદિ વડે શરીરની સમાધિ અને ભાવથી ઈન્દ્રિય-મન નો ઉપશમ.

### દ્વાર ૨૦મુ - ગુરુવચન ૬

ઉપરોક્ત ૬ સ્થાનો વખતે અનુક્રમે ગુરુના ૬ ઉત્તરો હોય છે, તે આ પ્રમાણે છે.

ગુરુવચન ૧ - છંદેણ - અર્થાત્ 'જેવો તારો અભિપ્રાય.'

કોઈ કારણસર વંદન ન કરાવવુ હોય તો 'પડિક્ખહ' કહે અથવા ટુંકુ વદંન કરાવવું હોય તો 'તિવિહેણ' કહે, ત્યારે શિષ્ય 'મત્થએણ વંદામિ' કહી પુરુ કરે.

ગુરુવચન ૨ - અણુજાણામિ - અર્થાત્ 'આજ્ઞા આપું છું.'

ગુરુવચન ૩ - તહત્તિ - અર્થાત્ 'જેમ તું કહે છે તેમ જ છે.'



ગુરુવચન ૪ - તુબ્ભંપિ વટ્ટએ - અર્થાત્ 'તને પણ વર્ત્તે છે ?'

ગુરુવચન ૫ - એવં - અર્થાત્ 'હા ! તેમજ છે.'

ગુરવચન ૬ - અહમવિ ખામેમિ તુમં - અર્થાત્ 'હું પણ તને ખમાવું છું.'

### દ્વાર ૨૧મુ - આશાતના ૩૩

(૧)(૨)(૩) પુરોગમન, પુરઃસ્થાન, પુરોનિષીદન - ગુરુની આગળ ચાલવું, ઉભા રહેવું, બેસવું તે.

(૪)(૫)(૬) પક્ષગમન, પક્ષસ્થાન, પક્ષનિષીદન- ગુરુની બાજુમાં ચાલવું, ઉભા રહેવું, બેસવું તે.

(૭)(૮)(૯) આસન્નગમન, આસન્નસ્થાન, આસન્નનિષીદન - ગુરુની પાછળ નજીકમાં ચાલવું, ઉભા રહેવું, બેસવું તે.

(૧૦) આચમન - ગુરુ સાથે સ્થંડિલભૂમિએ ગયા હોય ત્યાં ગુરુ કરતા પહેલા પોતે શુદ્ધિ કરે તે.

(૧૧) આલોચન - બહારથી ઉપાશ્રયમાં પાછા આવ્યા પછી ગુરુ કરતા પહેલા ઈરિયાવહિયા કરે તે.

(૧૨)(૧૩) અપ્રતિશ્રવણ - દિવસે ગુરુ બોલાવે તો પણ જવાબ ન આપે તે. રાત્રે ગુરુ પૂછે 'કોઈ જાગે છે ? કોણ સુતુ છે ?' ત્યારે જાગતો હોવા છતાં જવાબ ન આપે તે.

(૧૪) પૂર્વાલાપન - ગૃહસ્થાદિને ગુરુએ બોલાવ્યા પહેલા પોતે બોલાવે તે.

(૧૫) પૂર્વાલોચન - ગોચરીની આલોચના ગુરુ કરતા પહેલા બીજા પાસે કરે તે.

(૧૬) પૂર્વોપદર્શન - ગુરુ કરતા પહેલા બીજાને ગોચરી બતાવે તે.

(૧૭) પૂર્વનિમંત્રણ - ગોચરી વાપરવા માટે ગુરુ કરતા પહેલા બીજાને નિમંત્રણ કરે તે.

(૧૮) ખદ્ધદાન - ગુરુની આજ્ઞા વિના પોતે બીજાને ગોચરી વહેંચે.

(૧૯) ખદ્ધાદન - ગુરુને થોડું આપી સારુ સારુ પોતે વાપરે.

(૨૦) ખદ્ધભાષણ - કર્કશ અને મોટા ઘાંટા પાડીને ગુરુ સાથે બોલવુ તે.

(૨૧) તત્રગત - ગુરુ બોલાવે ત્યારે 'મત્થએણ વંદામિ' કહી તેમના આસને જવુ જોઈએ. તેની બદલે પોતાના આસન પર બેઠો થકો જ જવાબ આપે તે.

(૨૨) કિં ભાષણ - ગુરુ બોલાવે ત્યારે 'આજ્ઞા ફરમાવો' એમ કહેવુ જોઈએ. તેની બદલી 'કેમ ? શું કહો છો ? શું છે ?' એમ કહે તે.

(૨૩) તું ભાષણ - ગુરુને 'ભગવંત, પૂજ્ય, આપ' કહી બોલાવવા જોઈએ. તેની બદલે 'તું,તમે' વગેરે કહે તે.

(૨૪) તજ્જાત ભાષણ - ગુરુને સામે ઉલ્ટો જવાબ આપે તે. ગુરુ કહે કે, 'આ ગ્લાન સાધુની વૈયાવચ્ચ કેમ નથી કરતો ?' ત્યારે સામો જવાબ આપે, 'તમે પોતે જ વૈયાવચ્ચ કેમ નથી કરતા' વગેરે.

(૨૫) નોસુમન - ગુરુ કે રત્નાધિક ધર્મકથા કરતા હોય ત્યારે 'અહો આપે ઉત્તમ ધર્મકથા કહી' એમ પ્રશંસા ન કરે પણ મનમાં દુભાય.

(૨૬) નોસ્મરણ - ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે શિષ્ય એમ કહે, 'તમને એ અર્થો યાદ નથી. એ અર્થ એ પ્રમાણે ન હોય.' વગેરે.

(૨૭) કથાછેદ - ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે ગૃહસ્થોને કહે, 'એ કથા તમને હું પછીથી સારી રીતે સમજાવીશ.' વગેરે.

(૨૮) પરિષદ ભેદ - ગુરુની કથામાં સભા એકતાન થઈ હોય ત્યારે શિષ્ય કહે, 'હવે ક્યાં સુધી કથા લંબાવવી છે ? વાપરવાનો સમય થયો.' વગેરે.

(૨૯) અનુત્થિત કથા - ગુરુએ ધર્મકથા કર્યા બાદ એ જ સભામાં પોતાની ચતુરાઈ બતાવવા વિશેષથી ધર્મકથા કહે તે.

(૩૦) સંથારપાદઘટ્ટન - ગુરુની શય્યા, સંથારા વગેરેને પોતાનો પગ



લગાડવો, આજ્ઞા વિના સ્પર્શ કરવો તે.

(૩૧) સંથારાવસ્થાન - ગુરુની શય્યા, સંથારા, આસન વગેરે ઉપર ઉભા રહેવુ, બેસવુ, સુવુ વગેરે.

(૩૨) ઉચ્ચાસન - ગુરુ કરતા ઉંચા આસને બેસવુ તે.

(૩૩) સમાસન - ગુરુની સમાન આસન ઉપર બેસવુ તે.

આ ૩૩ આશાતના વર્જવી.

| આશાતના | ગુરુની | સ્થાપનાજીની |
|---|---|---|
| જઘન્ય | પગ લગાડવો | પગ લગાડવો, ચળવિચળ કરવા. |
| મધ્યમ | થુંક લગાડવી | ભૂમિ પર પાડવા, અવજ્ઞાથી જેમતેમ મૂકવા. |
| ઉત્કૃષ્ટ | આજ્ઞા ન માનવી | નાશ કરવો. |

## દ્વાર ૨૨મુ - વિધિ ૨

પ્રતિક્રમણના નિયમવાળાએ સામગ્રી કે શક્તિના અભાવે નીચે પ્રમાણે બૃહદ્ ગુરુવંદન (લઘુ પ્રતિક્રમણ) નો વિધિ કરવો.

સવારે - ઈરિયાવહિયા, કુસુમિણ૦ નો કાઉસ્સગ્ગ, ચૈત્યવંદન, મુહપત્તિ, વાંદણા, આલોચના (રાઈઅં આલોઉં, સવ્વસ્સવિ૦), વાંદણા, ખામણા (અબ્ભુટ્ઠિઓ), વાંદણા, પચ્ચક્ખાણ, ચાર છોભવંદન (ભગવાનહં વગેરે), સજ્ઝાયના બે આદેશ.

સાંજે - ઈરિયાવહિયા, ચૈત્યવંદન, મુહપત્તિ, વાંદણા, પચ્ચક્ખાણ, વાંદણા, આલોચના (દેવસિઅં આલોઉં, સવ્વસ્સવિ૦), વાંદણા, ખામણા (અબ્ભુટ્ઠિઓ), ચાર છોભવંદન, દેવસિઅ પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ, સજ્ઝાયના બે આદેશ.

ગુરુવંદનના આ વિધિને આદરીને સાધુઓ અનેક ભવોમાં ભેગા કરેલા કર્મોને ખપાવે છે.

# શ્રીગુરુવંદનભાષ્ય

(મૂળ ગાથા અને ગાથાર્થ)

ગુરુવંદણમહ તિવિહં, તં ફિટ્ટા છોભ બારસાવત્તં ।
સિરનમણાઈસુ પઢમં, પુણ્ણ-ખમાસમણ-દુગિ બીઅં ॥૧॥

ગુરુવંદનના ત્રણ પ્રકાર છે. ફેટાવંદન, છોભવંદન અને દ્વાદશાવર્ત્ત વંદન. મસ્તક નમાવવાથી પહેલું ફેટાવંદન થાય છે, પૂરા બે ખમાસમણા આપવાથી બીજુ છોભવંદન થાય છે. ૧

જહ દૂઓ રાયાણં, નમિઉં કજ્જં નિવેઈઉં પચ્છા ।
વીસજ્જિઓ વિ વંદિઅ, ગચ્છઈ એમેવ ઈત્થ દુગં ॥૨॥

જેમ દૂત રાજાને નમીને કાર્યનું નિવેદન કરે, પછી વિસર્જન કરાય ત્યારે વંદન કરીને જાય, તેમજ અહીં બે વાર વંદન કરાય છે. ૨

આયારસ્સ ઉ મૂલં વિણઓ, સો ગુણવઓ અ પડિવત્તી ।
સા ય વિહિ-વંદણાઓ, વિહી ઈમો બારસાવત્તે ॥૩॥

આચારનું મૂળ વિનય છે, વિનય એ ગુણવંતની ભક્તિરુપ છે, ગુણવંતની ભક્તિ વિધિપૂર્વક વંદન કરવાથી થાય છે, તે દ્વાદશાવર્ત્ત વંદનનો વિધિ આ પ્રમાણે છે. ૩

તઈયં તુ છંદણ-દુગે, તત્થ મિહો આઈમં સયલસંઘે ।
બીયં તુ દંસણીણ ય, પયટ્ઠિઆણં ચ તઈયં તુ ॥૪॥

ત્રીજુ દ્વાદશાવર્ત્તવંદન બે વાંદણા આપવાથી થાય છે. ત્યાં પહેલું વંદન સકલ સંઘમાં પરસ્પર કરાય, બીજુ સાધુ-સાધ્વીને કરાય અને ત્રીજુ પદસ્થોને કરાય. ૪

વંદણ-ચિઈ-કિઈકમ્મં, પૂઆકમ્મં ચ વિણયકમ્મં ચ ।
કાયવ્વં કસ્સ વ ? કેણ વાવિ ? કાહે વ ? કઈ ખુત્તો ?॥૫॥

વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ કોને, કોણે, ક્યારે અથવા કેટલીવાર કરવા ? ૫



કઈ ઓણયં કઈ સિરં, કઈહિં વ આવસ્સએહિં પરિસુદ્ધં ? ।
કઈ દોસ વિપ્પમુક્કં, કિઈકમ્મં કીસ કીરઈ વા ॥૬॥

કેટલા અવનતવાળા, કેટલા શીર્ષવાળા, કેટલા આવશ્યકોથી વિશુદ્ધ, કેટલા દોષો રહિત અને શા માટે કરાય છે ? ૬

પણનામ પણાહરણા, અજુગ્ગપણ જુગ્ગપણ ચઉ અદાયા ।
ચઉદાય પણનિસેહા, ચઉ અણિસેહ-ટ્ઠકારણયા ॥૭॥

પાંચ નામ, પાંચ દૃષ્ટાંત, અયોગ્ય ૫, યોગ્ય ૫, ૪ અદાતા, ૪ દાતા, ૫ નિષેધ, ૪ અનિષેધ, ૮ કારણ. ૭

આવસ્સય મુહણંતય, તણુપેહ-પણીસ-દોસ બત્તીસા ।
છગુણ ગુરુઠવણ દુગ્ગહ, દુછવીસક્ખર ગુરુ પણીસા ॥૮॥

૨૫ આવશ્યક,૨૫ મુહપત્તિ પડિલેહણા, ૨૫ શરીર પડિલેહણા, ૩૨ દોષ, ૬ ગુણ, ગુરુસ્થાપના, ૨ અવગ્રહ, ૨૨૬ અક્ષર, ૨૫ ગુરુ અક્ષર. ૮

પય અડવન્ન છ ઠાણા, છ ગુરુવયણા આસાયણ-તિત્તીસં ।
દુવિહી દુવીસ-દારેહિં, ચઉસયા બાણઉઈ ઠાણા ॥૯॥

૫૮ પદ, ૬ સ્થાન, ૬ ગુરુવચન, ૩૩ આશાતના, ૨ વિધિ - એમ ૨૨ દ્વારોમાં ૯૨ સ્થાન છે. ૯

વંદણયં ચિઈકમ્મં કિઈકમ્મં પૂઅકમ્મં વિણયકમ્મં ।
ગુરુવંદણ પણ નામા, દવ્વે ભાવે દુહાહરણા (દુહોહેણ) ॥૧૦॥

વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ, વિનયકર્મ- એ ગુરુવંદનના પાંચ નામ છે, દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારના ઉદાહરણો છે. ૧૦

સીયલય ખુડ્ડએ વીર કન્હ સેવગ દુ પાલએ સંબે ।
પંચેએ દિટ્ઠંતા, કિઈકમ્મે દવ્વ-ભાવેહિં ॥૧૧॥

કૃતિકર્મમાં દ્રવ્યથી અને ભાવથી શીતલાચાર્ય, ક્ષુલ્લક, વીરક અને કૃષ્ણ, બે સેવક, પાલક અને શાંબ - એ પાંચ દૃષ્ટાંત છે. ૧૧

પાસત્થો ઓસન્નો, કુસીલ સંસત્તઓ અહાછંદો ।
દુગ દુગ તિ દુ એગવિહા, અવંદણિજ્જા જિણમયંમિ ॥૧૨॥

૨, ૨, ૩, ૨, ૧ પ્રકારના પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, યથાછંદ જિનમતમાં અવંદનીય છે. ૧૨

આયરિય ઉવજ્ઝાએ, પવત્તિ થેરે તહેવ રાયણિએ ।
કિઈકમ્મ નિજ્જરટ્ઠા, કાયવ્વમિમેસિં પંચણ્હં ॥૧૩॥

૮ કર્મની નિર્જરા માટે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને રત્નાધિક- એ પાંચને વંદન કરવુ. ૧૩

માય પિઅ જિટ્ઠભાયા, ઓમાવિ તહેવ સવ્વ રાયણિએ ।
કિઈકમ્મ ન કારિજ્જા, ચઉસમણાઈ કુણંતિ પુણો ॥૧૪॥

ઓછા પર્યાયવાળા એવા પણ માતા, પિતા, મોટા ભાઈ અને સર્વ રત્નાધિકો પાસે વંદન ન કરાવવુ, શેષ ચતુર્વિધ સંઘ વંદન કરે. ૧૪

વિક્ખિત્ત પરાહુત્તે, અ પમત્તે મા કયાઈ વંદિજ્જા ।
આહારં નીહારં, કુણમાણે કાઉ-કામે અ ॥૧૫॥

ગુરુ વ્યાક્ષિપ્ત, પરાઙ્મુખ, પ્રમત્ત, આહાર-નિહાર કરતા કે કરવાની ઈચ્છાવાળા હોય ત્યારે વંદન ન કરવુ. ૧૫

પસંતે આસણત્થે અ, ઉવસંતે ઉવટ્ઠિએ ।
અણુન્નવિત્તુ મેહાવી, કિઈકમ્મં પઉંજઈ ॥૧૬॥

ગુરુ પ્રશાંત, આસનસ્થ, ઉપશાંત અને ઉપસ્થિત હોય ત્યારે બુદ્ધિમાન શિષ્ય અનુજ્ઞા લઈ વંદન કરે. ૧૬

પડિકમણે, સજ્ઝાએ, કાઉસ્સગ્ગા-વરાહ પાહુણએ ।
આલોયણ સંવરણે, ઉત્તમટ્ઠે ય વંદણયં ॥૧૭॥

પ્રતિક્રમણમાં, સ્વાધ્યાય માટે, કાઉસ્સગ્ગ કરવા માટે, અપરાધ ખમાવવા માટે, મહેમાન સાધુને, આલોચના કરવા, પચ્ચક્ખાણ લેવા, અનશન કરવા માટે વંદન કરવુ. ૧૭



દોવણયમહાજાયં, આવત્તા બાર ચઉસિર તિગુત્તં ।
દુપવેસિગ નિક્ખમણં, પણવીસાવસય કિઈકમ્મે ॥૧૮॥

૨ અવનત, યથાજાત, ૧૨ આવર્ત્ત, ૪ શીર્ષ, ૩ ગુપ્તિ, ૨ પ્રવેશ, નિષ્ક્રમણ- એ વંદનના ૨૫ આવશ્યક છે. ૧૮

કિઈકમ્મંપિ કુણંતો, ન હોઈ કિઈકમ્મ-નિજ્જરા-ભાગી ।
પણવીસામન્નયરં, સાહૂ ઠાણં વિરાહંતો ॥૧૯॥

આ ૨૫ માંથી કોઈપણ સ્થાનની વિરાધના કરતો સાધુ વંદન કરવા છતા વંદનથી થતી નિર્જરાનો ભાગી થતો નથી. ૧૯

દિટ્ઠિ-પડિલેહ એગા, છ ઉઢ્ઢપપ્ફોડ તિગ-તિગંતરિઆ ।
અક્ખોડ પમજ્જણયા, નવ નવ મુહપત્તિ પણવીસા ॥૨૦॥

દૃષ્ટિ પડિલેહણ એક, ૬ ઊર્ધ્વ પપ્ફોડા, ૩-૩ ને આંતરે ૯ અકખોડા અને ૯ પ્રમાર્જના - એમ ૨૫ મુહપત્તિ પડિલેહણા છે. ૨૦

પાયાહિણેણ તિઅ તિઅ, વામેઅર બાહુ સીસ મુહ હિયએ ।
અંસુઢ્ઢાહો પિટ્ઠે, ચઉ છપ્પય દેહ-પણવીસા ॥૨૧॥

પ્રદક્ષિણા ક્રમે (મધ્યમાં, જમણી બાજુએ અને ડાબી બાજુએ) ડાબા હાથ, જમણા હાથ, શીર્ષ, મુખ, હૃદયની ૩-૩ વાર પ્રમાર્જના કરવી, ખભાની ઉપર અને નીચે પાછળની ચાર અને પગની ૬ પ્રમાર્જના કરવી- એ ૨૫ શરીર પડિલેહણા થઈ. ૨૧

આવસ્સએસુ જહ જહ, કુણઈ પયત્તં અહીણમઈરિત્તં ।
તિવિહ-કરણોવઉત્તો, તહ તહ સે નિજ્જરા હોઈ ॥૨૨॥

જે ત્રણ કરણમાં ઉપયોગવાળો થઈને આવશ્યકોમાં જેમ જેમ અન્યૂનાધિક પ્રયત્ન કરે છે તેમ તેમ તેને નિર્જરા થાય છે. ૨૨

દોસ અણાઢિઅ થદ્ધિઅ, પવિદ્ધ પરિપિંડિઅં ચ ટોલગઈ ।
અંકુસ કચ્છભ-રિંગિઅ, મચ્છુવ્વત્તં મણપઉટ્ઠં ॥૨૩॥

દોષો - અનાદત, સ્તબ્ધ, પવિદ્ધ, પરિપિંડિત, ટોલગતિ, અંકુશ, કચ્છપરિંગિત, મત્સ્યોદ્વૃત્ત, મનઃપ્રદુષ્ટ. ૨૩

વેઈયબદ્ધ ભયંતં, ભય ગારવ મિત્ત કારણા તિન્નં ।
પડિણીય રુટ્ઠં તજ્જિઅ, સઢ હીલિઅ વિપલિઉં-ચિયયં ॥૨૪॥

વેદિકાબદ્ધ, ભજંત, ભય, ગારવ, મિત્ર, કારણ, સ્તૈન્ય, પ્રત્યનીક, રુષ્ટ, તર્જિત, શઠ, હીલિત, વિપરિકુંચિત. ૨૪

દિટ્ઠમદિટ્ઠં સિંગં, કર તમ્મોઅણ અણિદ્ધણાલિદ્ધં ।
ઊણં ઉત્તરચૂલિઅ, મૂઅં ઢડ્ઢર ચુડલિયં ચ ॥૨૫॥

દૃષ્ટાદૃષ્ટ, શૃંગ, કર, કરમોચન, આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ, ઊન, ઉત્તરચૂડ, મૂક, ઢઢ્ઢર, ચુડલિક - એ ૩૨ દોષ છે. ૨૫

બત્તીસદોસ-પરિસુદ્ધં, કિઈકમ્મં જો પઉંજઈ ગુરૂણં ।
સો પાવઈ નિવ્વાણં, અચિરેણ વિમાણવાસં વા ॥૨૬॥

જે ૩૨ દોષ રહિત વંદન ગુરુને કરે છે તે શીઘ્ર મોક્ષ પામે છે અથવા વિમાનવાસ પામે છે. ૨૬

ઈહ છચ્ચ ગુણા વિણઓવયાર માણાઈભંગ ગુરુપૂઆ ।
તિત્થયરાણ ય આણા, સુઅધમ્મારાહણા કિરિયા ॥૨૭॥

અહીં વંદનમાં ૬ ગુણ છે - વિનયોપચાર, માનાદિ ભંગ, ગુરુપૂજા, તીર્થંકરની આજ્ઞાનું આરાધન, શ્રુતધર્મારાધના, અક્રિયા (મોક્ષ). ૨૭

ગુરુગુણજુત્તં તુ ગુરું, ઠાવિજ્જા અહવ તત્થ અકખાઈ ।
અહવા નાણાઈ-તિઅં, ઠવિજ્જ સક્ખં ગુરુઅભાવે ॥૨૮॥

સાક્ષાત્ ગુરુના અભાવમાં ગુરુગુણથી યુક્ત ગુરુની સ્થાપના કરવી, અથવા ત્યાં અક્ષાદિમાં સ્થાપના કરવી અથવા જ્ઞાનાદિ ત્રણ (ના ઉપકરણો) સ્થાપવા. ૨૮

અક્ખે વરાડએ વા, કટ્ઠે પુત્થે અ ચિત્તકમ્મે અ ।
સબ્ભાવમસબ્ભાવં, ગુરુઠવણા-ઈત્તરાવકહા ॥૨૯॥

અક્ષમાં, કોડામાં, કાષ્ઠની મૂર્તિમાં, લેપ્યકર્મમાં, ચિત્રકર્મમાં, સદ્ભાવ અને અસદ્ભાવ, ઈત્વર કથિત અને યાવત્કથિત ગુરુસ્થાપના કરવી. ૨૯



ગુરુવિરહંમિ ઠવણા, ગુરૂવએસોવદંસણત્થં ચ ।
જિણવિરહંમિ જિણબિંબ સેવણા-મંતણં સહલં ॥૩૦॥

ગુરુના વિરહમાં ગુરુનો ઉપદેશ દેખાડવા સ્થાપના કરાય છે. જેમ જિનેશ્વરના વિરહમાં જિનબિંબની સેવના, આમંત્રણ સફળ થાય છે, તેમ ગુરુસ્થાપના પણ સફળ છે. ૩૦

ચઉદિસિ ગુરુગ્ગહો ઈહ, અહુટ્ઠ તેરસ કરે સપરપક્ખે ।
અણણુન્નાયસ્સ સયા, ન કપ્પએ તત્થ પવિસેઉં ॥૩૧॥

ગુરુથી ચારે દિશામાં સ્વપક્ષે સાડા ત્રણ હાથ અને પરપક્ષે તેર હાથનો અવગ્રહ છે. તે અવગ્રહમાં અનુજ્ઞા વિના પ્રવેશ કરવો ન કલ્પે. ૩૧

પણ તિગ બારસ દુગ તિગ, ચઉરો છટ્ઠાણ પય ઈગુણતીસં।
ગુણતીસ સેસ આવસ્સયાઈ સવ્વપય અડવન્ના ॥૩૨॥

૫, ૩, ૧૨, ૨, ૩, ૪ એમ ૬ સ્થાનના પદ ૨૯ છે. શેષ આવસ્સિયાએ વગેરે ૨૯ પદ છે. એમ સર્વ પદ ૫૮ છે. ૩૨

ઈચ્છા ય અણુન્નવણા, અવ્વાબાહં ચ જત્ત જવણા ય ।
અવરાહ-ખામણા વિ ય, વંદણ-દાયસ્સ છટ્ઠાણા ॥૩૩॥

ઈચ્છા, અનુજ્ઞા, અવ્યાબાધ, યાત્રા, યાપના, અપરાધક્ષમાપના એ વંદન કરનારના ૬ સ્થાન છે. ૩૩

છંદેણ-ણુજાણામિ, તહત્તિ તુબ્ભંપિ વટ્ટએ એવં ।
અહમવિ ખામેમિ તુમં, વયણાઈં વંદણરિહસ્સ ॥૩૪॥

છંદેણ, અણુજાણામિ, તહત્તિ, તુબ્ભંપિ વટ્ટએ, એવં, અહમવિ ખામેમિ તુમં - એ વંદનીયના વચનો છે. ૩૪

પુરઓ પક્ખાસન્ને, ગંતા ચિટ્ઠણ નિસીઅણા-યમણે ।
આલોયણ પડિસુણણે, પુવ્વા-લવણે અ આલોએ ॥૩૫॥

આગળ, બાજુમાં, પાછળ નજીકમાં ચાલવું, ઉભા રહેવું, બેસવું, આચમન, આલોચન, અપ્રતિશ્રવણ, પૂર્વાલાપન, પૂર્વાલોચન. ૩૫

તહ ઉવદંસ નિમંતણ, ખદ્ધા-યયણે તહા અપડિસુણણે ।
ખદ્ધત્તિ ય તત્થ ગએ, કિં તુમ તજ્જાય નોસુમણે ॥૩૬॥

તથા ઉપદર્શન, નિમંત્રણ, ખદ્ધદાન, ખદ્ધાદન તથા અપ્રતિશ્રવણ, ખદ્ધ, તત્રગત, કિં, તું, તજ્જાત, નો સુમન, નો સ્મરણ, કથાછેદ. ૩૬

નો સરસિ કહં છિત્તા, પરિસંભિત્તા અણુટ્ઠિયાઈ કહે ।
સંથાર-પાયઘટ્ટણ, ચિટ્ઠુ-ચ્ચ-સમાસણે આવિ ॥૩૭॥

પરિષદ્ભેદ, અનુત્થિત કથા, સંથારપાદઘટ્ટન, સંથારાવસ્થાન, ઉચ્ચાસન, સમાસન- આ ૩૩ આશાતના છે. ૩૭

ઈરિયા કુસમિણુસગ્ગો, ચિઈવંદણ પુત્તિ વંદણાલોયં ।
વંદણ ખામણ વંદણ, સંવર ચઉછોભ દુસજ્ઝાઓ ॥૩૮॥

ઈરિયાવહિયા, કુસુમિણ૦ નો કાઉસ્સગ્ગ, ચૈત્યવંદન, મુહપત્તિ, વાંદણા, આલોચના, વાંદણા, ખામણા, વાંદણા, સંવર, ચાર છોભવંદન, ૨ સજ્ઝાયના આદેશ. ૩૮

ઈરિયા ચિઈવંદણ પુત્તિ વંદણં ચરિમ વંદણા-લોયં, ।
વંદણ ખામણ ચઉછોભ, દિવસુસ્સગ્ગો દુસજ્ઝાઓ ॥૩૯॥

ઈરિયાવહિયા, ચૈત્યવંદન, મુહપત્તિ, વાંદણા, ચરિમ, વાંદણા, આલોચના, વાંદણા, ખામણા, ચાર છોભવંદન, દેવસિય પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ, બે સજ્ઝાયના આદેશ. ૩૯

એયં કિઈકમ્મવિહિં, જુંજંતા ચરણ-કરણ-માઉત્તા ।
સાહૂ ખવંતિ કમ્મં, અણેગભવ-સંચિય-મણંતં ॥૪૦॥

આ વંદનવિધિને આદરનારા ચરણકરણમાં ઉપયોગવાળા સાધુઓ અનેક ભવોમાં ભેગા કરેલા અનંત કર્મોને ખપાવે છે. ૪૦

અપ્પમઈ-ભવ્વ-બોહત્થ ભાસિયં વિવરિયં ચ જમિહ મએ ।
તં સોહંતુ ગિયત્થા, અણભિનિવેસી અમચ્છરિણો ॥૪૧॥



અલ્પબુદ્ધિવાળા ભવ્ય જીવોના બોધ માટે મેં આ કહ્યું. તેમાં મારા વડે જે વિપરીત કહેવાયુ હોય તેને કદાગ્રહ વિનાના અને મત્સર વિનાના ગીતાર્થો સુધારે. ૪૧

# શ્રીપચ્ચક્ખાણભાષ્ય (પદાર્થો)

૯ દ્વાર

| નં. | દ્વાર | પેટાભેદ | નં. | દ્વાર | પેટાભેદ |
|---|---|---|---|---|---|
| ૧. | પચ્ચક્ખાણ | ૧૦ | ૬. | નીવિયાતા | ૩૦ |
| ૨. | વિધિ | ૪ | ૭. | ભાંગા | ૨ |
| ૩. | આહાર | ૪ | ૮. | શુદ્ધિ | ૬ |
| ૪. | આગાર | ૨૨ | ૯. | ફળ | ૨ |
| ૫. | વિગઈ | ૧૦ | | | |

## દ્વાર ૧લુ - પચ્ચક્ખાણ ૧૦

પચ્ચક્ખાણના ૧૦ પ્રકાર છે. તે આ પ્રમાણે છે.

(૧) અનાગત - પછી કરવાનો તપ વૈયાવચ્ચાદિના કારણે પહેલા કરી લે તે. જેમકે પર્યુષણમાં આચાર્યાદિની વૈયાવચ્ચ કરવાની હોવાથી તેનો અટ્ઠમ પર્યુષણની પહેલા જ કરી લે.

(૨) અતિક્રાંત - પહેલા કરવાનો તપ વૈયાવચ્ચાદિના કારણે પછીથી કરે તે. જેમકે પર્યુષણમાં આચાર્યાદિની વૈયાવચ્ચના કારણે અટ્ઠમ થઈ શક્યો ન હોય તો પછી કરે.

(૩) કોટિસહિત - બે તપના બે છેડા મળતા હોય એટલે કે એક તપનો અંત અને બીજા તપની આદિ એ બે ભેગા થતા હોય તે કોટિસહિત પચ્ચક્ખાણ. તેના બે પ્રકાર છે.

૧. સમકોટિ - ઉપવાસ પૂર્ણ થયે ઉપવાસ કરે, આયંબિલ પૂર્ણ થયે આયંબિલ કરે વગેરે.

૨. વિષમકોટિ - ઉપવાસ પૂર્ણ થયે આયંબિલ કરે, આયંબિલ પૂર્ણ થયે ઉપવાસ કરે વગેરે.

(૪) નિયંત્રિત - 'અમુક દિવસે અમુક તપ કરવો' એવો નિશ્ચય કર્યા પછી ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ એ દિવસે એ તપ કરવો જ



તે. જિનકલ્પી અને ૧૪ પૂર્વધરોના કાળમાં પ્રથમસંઘયણી આ પચ્ચક્ખાણ કરતા હતા, હાલમાં તેનો વિચ્છેદ થયો છે.

(૫) અનાગાર - અનાભોગ આગાર અને સહસા આગાર એ બે વિના શેષ આગાર રહિત પચ્ચક્ખાણ કરવુ તે.

(૬) સાગાર - ૨૨ આગારોમાંથી યથાયોગ્ય આગારો સહિત પચ્ચક્ખાણ કરવુ તે.

(૭) નિરવશેષ - ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો તે. (પ્રાયઃ સંલેખના સમયે)

(૮) પરિમાણકૃત - દત્તિનું, કોળિયાનું, ઘરોનું, ભિક્ષાનું અને દ્રવ્યનું પ્રમાણ કરી શેષ ભોજનનો ત્યાગ કરવો તે.

(૯) સંકેત - કેત = અંગુષ્ઠ વગેરે ચિહ્ન. તેના સહિતનું પચ્ચક્ખાણ તે સંકેત પચ્ચક્ખાણ. તે આઠ પ્રકારે છે.

૧. અંગુષ્ઠસહિત - મુટ્ઠીમાં અંગુઠો વાળી છુટો ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૨. મુષ્ઠિસહિત - મુટ્ઠી વાળી છુટી ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૩. ગ્રંથિસહિત - કપડાની કે દોરાની ગાંઠ વાળી છૂટી ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૪. ઘરસહિત - ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૫. સ્વેદસહિત - પરસેવાના બિંદુ સુકાય નહીં ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૬. ઉચ્છ્વાસસહિત - અમુક શ્વાસોચ્છ્વાસ ન થાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૭. સ્તિબુકસહિત - માંચી વગેરે વાસણ પર લાગેલા પાણીના બિંદુ સુકાય નહિ ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

૮. દીપકસહિત - દીપક ન ઓલવાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૧૦) અદ્ધા - અદ્ધા = કાળ, કાળની મર્યાદાવાળુ પચ્ચક્ખાણ. તે ૧૦ પ્રકારે છે.

૧. નવકારસહિત - સૂર્યોદયથી બે ઘડીનું અને પૂર્ણ થયે નવકાર ગણીને પારવાનું પચ્ચક્ખાણ તે.

૨. પોરિસી - સૂર્યોદયથી એક પ્રહર સુધીનું પચ્ચક્ખાણ તે. (અથવા સૂર્યોદયથી દોઢ પ્રહર સુધીનું સાઢપોરિસી પચ્ચક્ખાણ).

૩. પુરિમાર્ધ - સૂર્યોદયથી બે પ્રહર સુધીનું પચ્ચક્ખાણ તે. (અથવા સૂર્યોદયથી ત્રણ પ્રહર સુધીનું અવડ્ઢ પચ્ચક્ખાણ).

૪. એકાશન - નિશ્ચલ બેઠકથી એક વાર ભોજન કરવું તે. ભોજન બાદ તિવિહાર કે ચોવિહાર કરવો.

૫. એકસ્થાન - એકાશનની જેમ જ, પણ જમણો હાથ અને મુખ સિવાય બીજા અંગો હલાવવા નહી, ભોજન બાદ ચોવિહાર કરવો.

૬. આયંબિલ - વિગઈ, નીવિયાતા, ફળાદિ અને ખટાશના ત્યાગપૂર્વકનું એકાશન તે.

૭. અભક્તાર્થ (ઉપવાસ) - સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ તે ચોવિહાર ઉપવાસ અને દિવસે ઉકાળેલા પાણીની છૂટ તે તિવિહાર ઉપવાસ. ઉપવાસમાં બે વાર ભોજનનો ત્યાગ હોય છે, માટે તે અભક્તાર્થ કહેવાય છે. ઉપવાસની આગળ પાછળ એકાસણુ કર્યું હોય તો તે બે એકાશન સહિત ઉપવાસને ચતુર્થભક્ત કહેવાય છે. છટ્ઠ, અટ્ઠમ વગેરેના પચ્ચક્ખાણમાં આગળ પાછળ એકાસણુ ન કર્યું હોય તો પણ છટ્ઠ-અટ્ઠમ વગેરે કહેવાની સંજ્ઞા રૂઢ છે.

૮. ચરિમ - તેના બે પ્રકાર છે. દિવસના છેલ્લા ભાગનું, સૂર્યાસ્ત પૂર્વે ૧ મુહૂર્ત પહેલા લઈ લેવું તે દિવસચરિમ. આયુષ્યના છેલ્લા ભાગનું પચ્ચક્ખાણ તે ભવચરિમ.

૯. અભિગ્રહ - તેના ચાર પ્રકાર છે.

દ્રવ્યથી - ભોજનમાં અમુક જ દ્રવ્ય લેવા અથવા અમુક દ્રવ્ય વડે વહોરાવે તો જ વહોરવુ એવો નિશ્ચય તે.



ક્ષેત્રથી - અમુક ગામમાંથી, અમુક ઘરોમાંથી, અમુક ગાઉ દૂરથી જ આહાર લાવવો એવો નિશ્ચય તે.

કાળથી - ભિક્ષાકાળ પહેલા, ભિક્ષાકાળ વખતે અથવા ભિક્ષાકાળ વિત્યા બાદ જ આહાર લાવવો એવો નિશ્ચય તે.

ભાવથી - ગાતો ગાતો, રડતો રડતો, બેઠો બેઠો, ઉભો ઉભો, પુરુષ કે સ્ત્રી વહોરાવે તો જ આહાર લેવો ઈત્યાદિ નિશ્ચય તે.

૧૦. વિગઈ - ચાર મહાવિગઈનો સર્વથા ત્યાગ કરવો. શેષ ૬ વિગઈમાંથી યથાશક્ય ત્યાગ કરવો તે. નીવિયાતાનો યથાસંભવ ત્યાગ કરવો તે નીવિ પચ્ચક્ખાણ.

## દ્વાર ૨જુ - વિધિ ૪

(૧) નવકારસહિતના પચ્ચક્ખાણમાં 'ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પચ્ચક્ખામિ' એવો ઉચ્ચાર વિધિ છે.

(૨) પોરિસી-સાર્ધપોરિસીના પચ્ચક્ખાણમાં 'પોરિસિઅં સાઢપોરિસિઅં પચ્ચક્ખામિ ઉગ્ગએ સૂરે' અથવા 'ઉગ્ગએ સૂરે પોરિસિઅં સાઢપોરિસિઅં પચ્ચક્ખામિ' એવો ઉચ્ચારવિધિ છે.

(૩) પુરિમાર્ધ - અવડ્ઢના પચ્ચક્ખાણમાં 'સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ અવડ્ઢં પચ્ચક્ખામિ' એવો ઉચ્ચારવિધિ છે.

(૪) ઉપવાસના પચ્ચક્ખાણમાં 'સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખામિ' એવો ઉચ્ચારવિધિ છે.

અથવા પચ્ચક્ખાણનો પાઠ ઉચ્ચારતી વખતે ગુરુ પચ્ચક્ખાઈ, વોસિરઈ કહે અને શિષ્ય પચ્ચક્ખામિ, વોસિરામિ કહે તે ચાર પ્રકારનો ઉચ્ચારવિધિ જાણવો.

પચ્ચક્ખાણ લેતી વખતે લેનારના મનનો ઉપયોગ જ પ્રમાણ ગણાય છે. પણ ભૂલથી બીજો પાઠ બોલાઈ જાય તો તે પ્રમાણ ન ગણાય.

એકાશનાદિ પચ્ચક્ખાણમાં આવતા પાંચ પ્રકારના ઉચ્ચારસ્થાન અને તેના ૨૧ ભેદ-

સ્થાન ૧ - નવકારસહિત, પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઢ્ઢ, અવઢ્ઢ, સંકેતપચ્ચક્ખાણ ૮ = ૧૩ ભેદ.

સ્થાન ૨ - નિવ્વિગઈ, વિગઈ, આયંબિલ = ૩ ભેદ.

સ્થાન ૩ - બીઆસણ, એકાસણ, એકલઠાણ = ૩ ભેદ.

સ્થાન ૪ - પાણસ્સ = ૧ ભેદ.

સ્થાન ૫ - દેશાવગાસિક = ૧ ભેદ

એકાસણા, બીઆસણા, એકલઠાણામાં ૫ ઉચ્ચારસ્થાન -

૧ લુ સ્થાન - સંકેત સહિત અદ્ધા પચ્ચકખાણનું.

૨ જુ સ્થાન - વિગઈનું

૩ જુ સ્થાન - એકાસણામાં એકાશનનું<br>બીઆસણામાં બીઆસણાનું<br>એકલઠાણામાં એકલઠાણનું.

૪ થુ સ્થાન - પાણસ્સનું

૫ મું સ્થાન - દેશાવગાસિકનું

આયંબિલમાં પાંચ ઉચ્ચારસ્થાન - એકાસણાની જેમ જ, બીજુ ઉચ્ચારસ્થાન આયંબિલનું

નીવિમાં પાંચ ઉચ્ચારસ્થાન - એકાસણાની જેમ જ, બીજુ ઉચ્ચારસ્થાન નિવ્વિગઈનું.

તિવિહાર ઉપવાસમાં પાંચ ઉચ્ચારસ્થાન -

૧ લુ સ્થાન - અભત્ત કે ચઉત્થભત્ત થી ચઉતીસભત્તનું.

૨ જુ સ્થાન - સંકેત સહિત અદ્ધા પચ્ચક્ખાણનું

૩ જુ સ્થાન - પાણસ્સનું.

૪ થુ સ્થાન - દેશાવગાસિકનું

૫ મું સ્થાન - દિવસચરિમનું (પાણહારનું)



ચઉવિહાર ઉપવાસમાં બે ઉચ્ચારસ્થાન -

૧ લુ સ્થાન - ઉપવાસનું

૨ જુ સ્થાન - દેશાવગાસિકનું

ઉગ્ગએ સૂરે કે સૂરે ઉગ્ગએ પ્રારંભમાં એક જ વાર બોલાય છે અને વોસિરઈ પણ અંતે એક જ વાર બોલાય છે. વચ્ચેના પચ્ચકખાણોમાં તે બોલાતા નથી. કેમકે તેવી પૂર્વાચાર્યોથી ચાલી આવતી પરંપરા છે. જેમ બીજી વારના વાંદણામાં 'આવસ્સિઆએ' પદ ન બોલવાની પૂર્વાચાર્યોની પરંપરા છે તેમ.

તિવિહાર ઉપવાસ કરવો હોય ત્યારે, તિવિહાર આયંબિલ-નીવિ-એકલઠાણુ-એકાસણુ-બીઆસણું કરવું હોય ત્યારે, દુવિહાર એકલઠાણુ-એકાસણુ-બીઆસણુ કરવુ હોય અને અચિત્તભોજી હોય તો, અને એકાશનાદિ કંઈ પણ વિશેષ વ્રત વિના અચિત્ત પાણી પીતા હોય તો પાણસ્સના છ આગાર ઉચ્ચારવા.

નવકારસહિતનું પચ્ચક્ખાણ સાધુઓને અને શ્રાવકોને ચઉવિહાર જ હોય છે.

| | |
|---|---|
| પોરિસી, સાઢપોરિસી,પુરિમઢ્ઢ, અવઢ્ઢ, સંકેત પચ્ચક્ખાણ | મુનિને તિવિહાર, ચઉવિહાર, શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર. |
| એકાશન, એકલઠાણું, બીઆસણું | મુનિને અને શ્રાવકને તિવિહાર, ચઉવિહાર (અપવાદે નીવી દુવિહાર) |
| દિવસચરિમ (રાત્રી પચ્ચક્ખાણ) | મુનિને ચઉવિહાર, શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર. એકાશનાદિ વિશેષ વ્રતોમાં ચઉવિહાર જ. |

## દ્વાર ૩જુ - આહાર ૪

(૧) એકલુ પણ જે ભૂખ શમાવવા સમર્થ હોય, અથવા (૨) જે લવણ (મીઠુ) વગેરે આહારમાં આવતુ હોય, અથવા (૩) જે આહારને સ્વાદિષ્ટ બનાવે, અથવા (૪) ભૂખ્યો માણસ કાદવ જેવુ નીરસ દ્રવ્ય ખાય તે બધુ આહાર કહેવાય.

પ્રથમ લક્ષણવાળો આહાર ચાર પ્રકારે છે. અશન-કૂર વગેરે, પાન-પાણી વગેરે, ખાદિમ-ફળ વગેરે, સ્વાદિમ-સુંઠ વગેરે.

બીજા-ત્રીજા લક્ષણવાળા આહારના ભેગા ઉદાહરણ-અશનમાં જીરુ, હિંગ વગેરે, પાણીમાં કપૂર વગેરે, ફળાદિ ખાદિમમાં મીઠુ વગેરે, તંબોલાદિ સ્વાદિમમાં કાથો વગેરે છે.

ચોથા લક્ષણવાળા આહારનું ઉદાહરણ માટી છે.

આહારના ચાર પ્રકાર

(૧) [1]અશન - જલ્દીથી જે ભૂખને શમાવે તે અશન. મગ વગેરે કઠોળ, ભાત-ઘઉં વગેરે, સાથુ વગેરે (જુવાર-મગ, વગેરે શેકીને બનાવેલો લોટ), માંડા વગેરે (પુડા, પોળી, રોટલી, રોટલા વગેરે, દુધ-દહિ-ઘી વગેરે, સર્વ પક્વાન્ન-મોદક વગેરે, રાબ વગેરે, સર્વ વનસ્પતિના કંદ-મૂળ-ફળાદિના રંધાયેલા શાક વગેરે તે બધુ અશન કહેવાય.

(૨) પાન - ઈન્દ્રિય વગેરે પ્રાણો ઉપર જે ઉપકાર કરે તે પાન. છાશની આછ, જવનું ધોવણ, કેરનું ધોવણ, ચીભડા વગેરે ફળોની અંદર રહેલુ પાણી અથવા તેનું ધોવણ, દારુ વગેરે, શુદ્ધ પાણી વગેરે એ બધુ પાન કહેવાય. નાળીયેરનું પાણી, શેરડીનો રસ, છાશ વગેરે અશનમાં ગણાય. તિવિહારના પચ્ચક્ખાણમાં શુદ્ધ જળ જ વાપરવું કલ્પે.

---

૧. आशु - शीघ्रं क्षुधां- बुभुक्षां शमयतीत्यशनं, तथा प्राणानाम् इन्द्रियादिलक्षणानां उपग्रहे - उपकारे यद् वर्तत इति गम्यते तत् पानमिति, खमिति - आकाशं तच्च मुखविवरमेव तस्मिन् मातीति खादिमं, स्वादयति गुणान् - रसादीन् संयमगुणान्वा यतस्ततः स्वादिमम् । - આવશ્યક નિર્યુક્તિ હારિભદ્રીયવૃત્તિ



(૩) ખાદિમ - મુખછિદ્રરુપી આકાશમાં જે સમાય તે ખાદિમ. સંપૂર્ણપણે ભૂખ ન શમાવે પણ કંઈક તૃપ્તિ કરાવે તે. શેકેલા ધાન્ય (મમરા, પઉંઆ, ચણા, દાળીઆ, મગ વગેરે), ખજૂર, ખારેક, નાળીયેર, બદામ, દ્રાક્ષ, કાજુ વગેરે મેવો, કેરી, ચીભડા, તરબૂજ, ખડબૂજ વગેરે ફળો, શેરડી, કોઠવડી, આમળાકંઠી, આંબાગોળી, કોઠીપત્ર, લિંબુઈપત્ર વગેરે એ બધુ ખાદિમ કહેવાય.

(આ બધુ દુવિહારના પચ્ચક્ખાણમાં ન કલ્પે).

(૪) સ્વાદિમ - દ્રવ્યને અને તેના રસાદિ ગુણોને સ્વાદ પમાડે તે, રાગદ્વેષ રહિત આસ્વાદન કરવાથી સંયમીના સંયમગુણોને સ્વાદ પમાડે તે અથવા જેનું આસ્વાદન કરતા તે વસ્તુઓ પોતાના માધુર્યાદિ ગુણોને નાશ પમાડે તે સ્વાદિમ.

સુંઠ, હરડે, બેડા, પીપર, મરી, જીરુ, અજમો, જાયફળ, જાવંત્રી, કાથો, ખેરવટી, જેઠીમધ, કેસર, નાગકેસર, તમાલપત્ર, એલચી, લવિંગ, બિડલવણ, પીપરીમૂળ, કપૂર, બાવળછાલ, ધાવડીછાલ, ખેરની છાલ, ખીજડાછાલ, સોપારી, હિંગ, જ્વાસામૂળ, બાવચી, તુલસી, કચૂરો, તજ, સંચળ, તંબોલ, વરિયાળી, સુવા વગેરે સ્વાદિમ કહેવાય. આ બધુ દુવિહારના પચ્ચક્ખાણમાં કલ્પે.

જીરુને કેટલાક સ્વાદિમમાં અને કેટલાક ખાદિમમાં ગણે છે- એમ બે મત છે. અજમાને પણ કેટલાક ખાદિમ કહે છે. મધ, ગોળ, ખાંડ, સાકર પણ સ્વાદિમ છે. પરંતુ તૃપ્તિકારક હોવાથી દુવિહારમાં ન કલ્પે.

લિંબડાના અંગ (પાંદડા, છાલ, કાષ્ઠ, ફળ, ફૂલ વગેરે) ગોમૂત્ર, વગેરે મૂત્ર, ગળો, કડુ, કરિયાતુ, અતિવિષ, રાખ, હળદર, જવ, હરડે, બેડા, આમળા, બાવળછાલ, ફટકડી, થુવર, આકડા વગેરે જે વસ્તુઓ ખાવામાં સ્વાદ વિનાની અથવા અનિષ્ટ સ્વાદવાળી હોય તે અણાહારી જાણવી.

## દ્વાર ૪થુ - આગાર ૨૨

આગાર એટલે અપવાદ - પચ્ચક્ખાણમાં આપવામાં આવતી છૂટ.

| નં. | પચ્ચક્ખાણ | આગાર | સંખ્યા |
|---|---|---|---|
| ૧. | નવકારસહિત | અનાભોગેણં, સહસાગારેણં | ૨ |
| ૨. | પોરિસી, સાઢપોરિસી | અનાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નાકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં | ૬ |
| ૩. | પુરિમઢ-અવઢ | પોરિસીના ૬ + મહત્તરાગારેણં | ૭ |
| ૪. | એકાસણુ, બીઆસણું | અનાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પરિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં. | ૮ |
| ૫. | એકલઠાણું | આઉંટણપસારેણં વિના એકાસણાના | ૭ |
| ૬. | વિગઈ,નીવી (પિંડવિગઈ સંબંધી) | અનાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિતવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં | ૯ |
| ૭. | વિગઈ,નીવી (દ્રવવિગઈ સંબંધી) | ઉક્ખિત્તવિવેગેણં વિના ઉપરોક્ત | ૮ |
| ૮. | આર્યંબિલ | પડુચ્ચમક્ખિએણં વિના પિંડવિગઈના | ૮ |
| ૯. | ઉપવાસ | અનાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં | ૫ |
| ૧૦. | પાણસ્સ | લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા | ૬ |



| નં. | પચ્ચક્ખાણ | આગાર | સંખ્યા |
|---|---|---|---|
| ૧૧. | દિવસચરિમ, ભવચરિમ, દેશાવગાસિક, સંકેત પચ્ચક્ખાણ | અનાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં | ૪ |
| ૧૨. | પ્રાવરણ | અનાભોગેણં, સહસાગારેણં, ચોલપટ્ટાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં | ૫ |

દ્રવવિગઈ - જે વિગઈ પ્રવાહી રુપ હોય તે. દુધ, મધ, દારુ, તેલ = ૪
પિંડવિગઈ - જે વિગઈ કઠણ હોય તે. માખણ, પક્વાન્ન = ૨
પિંડદ્રવવિગઈ - જે વિગઈ પ્રવાહીરુપે પણ મળે અને કઠણરુપે પણ મળે તે. ઘી, ગોળ, દહિ, માંસ = ૪

આગારના અર્થ

અન્નત્થ = અન્યત્ર (સિવાય, વર્જીને)

આગળ બતાવાતા દરેક આગાર સાથે આ શબ્દ જોડવો.

(૧) અનાભોગેણં - જેનું પચ્ચક્ખાણ છે તેવી વસ્તુ ભૂલથી મુખમાં નંખાઈ જાય અને યાદ આવતા તુરંત મુખમાંથી કાઢી નાખે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૨) સહસાગારેણં - અચાનક અણચિંત્યુ મુખમાં કંઈક પડી જાય (છાશ વલોવતા મુખમાં છાંટો પડી જાય) તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૩) પચ્છન્નાકાલેણં - મેઘ, ધૂળ, પર્વત વગેરેથી સૂર્ય ઢંકાયેલો હોય ત્યારે પોરિસી વગેરે આવી ગઈ એમ માની પોરિસીના સમય પૂર્વે જ વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. પોરિસી વગેરેનો સમય નથી થયો એવો ખ્યાલ આવતા અડધુ વાપર્યુ હોય તો પણ પચ્ચક્ખાણનો સમય થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું, સમય થયા પછી વાપરવું. સમય નથી થયો એવું જાણ્યા છતા વાપરે તો પચ્ચક્ખાણ ભાંગે.

(૪) દિસામોહેણં - ભૂલથી પૂર્વને પશ્ચિમ (એવી જ રીતે પશ્ચિમને પૂર્વ) સમજી પોરિસી વગેરે પચ્ચક્ખાણના સમય પહેલા જ પચ્ચક્ખાણનો સમય થઈ ગયો એમ જાણી મોહથી વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. સાચી વાતનો ખ્યાલ આવતા અડધુ વાપર્યુ હોય તો પણ સમય ન થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવુ, સમય થયા પછી જ વાપરવુ.

(૫) સાહુવયણેણં - 'ઉગ્ઘાડા પોરિસી' વગેરે મુનિનું વચન સાંભળીને પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય થઈ ગયો એમ સમજી સમય પૂર્વે જ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે. વાપરતા સાચી વાતનો ખ્યાલ આવે અથવા બીજું કોઈ કહે તો પૂર્વવત્ તેમજ બેઠા રહેવું.

(૬) સવ્વસમાહિવત્તિયાગારેણં - અત્યંત દુર્ધ્યાનને લઈ દુર્ગતિમાં જવાનું ન થાય તે માટે દુર્ધ્યાન અટકાવવા ઔષધાદિ લેવા માટે સમય થતા પહેલા પચ્ચક્ખાણ પારે અથવા તેવી પીડા પામતા સાધુ વગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વગેરે પણ જો અપૂર્ણકાળે પોરિસી વગેરે પચ્ચક્ખાણ પારે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૭) મહત્તરાગારેણં - પચ્ચક્ખાણથી થતી નિર્જરાની અપેક્ષાએ જેમાં ઘણી મોટી નિર્જરા થતી હોય તેવુ સંઘનું અથવા દેરાસરનું અથવા ગ્લાનમુનિ વગેરેનું કોઈ મોટુ કાર્ય આવી પડ્યુ હોય અને તે કાર્ય બીજા કોઈથી અસાધ્ય હોય તો તેવા પ્રસંગે પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થતા પૂર્વે વાપરીને જાય તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે.

(૮) સાગારિયાગારેણં - સાધુ વાપરતા હોય ત્યારે કોઈ ગૃહસ્થ આવી જાય તો જો તે જતો રહેશે એમ લાગે તો એકાદ ક્ષણ રાહ જોવી, જો તે ત્યાં જ ઉભો રહે કે બેસે તો સાધુ સ્વાધ્યાયવ્યાઘાત વગેરેના ભયથી ઉભા થઈ અન્યત્ર જઈ વાપરે તો પણ એકાશનાદિ પચ્ચક્ખાણ ન ભાંગે. શ્રાવકની અપેક્ષાએ જેની નજર લાગે એવા



અન્ય ગૃહસ્થ વગેરે આવી જાય (કે સર્પ, અગ્નિ, પૂર, ઘર પડવુ વગેરે પ્રસંગો આવી પડે) તો એકાશનાદિમાં વચ્ચે ઉઠી અન્યત્ર જઈ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે.

(૯) આઉંટણપસારેણં - એકાશનાદિ પચ્ચક્ખાણમાં હાથ-પગ વગેરે અવયવો લાંબા સમય સુધી સ્થિર ન રાખી શકે તો તેને પસારે કે સંકોચે ત્યારે સહેજ આસન ચાલે તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૧૦) ગુરુઅબ્ભુટ્ઠાણેણં - ગુરુ કે વડિલ પ્રાઘૂર્ણક સાધુ પધારે ત્યારે વિનય સાચવવા ઉભા થતા પણ એકાશનાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૧૧) પારિટ્ઠાવણિયાગારેણં - આ આગાર સાધુઓને જ હોય છે. વિધિગૃહિત અને વિધિભુક્ત આહારમાંથી વધતા જો પરઠવે તો બહુ દોષ સંભવતો હોવાથી ગુરુઆજ્ઞાથી ઉપવાસવાળા અને એકાશનાદિવાળા સાધુને એકાશનાદિ કર્યા બાદ ફરી આહાર વાપરે તો પણ ઉપવાસ કે એકાશનાદિ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

ઉપવાસ, એકાશન વગેરે ચઉવિહાર કર્યા હોય અને પરઠવવા યોગ્ય આહારમાં પણ અન્ન અને પાણી એ બન્ને વધ્યા હોય તો તેને અપાય. જો માત્ર અન્ન જ વધ્યુ હોય અને પાણી વધ્યુ ન હોય તો તેને ન અપાય કેમકે પાણી વિના મુખશુદ્ધિ થઈ ન શકે.

હાલમાં ચઉવિહાર ઉપવાસ, ચઉવિહાર એકાશન વગેરેના પચ્ચક્ખાણવાળાને પરઠવવા યોગ્ય આહાર વાપરવા નથી અપાતો, કેમકે હાલ પાણીનું પારીઠા કરવાની પ્રવૃત્તિ નથી અને પાણી વિના તો મુખશુદ્ધિ થઈ ન શકે.

તિવિહાર ઉપવાસ, તિવિહાર એકાશનાદિ વાળાને તો એકલો આહાર વધ્યો હોય તો પણ આપી શકાય કેમકે તેને પાણી ખુલ્લુ છે, તેથી મુખશુદ્ધિ શક્ય છે.

આ આગાર એકાશનથી અટ્ઠમ સુધીના પચ્ચકખાણમાં હોય. તેથી આગળ (૪ ઉપવાસ વગેરે) ના પચ્ચક્ખાણમાં આ આગાર ન હોય.

(૧૨) ચોલપટ્ટાગારેણં - જિતેન્દ્રિય મહામુનિઓ અમુક પ્રસંગે વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચક્ખાણ કરે છે. તેવા મુનિ વસ્ત્રરહિત થઈ બેઠા હોય અને તેવા પ્રસંગે જો કોઈ ગૃહસ્થ આવે તો ઉઠીને તુરત ચોલપટ્ટો પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્ર અભિગ્રહ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

એકલા વસ્ત્રત્યાગના પચ્ચક્ખાણમાં 'પાંગુરણસહિઅં પચ્ચક્ખામિ અન્નત્થણાભોગેણં...' ઈત્યાદિ આલાપક ઉચ્ચરવો.

આ આગાર સાધુઓને જ હોય છે. હાલમાં વસ્ત્રપચ્ચ-ક્ખાણનો અભાવ છે માટે આ આગાર ઉચ્ચરાવાતો નથી.

(૧૩) લેવાલેવેણં - અકલ્પનીય દ્રવ્યથી ખરડાયેલ કડછી કે ભાજનને લૂછવા છતા સર્વથા અલેપ નથી થતુ પણ લેપાલેપ રહે છે. એનાથી કે એમાંથી વહોરાવેલ આહાર વાપરતા આયંબિલ તથા નીવિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૧૪) ગિહત્થસંસટ્ઠેણં - [1]શાક, કરંબો વગેરે વધારવાથી કંઈક લેપવાળી થયેલી હથેલી રોટલી વગેરેના લુવામાં ઘસીને ગૃહસ્થે પોતાની માટે બનાવેલ વસ્તુ મુનિને નીવી-આયંબિલમાં કલ્પે. સ્પષ્ટ રસ અનુભવવામાં આવે તો ન કલ્પે. આ આગાર મુનિને જ છે.

(૧૫) ઉક્ખિત્તવિવેગેણં - રોટલી વગેરે પર પડેલી ગોળ વગેરે પિંડવિગઈ

૧. ગૃહસ્થ એક ચીજ વહોરાવ્યા પછી બીજી ચીજ વહોરાવે ત્યારે હાથ વગેરેને લાગેલા પહેલી ચીજના અંશો બીજી ચીજને લાગે. પહેલી ચીજનો જેને ત્યાગ હોય તેને પણ અવ્યક્ત બીજી ચીજ આ આગારથી કલ્પે. જેમકે પહેલા ચોપડેલી રોટલી વહોરાવે, પછી લૂખી રોટલી વહોરાવે, તો પહેલા વહોરાવેલ રોટલી પરનું ઘી હાથ પર લાગેલ હોય તો લૂખી રોટલીઓને લાગ્યુ હોય છતા એ લૂખી રોટલીઓ આયંબિલ વગેરેવાળાને આ આગારથી કલ્પે.



ઉપાડી લઈ દૂર કરે છતા કંઈક અંશ રહી જાય તો તે રોટલી વગેરે વાપરતા આયંબિલાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. સર્વથા ઉપાડી ન શકાય તેવી પિંડવિગઈને ઉપાડી લેવાથી અધિકમિશ્રતાવાળા ભોજન વડે તો પચ્ચક્ખાણનો ભંગ થાય જ. આ આગાર મુનિને જ હોય છે.

(૧૬) પડુચ્ચમક્ખિએણં - નીવીમાં ન કલ્પે તેવી ઘી વગેરે વિગઈનો હાથ રોટલી વગેરેની કણેકાદિમાં દઈ બનાવેલી રોટલી વગેરે વાપરતા નીવીના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. સૂક્ષ્મ પણ ધાર રેડીને કણેકાદિ મસળ્યા હોય તો પચ્ચક્ખાણનો ભંગ થાય જ. આ આગાર નીવીમાં જ હોય છે અને મુનિને જ હોય છે.

(૧૭) લેવેણ વા - તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણમાં શુદ્ધ પાણી ન મળે અને ઓસામણનું પાણી - રાંધેલા અનાજનું ડહોળ અને દાણા વિનાનું એવુ નિતર્યુ પાણી, ખજૂરનું પાણી, આમલીનું પાણી, દ્રાક્ષનું પાણી વગેરે મળે કે જેમાં ત્યાગેલા અશનાદિની રજકણો હોય તો તેવુ પાણી કારણસર વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તે પાણી ભાજનને કંઈક ચીકણુ કરે માટે લેપકૃત પાણી કહેવાય.

(૧૮) અલેવેણ વા - શુદ્ધ પાણીના અભાવે કારણસર છાશની આછ વગેરે અલેપકૃત પાણી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણમાં વાપરે તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તે પાણી ભાજનને ચીકણુ નથી કરતુ, માટે અલેપકૃત્ પાણી કહેવાય.

(૧૯) અચ્છેણ વા - ત્રણ ઉકાળાવાળુ નિર્મળ જળ, ફળાદિના ધોવણ, ફળાદિના નિર્મળ અચિત્ત જળ વાપરવાથી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. તિવિહાર ઉપવાસાદિમાં મુખ્યતયા ત્રણ ઉકાળાવાળુ નિર્મળ પાણી જ વાપરવુ જોઈએ.

(૨૦) બહુલેવેણ વા - બહુલજળ એટલે તલનું ધોવણ, તંદુલનું ધોવણ

વગેરે. તેવુ બહુલજળ વાપરવાથી તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૨૧) સસિત્થેણ વા - સિત્થ = દાણો. તે સહિત જળ તે સસિત્થ જળ. રંધાયેલો દાણો રહી ગયો હોય તેવું ઓસામણ વગેરે પાણી, તલનું ધોવણ, ચોખાનું ધોવણ, મદિરાદિ બનાવવા માટે પલાળેલા લોટનું કોહ્યા પહેલાનું પાણી, લોટથી ખરડાયેલા હાથથી ધોયેલા ભાજન વગેરેનું પાણી વગેરે વાપરે તો પણ તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

(૨૨) અસિત્થેણ વા - ઉપર મુજબનું પાણી જો વસ્ત્રાદિથી ગાળેલુ હોય તો તે વાપરતા પણ તિવિહાર ઉપવાસાદિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

## દ્વાર ૫મું - વિગઈ ૧૦

જેને વાપરવાથી ઈંદ્રિયને તથા ચિત્તને વિકાર ઉત્પન્ન થાય તે વિગઈ કહેવાય. તેમાં છ સામાન્ય વિગઈ છે અને ચાર મહાવિગઈ છે.

| નં. | વિગઈનું નામ | પ્રકાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દુધ | ૫ | ગાયનું | ભેંસનું | બકરીનું | ઘેટીનું | ઉંટડીનું |
| ૨. | દહીં | ૪ | ગાયનું | ભેંસનું | બકરીનું | ઘેટીનું | -□ |
| ૩. | ઘી | ૪ | ગાયનું | ભેંસનું | બકરીનું | ઘેટીનું | -□ |
| ૪. | તેલ | ૪ | તલનું | સરસવનું | અળસીનું | કસુંબીનાં ઘાસનું | - |
| ૫. | ગોળ | ૨ | પિંડગોળ | દ્રવગોળ | - | - | - |
| ૬. | પક્વાન્ન | ૨ | ઘીમાં તળેલું | તેલમાં તળેલું | - | - | - |

□. ઉંટડીના દુધમાંથી દહી, ઘી અને માખણ બનતા નથી.



| નં. | વિગઈનું નામ | પ્રકાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૭. | મધ | ૩ | [1]કુંતિયાનું | માખીઓનું | ભમરીઓનું | - | - |
| ૮. | મદિરા | ૨ | કાષ્ઠની (વનસ્પતિની) | પિષ્ટની (લોટની) | - | - | - |
| ૯. | માંસ | ૩ | જલચરનું | સ્થલચરનું | ખેચરનું | - | - |
| ૧૦. | માખણ | ૪ | ગાયનું | ભેંસનું | બકરીનું | ઘેટીનું | - □ |

ચારે મહાવિગઈમાં સરખા વર્ણવાળા અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે, માંસમાં નિગોદના અનંત જીવોની ઉત્પત્તિ છે. માટે સર્વથા ત્યાજ્ય છે. છ વિગઈઓ વિકાર કરનારી હોવાથી તેનો પણ યથાશક્તિ ત્યાગ કરવો.

## દ્વાર ૬ઠ્ઠુ - નીવિયાતા ૩૦

અન્ય દ્રવ્યથી હણાયેલી વિગઈને નીવિયાતુ કહેવાય છે. છ વિગઈના દરેકના ૫-૫ નીવિયાતા છે, એટલે કુલ ૩૦ નીવિયાતા છે.

દુધના નીવિયાતા - ૫

૧. પયઃશાટી - દ્રાક્ષ સહિત રાંધેલ દુધ તે (પ્રાયઃ બાસુંદી). એકલા દુધને ઉકાળીને બનાવેલ બાસુંદી નીવિયાતી નથી.
૨. ખીર - ઘણા ચોખા વગેરે સહિત રાંધેલ દુધ તે.
૩. પેયા - અલ્પ ચોખા વગેરે સહિત રાંધેલ દૂધ તે (પ્રાયઃ દુધપાક).
૪. અવલેહિકા - ચોખાના લોટ સહિત રાંધેલ દુધ તે.
૫. દુગ્ધાટી - કાંજી વગેરે ખાટા પદાર્થો સહિત રાંધેલ દુધ તે. કેટલાક દુગ્ધાટીના સ્થાને બલહિકા કહે છે જે પ્રાયઃ તાજી વીઆયેલી ભેંસના દુધમાંથી બનાવાય છે અને તે 'બળી' કહેવાય છે.

ઘીના નીવિયાતા - ૫

૧. નિર્ભંજન - પક્વાન્ન તળ્યા બાદ વધેલુ-બળેલુ ઘી.

૧. જંગલમાં ઉત્પન્ન થતા ક્ષુદ્ર જંતુઓ
□. ઉંટડીના દુધમાંથી દહી, ઘી અને માખણ બનતા નથી.

૨. વિસ્પંદન - દહીંની તર અને લોટ એ બે મેળવીને બનાવેલ કુલેર. અથવા અડધા બળેલા ઘીમાં ચોખા નાખીને બનાવેલ ભોજનવિશેષ.
૩. પક્વૌષધિતરિત - ઔષધિ નાખીને ઉકાળેલા ઘીની ઉપરની તર.
૪. કિટ્ટિ - ઉકળતા ઘીની ઉપર તરી આવતો મેલ.
૫. પક્વઘૃત - આમળા વગેરે ઔષધિ નાખીને ઉકાળેલુ ઘી.

તેલના નીવિયાતા - ૫

૧. નિર્ભંજન - પક્વાન્ન તળ્યા બાદ વધેલુ-બળેલુ તેલ.
૨. તિલકુટ્ટી - તલ અને કઠણ ગોળ એ બેને ભેગા કરી ખાંડણીમાં ખાંડી એકરસ બનાવે છે તે. (ગોળને ઉકાળીને તલ ભેળવાય તે પાકા ગોળની તલસાંકળી પણ નીવિયાતી છે.)
૩. પક્વૌષધિતરિત - ઔષધિ નાખીને ઉકાળેલા તેલની ઉપરની તર.
૪. તેલમલિકા - ઉકાળેલા તેલની ઉપરનો મેલ.
૫. પક્વતેલ - ઔષધિ નાખીને ઉકાળેલુ તેલ.

દહીંના નીવિયાતા - ૫

૧. કરંબ - દહીંમાં ભાત મેળવ્યો હોય તે ભાતવાળું દહીં.
૨. શિખરિણી - ખાંડ નાખી વસ્ત્રથી છાણેલુ દહીં (શિખંડ).
૩. સલવણ દધિ - મીઠુ નાખીને મથેલુ દહીં.
૪. ઘોલ - વસ્ત્રથી ગાળેલુ દહીં.
૫. વડા - ઘોલમાં વડા નાખેલા હોય તે અથવા ઘોલ નાખીને બનાવેલા વડા.

ગોળના નીવિયાતા - ૫

૧. સાકર - કાંકરા જેવી હોય છે તે.
૨. ગુલપાનક - ગોળનું પાણી, જે પુડલા વગેરે સાથે ખવાય છે તે.
૩. પાકો ગોળ - ઉકાળેલો ગોળ (જેનાથી ખાજા વગેરે લેપાય છે તે ગોળની ચાસણી.)
૪. ખાંડ - સર્વ પ્રકારની.
૫. અર્ધક્વથિત ઈક્ષુરસ - અડધો ઉકાળેલો શેરડીનો રસ.



પક્વાન્ન (કડાહ વિગઈ) ના નીવિયાતા - ૫

૧. દ્વિતીયાપૂપ (બીજો પૂડલો) - તવીમાં સંપૂર્ણ સમાય એવા એક પુડલાને તળ્યા પછી એ જ ઘી કે તેલમાં નવુ ઘી, તેલ ઉમેર્યા વિના તળાયેલા બીજા પુડલા, પુરી વગેરે.
૨. તત્સ્નેહ ચતુર્થાદિ ઘાણ - ત્રણ ઘાણ પછીના પુરી વગરે (નવુ ઘી, તેલ ઉમેર્યા વિના.)
૩. ગોળધાણી - ગોળની ચાસણી કરી તેમાં ધાણી મેળવી બનાવેલા લાડુ.
૪. જલલાપસી - પક્વાન્ન તળ્યા બાદ, ઘી વગેરે કાઢી લીધા બાદ તવીમાં રહેલ ચીકાશમાં ઘઉંનો જાડો લોટ વગેરે શેકી ગોળનું પાણી નાંખી બનાવાયેલો શીરો કે કંસાર તે. ઉપલક્ષણથી કોરી કડાઈમાં બનાવેલ શીરો, કંસાર વગેરે પણ નીવિયાતા કહેવાય, પણ તેમાં ચૂલા પરથી ઉતાર્યા બાદ એક છાંટો પણ ઘી-તેલનો ઉમેરવો ન જોઈએ.
૫. પોતકૃત પૂડલો - ઉપર કહ્યા મુજબની ચીકાશમાં ઘી-તેલનું પોતુ દઈને કરવામાં આવતા પૂડલા, થેપલા વગેરે. ઉપલક્ષણથી કોરી તવીમાં પણ ચાલુ રીતિએ બનાવાતા પૂડલા, થેપલા, ઢેબરા વગેરે પણ નીવિયાતા કહેવાય, પણ તેમાં ચૂલા પરથી ઉતાર્યા બાદ નવું ઘી-તેલ ઉમેરવુ નહીં.

ગિહત્થસંસટ્ઠેણં આગારથી નીવિ તથા વિગઈના પચ્ચક્ખાણમાં કલ્પે તેવા દ્રવ્યો- સંસૃષ્ટ દ્રવ્યો-

૧. ગૃહસ્થે પોતાની માટે ભાત વગેરેમાં દુધ કે દહીં ડુબાડુબ રેડી મિશ્ર કર્યું હોય તો તે ભાત ઉપર ચઢેલા દુધ, દહીં ચાર આંગળ સુધી નીવિ તથા વિગઈના પચ્ચક્ખાણમાં ચાલે. તેની ઉપરનું વિગઈમાં ગણાય. એવી જ રીતે ભાત વગેરે સાથે મિશ્ર કરાયેલા અને ઉપર ચઢેલા નરમ ગોળ, ઘી, તેલ એક આંગળ સુધી નીવિ તથા વિગઈના પચ્ચક્ખાણમાં કલ્પે. તેની ઉપરનું વિગઈમાં જાય.
૨. ગૃહસ્થે પોતાની માટે કઠણ ગોળને ચુરમા વિગેરેમાં મિશ્ર કર્યો હોય,

કઠણ માખણને ભાત વગેરેમાં મિશ્ર કર્યા હોય અને તે સંપૂર્ણ એકરસ ન થયા હોય અને લીલા આમળા જેવડા નાના કણીયા રહી ગયા હોય તો તે ગોળ અને માખણ નીવિયાતા ગણાય. તેથી મોટો એક પણ કણ હોય તો વિગઈમાં ગણાય.

માખણ તો અભક્ષ્ય છે, માટે નીવિયાતુ થયુ હોય તો પણ ન કલ્પે.

◆ કલમ, શાલિ, તંદુલ વગેરેથી ભેદાયેલ દુધ નીવિયાતુ ગણાય.

◆ કઢાઈ વગેરેમાંથી સુખડી વગેરે કાઢી લીધા બાદ વધેલુ ઘી ઠંડુ થયા બાદ તેમાં કણિકકાદિ મેળવીને બનાવેલું દ્રવ્ય પણ નીવિયાતુ છે. કેટલાક આને ઉત્કૃષ્ટ દ્રવ્ય કહે છે.

સરસોત્તમ દ્રવ્ય -

૧) ગોળની ચાસણી કરી તેમાં તલ નાંખી બનાવેલી તલસાંકળી.

૨) છેદ પાડી દોરો પરોવી હારડા રુપે કરેલા ખોપરા, ખારેક, શિંગોડા વગેરે. સાકરના દ્રવ્યો - સાકર, ખાંડ, સાકરિયા ચણા, સાકરીયા કાજુ વગેરે. અખરોટ, બદામ વગેરે સર્વ જાતના મેવા વગેરે.

૩) ખાંડ વગેરેથી મિશ્ર અચિત્ત રાયણ, કેરી વગેરે ફળો. દ્રાક્ષનું પાણી, નાળિયેરનું પાણી, કાકડી વગેરે ફળોના પાણી.

૪) ડોળીયુ (મહુડાના બીજનું તેલ), એરંડીયુ, કપાસિયાનુ તેલ વગેરે વિગઈમાં નહિં ગણાયેલ તેલ.

મુનિને નીવિમાં કારણસર ગુરુની આજ્ઞાથી ઉક્ત ત્રણે પ્રકારના દ્રવ્યો-નીવિયાતા, સંસૃષ્ટ અને સરસોત્તમ દ્રવ્યો - વાપરવા કલ્પે.

દુર્ગતિથી ભય પામેલો સાધુ વિગઈને અને નીવિયાતાદિ ત્રણે પ્રકારના દ્રવ્યોને ન વાપરે, કેમકે વિગઈ ઈન્દ્રિયોને વિકાર ઉપજાવવાના સ્વભાવવાળી છે અને બળાત્કારે દુર્ગતિમાં લઈ જનારી છે.



## દ્વાર ૭મુ - ભાંગા ૨

અહીં પચ્ચક્ખાણના ભાંગાના ૨ પ્રકાર છે.

૧) ૧૪૭ ભાંગા -

ત્રણ યોગના ભાંગા ૭ - અયોગી ૩ - મન, વચન, કાયા.

દ્વિસંયોગી ૩ - મનવચન, વચનકાયા, મનકાયા.

ત્રિસંયોગી ૧ - મનવચનકાયા.

ત્રણ કરણના ભાંગા ૭ - અયોગી ૩ - કરણ, કરાવણ, અનુમોદન.

દ્વિસંયોગી ૩ - કરણકરાવણ, કરાવણઅનુમોદન, કરણઅનુમોદન.

ત્રિસંયોગી ૧ - કરણકરાવણઅનુમોદન.

ત્રણ યોગના ૭ ભાંગા x ત્રણ કરણના ૭ ભાંગા = ૪૯ ભાંગા.

ઉપરોક્ત ૪૯ ભાંગા x ૩ કાળ = ૧૪૭ ભાંગા.

૨) પચ્ચક્ખાણ કરનાર અને કરાવનાર સંબંધી ચતુર્ભંગી.

૧) પચ્ચક્ખાણ કરનાર જાણ હોય, પચ્ચક્ખાણ કરાવનાર જાણ હોય.

૨) પચ્ચક્ખાણ કરનાર જાણ હોય, પચ્ચક્ખાણ કરાવનાર અજાણ હોય.

૩) પચ્ચક્ખાણ કરનાર અજાણ હોય, પચ્ચક્ખાણ કરાવનાર જાણ હોય.

૪) પચ્ચક્ખાણ કરનાર અજાણ હોય, પચ્ચક્ખાણ કરાવનાર અજાણ હોય.

આમાંથી પહેલા ત્રણ ભાંગા શુદ્ધ છે, ચોથો ભાંગો અશુદ્ધ છે.

પચ્ચક્ખાણનું તેના કહેલા કાળ સુધી મન-વચન-કાયાથી પાલન કરવુ.

મોક્ષ માર્ગ જેવા મહાન લાભાર્થે કરેલા પચ્ચક્ખાણનો સાંસારિક તુચ્છ લાભ ખાતર ભંગ ન કરવો.

## દ્વાર ૮મું - શુદ્ધિ ૬

પચ્ચક્ખાણની શુદ્ધિ ૬ પ્રકારે છે

૧) ફાસિયં - વિધિપૂર્વક ઉચિતકાળે જે પચ્ચક્ખાણ ગ્રહણ કર્યું હોય તે. વિધિ અને ઉચિતકાળ - સૂર્યોદય પૂર્વે પોતે એકલા, સ્થાપનાજી સમક્ષ, ગુરુ સમક્ષ કે ચૈત્ય સમક્ષ સ્વયં પચ્ચક્ખાણ ઉચ્ચારી પચ્ચક્ખાણનો કાળ પૂરો થતા પૂર્વે ગુરુને વંદન કરી ગુરુ પાસે રાગદ્વેષ

અને નિયાણા રહિત પચ્ચક્ખાણ કરે, ત્યાં મનમાં આલાપક બોલતો જાય. પચ્ચક્ખાઈને ઠેકાણે પચ્ચક્ખામિ અને વોસિરઈને ઠેકાણે વોસિરામિ બોલે તે સ્પર્શિત.

૨) પાલિયં - કરેલા પચ્ચક્ખાણને વારંવાર યાદ કરવુ તે પાલિત.

૩) સોહિયં - ગુરુને આપ્યા પછી જે શેષ વધ્યુ હોય તે વાપરવું તે શોભિત.

૪) તીરિયં - મોડુ પચ્ચક્ખાણ પારવુ તે તીરિત.

૫) કિટ્ટિયં - ભોજન સમયે ફરી પચ્ચક્ખાણ યાદ કરવુ તે કીર્તિત.

૬) આરાહિયં - પચ્ચક્ખાણ ભાષ્યમાં કહેલ બધી વિધિ પ્રમાણે જે પચ્ચક્ખાણ આચર્યુ હોય અથવા ઉપર કહેલી પાંચ શુદ્ધિ પૂર્વક જે પચ્ચક્ખાણ આચર્યુ હોય તે આરાધિત.

પચ્ચક્ખાણની અન્ય રીતે ૬ શુદ્ધિ.

૧) શ્રદ્ધાશુદ્ધિ - શાસ્ત્રમાં જે પચ્ચક્ખાણ જે રીતે જે અવસ્થામાં જે કાળે કરવાનું કહ્યું છે તે પચ્ચક્ખાણ તે રીતે તે અવસ્થામાં તે કાળે કરવુ ઉચિત છે, એવી સચોટ શ્રદ્ધાવાળા હોવુ તે શ્રદ્ધાશુદ્ધિ.

૨) જ્ઞાનશુદ્ધિ - કયુ પચ્ચક્ખાણ, કઈ અવસ્થામાં, કયા કાળે, કઈ રીતે કરવુ યોગ્ય છે અને કઈ રીતે કરવુ અયોગ્ય છે એવા પ્રકારના જ્ઞાનવાળા હોવુ તે જ્ઞાનશુદ્ધિ.

૩) વિનયશુદ્ધિ - ગુરુને વિધિપૂર્વક વંદન કરીને પચ્ચક્ખાણ કરવુ તે વિનયશુદ્ધિ.

૪) અનુભાષણ શુદ્ધિ - ગુરુ પચ્ચક્ખાણ ઉચ્ચરાવે ત્યારે પોતે પણ મંદ સ્વરે પચ્ચક્ખાણ બોલતો જાય. ગુરુ પચ્ચક્ખાઈ કહે ત્યારે પોતે પચ્ચક્ખામિ કહે અને ગુરુ વોસિરઈ કહે ત્યારે પોતે વોસિરામિ કહે. તે અનુભાષણ શુદ્ધિ.

૫) અનુપાલનશુદ્ધિ - વિષમ સંકટમાં પણ પચ્ચક્ખાણ ન ભાંગતા સમ્યગ્ રીતે પાળવુ તે અનુપાલનશુદ્ધિ.

૬) ભાવશુદ્ધિ - લૌકિક ફળની ઈચ્છા વિના તથા રાગદ્વેષ વિના માત્ર કર્મનિર્જરા માટે પચ્ચક્ખાણ કરવુ તે ભાવશુદ્ધિ.



## દ્વાર ૯મુ - ફળ ૨

પચ્ચક્ખાણનું ફળ બે પ્રકારે છે. આલોકફળ અને પરલોકફળ. પચ્ચક્ખાણ કરવાથી આલોકમાં ધમ્મિલકુમારને શુભ ફળ પ્રાપ્ત થયુ.

ધમ્મિલકુમારનું દૃષ્ટાંત - યશોમતી નામની કન્યા સાથે ધમ્મિલકુમારના લગ્ન થયા. ધમ્મિલકુમાર ધર્મમાં રક્ત હતો તેથી સ્ત્રીને માયાજાળ માનવા લાગ્યો. ધમ્મિલકુમારના માતાપિતાને જાણ થતા માતાએ એને સંસારકુશળ બનાવવા જુગારીઓને સોંપ્યો. ધીમે ધીમે વેશ્યાગામી બન્યો. માતા ધમ્મિલના મંગાવ્યા પ્રમાણે દરરોજ વેશ્યાને ત્યાં ધન મોકલે છે. ઘણા સમય બાદ માતાએ પુત્રને પાછા આવવાનો સંદેશો મોકલ્યો. પણ તે ન આવ્યો.માતાપિતા તેના વિયોગમાં જ મરણ પામ્યા. પત્ની પીયર ચાલી ગઈ. તેથી ધમ્મિલને કોઈ ધન મોકલતું નથી. તેથી વેશ્યાને પૈસા ન મળતા તેણીએ ધમ્મિલને ઘરમાંથી કાઢી મૂક્યો. ભમતા ભમતા તેને અગડદત્ત મુનિ મળ્યા. તેમનાથી ધમ્મિલ પ્રતિબોધ પામ્યો. દુઃખમુક્તિ-સુખપ્રાપ્તિનો ઉપાય પૂછ્યો. મુનિ બોલ્યા - ''મુનિ સાવદ્યવચન બોલે નહી, પણ તારી બાબતમાં આશ્રવ તે સંવરરુપ થશે એટલે તને ઉપાય બતાવુ છું- દ્રવ્યથી મુનિવેષ સ્વીકારવો, આયંબિલનો ચઉવિહાર તપ કરવો, નિર્દોષ ગોચરી વાપરવી, સાધુપણુ પાળવું, નવકારનો ૯ લાખ જાપ કરવો, ષોડશાક્ષરી મંત્રનો જાપ કરવો, આમ ૬ માસ કરવાથી તારા દુઃખો દૂર થશે, બધા સુખો પ્રાપ્ત થશે.'' ધમ્મિલે ગુરુ મહારાજના કહ્યા મુજબ કર્યુ. ૭ માસ બાદ અશુભ કર્મના ક્ષયથી અને દેવની સહાયથી સર્વ રાજ્ય-સ્ત્રી-પુત્ર વગેરે સુખો મળ્યા. અંતે ધર્મરુચિ મુનિ પાસેથી પૂર્વભવ જાણી વૈરાગ્ય પામી રાજ્ય પુત્રને સોંપી સ્ત્રીઓ સાથે ચારિત્ર લીધું. ચારિત્રનું નિરતિચાર પાલન કરી અણસણ કરી અચ્યુત દેવલોકમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં કેવળ પામી મોક્ષે જશે.

આમ ધમ્મિલકુમારને પચ્ચક્ખાણના પ્રભાવથી આલોકના સુખો મળ્યા, પરંપરાએ મોક્ષ મળ્યો.

પચ્ચક્ખાણ કરવાથી પરલોકમાં દામન્નકને ફળ મળ્યુ.

દામન્નકનું દૃષ્ટાંત - ગજપુર નગરમાં જિનદાસ શ્રાવક રહે. તે સુનંદ નામના કુલપુત્રનો મિત્ર હતો. તે બન્ને એકવાર એક મહાત્માને વંદન કરવા ગયા. મુનિના ઉપદેશથી સુનંદે માંસભક્ષણનો ત્યાગ કર્યો. દુકાળ પડ્યો. બધા માંસાહારી થયા. પણ સુનંદ માછલા ન મારે. એકવાર સાળો આગ્રહ કરી માછલા પકડવા લઈ ગયો. પણ જાળમાં જે માછલા પકડાય તેને સુનંદ છોડી મૂકે. આમ ત્રણ દિવસ થયુ. અંતે અનશન કરી સુનંદ રાજગૃહી નગરીમાં દામન્નક નામે શ્રેષ્ઠિપુત્ર થયો. તે આઠ વર્ષનો થતા મારીમાં આખુ કુટુંબ મરણ પામ્યુ. દામન્નક સાગરદત્તશ્રેષ્ઠિને ત્યાં રહ્યો. ત્યાં ગોચરી વહોરવા આવેલા સાધુસંઘાટક માંથી એક સાધુએ બીજા સાધુને કહ્યું - 'આ દામન્નક શેઠના ઘરનો માલિક થશે !' આ સાંભળી શ્રેષ્ઠિએ દામન્નકને ચંડાલોને સોંપી મારી નાખવા જણાવ્યુ. ચંડાલોએ ટચલી આંગળી છેદી ભગાડી મૂક્યો. શેઠના એક ગોકુળના રક્ષકસ્વામીએ તેને પુત્ર તરીકે રાખ્યો. એક વાર શેઠ ગોકુળમાં ગયા. તેને ઓળખી ગયા. તેને મારી નાખવા કાગળમાં 'વિષ આપજો' એમ લખી ઘેર મોકલાવ્યો. દામન્નક શેઠના ઘેર જવા નિકળ્યો. રસ્તામાં મંદિરમાં સૂતો. શેઠની દિકરી વિષા ત્યાં આવી. દામન્નકનું રુપ જોઈ મોહ પામી. કાગળ વાંચ્યો. 'વિષ' ની બદલે 'વિષા' કર્યુ. દામન્નકે શેઠના ઘરે જઈ કાગળ આપ્યો. વિષા સાથે લગ્ન થયા. શેઠ ઘરે આવ્યા. વાત જાણી પસ્તાવો થયો. ફરી દામન્નકને મારવાનું કાવતરુ રચાયું. પણ શેઠનો પુત્ર જ તેમાં મર્યો. છેવટે શેઠે તેને ઘરનો સ્વામી બનાવ્યો. રાજાએ નગરશેઠ બનાવ્યો. ગુરુ મહારાજ પાસેથી પૂર્વભવ સાંભળી સમકિત પામ્યો. આરાધના કરી દેવલોકમાં ગયો. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષે જશે.

આમ પચ્ચક્ખાણના પ્રભાવથી દામન્નકને પરભાવમાં સુખ મળ્યુ, પરંપરાએ મોક્ષ મળ્યો.

જિનેશ્વર ભગવંતે કહેલા આ પચ્ચક્ખાણવિધિને ભાવથી સેવીને આજસુધી અનંતા જીવો મોક્ષમાં ગયા છે. માટે સહુએ આ પચ્ચક્ખાણવિધિના આસેવનમાં ભાવપૂર્વક યત્ન કરવો.



# શ્રીપચ્ચક્ખાણભાષ્ય

(મૂળ ગાથા અને ગાથાર્થ)

દસ પચ્ચક્ખાણ ચઉવિહિ, આહાર દુવીસગાર અદુરુત્તા ।
દસ વિગઈ તીસ વિગઈ-ગય દુહભંગા છ સુદ્ધિ ફલં ॥૧॥

પચ્ચક્ખાણ ભાષ્યમાં ૯ દ્વાર છે - ૧૦ પ્રકારના પચ્ચક્ખાણ, ૪ પ્રકારનો આહાર, ફરીથી નહી ઉચ્ચરાયેલા ૨૨ આગાર, ૧૦ વિગઈ, ૩૦ નીવિયાતા, ૨ ભાંગા, ૬ શુદ્ધિ, ૨ ફળ. ૧

અણાગય-મઈક્કંતં, કોડીસહિયં નિયંટિ અણગારં ।
સાગાર નિરવસેસં, પરિમાણકડં સકે અદ્ધા ॥૨॥

પચ્ચક્ખાણના ૧૦ પ્રકાર આ પ્રમાણે છે - અનાગત, અતિક્રાંત, કોટીસહિત, નિયંત્રિત, અનાગાર, સાગાર, નિરવશેષ, પરિમાણકૃત, સંકેત, અદ્ધા. ૨

નવકારસહિઅ પોરિસિ, પુરિમડ્ઢે-ગાસણે-ગઠાણે અ ।
આયંબિલ અભતટ્ઠે, ચરિમે અ અભિગ્ગહે વિગઈ ॥૩॥

અદ્ધા પચ્ચક્ખાણ ૧૦ પ્રકારે છે. તે આ પ્રમાણે - નવકારસહિત, પોરિસિ, પુરિમડ્ઢ, એકાસણુ, એકલઠાણુ, આયંબિલ, ઉપવાસ, ચરિમ, અભિગ્રહ, વિગઈ. ૩

ઉગ્ગએ સૂરે અ નમો, પોરિસિ પચ્ચક્ખ ઉગ્ગએ સૂરે ।
સૂરે ઉગ્ગએ પુરિમં, અભત્તટ્ઠં પચ્ચખાઈ ત્તિ ॥૪॥

ચાર પ્રકારનો વિધિ આ પ્રમાણે છે - ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં પચ્ચક્ખાઈ, પોરિસિં પચ્ચક્ખાઈ ઉગ્ગએ સૂરે, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં પચ્ચક્ખાઈ, સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ. ૪

ભણઈ ગુરૂ સીસો પુણ, પચ્ચક્ખામિ ત્તિ એવ વોસિરઈ ।
ઉવઓગિત્થ પમાણં, ન પમાણં વંજણચ્છલણા ॥૫॥

ગુરુ પચ્ચક્ખાઈ કહે ત્યારે શિષ્ય પચ્ચક્ખામિ કહે. એમ વોસિરઈ

વખતે પણ. એટલે કે ગુરુ વોસિરઈ કહે ત્યારે શિષ્ય વોસિરામિ કહે. અહીં ઉપયોગ પ્રમાણ છે, અક્ષરની ભૂલ પ્રમાણ નથી. ૫

પઢમે ઠાણે તેરસ, બીએ તિન્નિ ઉ તિગાઈ તઈઅંમિ ।
પાણસ્સ ચઉત્થંમિ, દેસવગાસાઈ પંચમએ ॥૬॥

ઉચ્ચારસ્થાન અને તેના ભેદો - પહેલા સ્થાનમાં ૧૩ ભેદ છે, બીજા સ્થાનમાં ૩ ભેદ છે. ત્રીજા સ્થાનમાં ૩ ભેદ છે, ચોથા સ્થાનમાં પાણસ્સ અને પાંચમાં સ્થાનમાં દેશાવગાસિકાદિ. ૬

નમુ પોરિસિ સઢ્ઢા, પુરિમ-વઢ્ઢ અંગુટ્ઠમાઈ અડ તેર ।
નિવિ વિગઈંબિલ તિય તિય, દુ ઈગાસણ એગઠાણાઈ ॥૭॥

પહેલા સ્થાનના ૧૩ ભેદ = નવકારસહિત, પોરિસી, સાઢપોરસિ, પુરિમઢ્ઢ, અવઢ્ઢ + અંગુષ્ઠસહિત વગેરે ૮, બીજા સ્થાનના ૩ ભેદ - નીવિ, વિગઈ, આયંબિલ, ત્રીજા સ્થાનના ૩ ભેદ - બીઆસણુ, એકાસણુ, એકલઠાણુ. ૭

પઢમંમિ ચઉત્થાઈ, તેરસ બીયંમિ તઈય પાણસ્સ ।
દેસવગાસં તુરિએ, ચરિમે જહસંભવં નેયં ॥૮॥

ઉપવાસના પચ્ચક્ખાણમાં ઉચ્ચારસ્થાન- પહેલા સ્થાનમાં ચોથભક્ત વગેરે, બીજા સ્થાનમાં ૧૩, ત્રીજા સ્થાનમાં પાણસ્સ, ચોથા સ્થાનમાં દેશાવગાસિક, છેલ્લા સ્થાનમાં યથાસંભવ જાણવું. ૮

તહ મજ્ઝપચ્ચક્ખાણેસુ ન પિ હુ સૂરુગ્ગયાઈ વોસિરઈ ।
કરણવિહી ઉ ન ભન્નઈ, જહાવસીયાઈ બિઅછંદે ॥૯॥

જેમ બીજા વાંદણામાં 'આવસ્સિઆએ' નથી બોલાતુ તેમ વચ્ચેના પચ્ચક્ખાણોમાં પણ 'સૂરે ઉગ્ગએ' વગેરે અને 'વોસિરઈ' જુદા જુદા નથી બોલાતા, કેમકે એવો કરણવિધિ છે. ૯

તહ તિવિહ પચ્ચક્ખાણે, ભન્નંતિ અ પાણગસ્સ આગારા ।
દુવિહાહારે અચિત્ત-ભોઈણો તહ ય ફાસુજલે ॥૧૦॥



તથા તિવિહારના પચ્ચક્ખાણમાં, અચિત્તભોજીને દુવિહારમાં અને પ્રાસુક જળ પીનારને પાણસ્સના આગાર ઉચ્ચરાવાય છે. ૧૦

ઈત્તુચ્ચિય ખવણંબિલ-નિવિયાઈસુ ફાસુયં ચિય જલં તુ ।
સઢ્ઢા વિ પિયંતિ તહા, પચ્ચક્ખંતિ ય તિહાહારં ॥૧૧॥

એટલા માટે જ ઉપવાસ, આયંબિલ, નીવિ વગેરેમાં શ્રાવકો પણ પ્રાસુક જળ જ પીવે છે અને તિવિહારનું પચ્ચક્ખાણ કરે છે. ૧૧

ચઉહાહારં તુ નમો, રત્તિંપિ મુણીણ સેસ તિહ-ચઉહા ।
નિસિ-પોરિસિ-પુરિમેગાસણાઈ સઢ્ઢાણ દુ-તિ-ચઉહા ।૧૨॥

નવકારસી અને મુનિઓને રાત્રીપચ્ચક્ખાણ ચઉવિહાર હોય છે, બાકીના તિવિહાર કે ચઉવિહાર હોય. શ્રાવકોને રાત્રીપચ્ચક્ખાણ, પોરિસિ, પુરિમઢ્ઢ, એકાસણુ વગેરે દુવિહાર, તિવિહાર કે ચઉવિહાર હોય. ૧૨

ખુહપસમ-ખમેગાગી, આહારિ વ એઈ દેઈ વા સાયં ।
ખુહિઓ વ ખિવઈ કૂટ્ઠે, જં પંકુવમં તમાહારો ॥૧૩॥

એકલી વસ્તુ જે ભૂખ શમાવવા સમર્થ હોય, અથવા આહારમાં જે આવે, અથવા જે સ્વાદ આપે, અથવા ભુખ્યો માણસ કાદવ જેવુ નિરસ ભોજન જે પેટમાં નાખે તે આહાર કહેવાય. ૧૩

અસણે મુગ્ગો-યણ-સત્તુ-મંડ-પય-ખજ્જ-રબ્બ-કંદાઈ ।
પાણે કંજિય જવ કયર, કક્કડો-દગ સુરાઈજલં ॥૧૪॥

મગ, ભાત, સાથવો, રોટલી વગેરે, દૂધ, ખાજા, રાબ, કંદ વગેરે અશનમાં આવે. કાંજીનું પાણી, જવનું પાણી, કેરનું પાણી, કાકડીનું પાણી, દારુ વગેરેનુ પાણી પાનમાં આવે. ૧૪

ખાઈમે ભત્તોસ ફલાઈ સાઈમે સુંઠિ જીર અજમાઈ ।
મહુ ગુડ તંબોલાઈ, અણહારે મોય નિંબાઈ ॥૧૫॥

શેકેલા ધાન્ય, ફળ વગેરે ખાદિમમાં આવે. સુંઠ, જીરુ, અજમો વગેરે, મધ, ગોળ, તંબોલ વગેરે સ્વાદિમમાં આવે. મૂત્ર, લિંબડો વગેરે અણાહારી છે. ૧૫

દો નવકારિ છ પોરિસિ, સગ પુરિમડ્ઢે ઈગાસણે અટ્ઠ ।
સત્તેગઠાણિ અંબિલિ, અટ્ઠ પણ ચઉત્થિ છ પ્પાણે ॥૧૬॥

નવકારસીમાં બે, પોરસીમાં ૬, પુરિમઢ્ઢમાં ૭, એકાસણામાં ૮, એકલઠાણામાં ૭, આયંબિલમાં ૮, ઉપવાસમાં ૫, પાણસ્સમાં ૬ આગાર હોય છે. ૧૬

ચઉ ચરિમે ચઉ-ભિગ્ગહિ, પણ પાવરણે નવટ્ઠ નિવીએ ।
આગારુક્ખિત્ત વિવેગ મુત્તું દવવિગઈ નિયમિટ્ઠ ॥૧૭॥

ચરિમમાં ૪, અભિગ્રહમાં ૪, પ્રાવરણમાં ૫, નીવિમાં ૯ કે ૮ આગાર છે. દ્રવવિગઈના નિયમમાં 'ઉક્ખિત્તવિવેગેણં' આગાર વિના ૮ આગાર હોય છે. ૧૭

અન્ન સહ દુ નમુકારે, અન્ન સહ પ્પચ્છ દિસ ય સાહુ સવ્વ ।
પોરિસિ છ સડ્ઢપોરિસિ, પુરિમડ્ઢે સત્ત સમહતરા ॥૧૮॥

નવકારસીમાં અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં એ બે આગાર, પોરિસિ અને સાઢપોરિસિમાં અન્ન૦, સહ૦, પચ્છન્ના૦, દિસા૦, સાહુ૦, સવ્વ૦ એ ૬ આગાર હોય છે. પુરિમઢ્ઢમાં મહત્તરા૦ સાથે ૭ આગાર હોય છે. ૧૮

અન્ન સહસ્સાગારિ અ, આઉંટણ ગુરુ અ પારિ મહ સવ્વ ।
એગ બિઆસણિ અટ્ઠ ઉ, સગ ઈગઠાણે અઉંટ વિણા ॥૧૯॥

એકાસણા-બીઆસણામાં અન્ન૦, સહ૦, સાગારિ૦, આઉંટણ૦, ગુરુ૦, પારિ૦, મહ૦, સવ્વ૦ એ ૮ આગાર હોય છે. એકલઠાણા માં આઉંટણ૦ વિના ૭ આગાર હોય છે. ૧૯

અન્ન સહ લેવા ગિહ, ઉક્ખિત્ત પડુચ્ચ પારિ મહ સવ્વ ।
વિગઈ નિવ્વિગએ નવ, પડુચ્ચ વિણુ અંબિલે અટ્ઠ ॥૨૦॥

વિગઈ-નીવિમાં અન્ન૦, સહ૦, લેવા૦, ગિહત્થ૦, ઉક્ખિત્ત૦, પડુચ્ચ૦, પારિ૦, મહ૦, સવ્વ૦, એ ૯ આગાર હોય છે. આયંબિલમાં પડુચ્ચ૦ વિના ૮ આગાર હોય છે. ૨૦

અન્ન સહ પારિ મહ સવ્વ, પંચ ખવણે છ પાણિ લેવાઈ ।
ચઉ ચરિમંગુટ્ઠાઈ-ભિગ્ગહિ અન્ન સહ મહ સવ્વ ॥૨૧॥



ઉપવાસમાં અન્ન૦, સહ૦, પારિ૦, મહ૦, સવ્વ૦ એ પાંચ આગાર હોય છે, પાણસ્સમાં લેવેણ૦ વગેરે ૬ આગાર હોય છે. ચરિમ-અંગુષ્ઠસહિત વગેરે, અભિગ્રહ માં અન્ન૦, સહ૦, મહ૦, સવ્વ૦ એ ૪ આગાર હોય છે. ૨૧

દુદ્ધ મહુ મજ્જ તિલ્લં, ચઉરો દવવિગઈ ચઉર પિંડદવા ।
ઘય ગુલ દહિયં પિસિયં, મકખણ પક્કન્ન દો પિંડા ॥૨૨॥

દુધ, મધ, દારુ, તેલ- એ ચાર દ્રવવિગઈ છે; ઘી, ગોળ, દહિં, માંસ એ ૪ પિંડદ્રવવિગઈ છે; માખણ, પક્વાન્ન એ બે પિંડવિગઈ છે. ૨૨

પોરિસિ સડ્ઢ-અવડ્ઢં, દુભત્ત નિવ્વિગઈ પોરિસાઈ સમા ।
અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠી - સચિત્તદવ્વાઈ-ભિગ્ગહિયં ॥૨૩॥

પોરિસિના અને સાઢપોરિસિના આગાર સરખા હોય છે, અવડ્ઢના અને પુરિમડ્ઢના આગાર સરખા હોય છે, બિઆસણાના અને એકાસણાના આગાર સરખા હોય છે, નિવિના અને વિગઈના આગાર સરખા હોય છે, અંગુષ્ઠસહિતના, મુષ્ટિસહિતના, ગ્રંથીસહિતના અને સચિત્ત દ્રવ્યાદિના અભિગ્રહના આગાર સરખા હોય છે. ૨૩

વિસ્સરણમણાભોગો, સહસાગારો સયં મુહપવેસો ।
પચ્છન્નકાલ મેહાઈ દિસિ-વિવજ્જાસુ દિસિમોહો ॥૨૪॥

અનાભોગ એટલે ભૂલી જવુ, સહસાગાર એટલે અચાનક મોઢામાં પડી જવુ, પ્રચ્છન્નકાળ એટલે વાદળ વગેરે, દિશાના વિપર્યાસમાં દિશામોહ. ૨૪

સાહુવયણ ઉગ્ઘાડા-પોરિસિ તણુ-સુત્થયા સમાહિત્તિ ।
સંઘાઈકજ્જ મહત્તર, ગિહત્થ-બંદાઈ સાગારી ॥૨૫॥

સાધુવચન એટલે ઉગ્ઘાડાપોરિસિ, સમાધિ એટલે શરીરની સ્વસ્થતા, મહત્તર એટલે સંઘ વગેરેનું કાર્ય, સાગારિક એટલે ગૃહસ્થ, બંદિ વગેરે. ૨૫

આઉંટણ-મંગાણં, ગુરુ-પાહુણ-સાહુ ગુરુઅબ્ભુટ્ઠાણં ।
પરિઠાવણ વિહિગહિએ, જઈણ પાવરણિ કડિપટ્ટો ॥૨૬॥

આકુંચન એટલે શરીરના અંગોનું સંકોચવુ, ગુરુઅભ્યુત્થાન એટલે ગુરુ-પ્રાઘૂર્ણકસાધુ આવે તો ઉભા થવુ, પરિષ્ઠાપન એટલે વિધિપૂર્વક ગ્રહણ કરેલા આહારને જો વધારે હોય તો પરઠવવો, પ્રાવરણમાં સાધુઓને ચોલપટ્ટો (પહેરવો). ૨૬

ખરડિય લૂહિઅ ડોવાઈ લેવ સંસટ્ઠ ડુચ્ચ મંડાઈ ।
ઉક્ખિત્ત પિંડવિગઈણ મક્ખિયં અંગુલીહિં મણા ॥૨૭॥

લેપાલેપ એટલે ખરડાયા પછી લૂછેલા કડછી વગેરે, સંસૃષ્ટ એટલે શાક અને રોટલી વગેરેનો સ્પર્શ, ઉત્ક્ષિપ્ત એટલે પિંડવિગઈઓને ઉપાડવી, મ્રક્ષિત એટલે આંગળીથી સહેજ ચોપડેલ. ૨૭

લેવાડં આયામાઈ ઈઅર સોવીરમચ્છમુસિણજલં ।
ધોઅણ બહુલસસિત્થં, ઉસ્સેઈમ ઈઅર સિત્થ વિણા ॥૨૮॥

લેપકૃત એટલે ઓસામણ વગેરે, અલેપકૃત એટલે કાંજી, અચ્છ એટલે ઉષ્ણ જળ, બહુલ એટલે ધોવણ, સસિક્થ એટલે દાણાવાળુ, અસિક્થ એટલે દાણા વિનાનું. ૨૮

પણ ચઉ ચઉ ચઉ દુ દુવિહ, છ ભક્ખ દુદ્ધાઈ વિગઈ ઈગવીસં।
તિ દુ તિ ચઉવિહ અભક્ખા, ચઉ મહુમાઈ વિગઈ બાર ॥૨૯॥

દુધ વગેરે ૬ ભક્ષ્ય વિગઈઓ ૫, ૪, ૪, ૪, ૨, ૨ પ્રકારે છે - એમ ૨૧ પ્રકાર થયા. મધ વગેરે ૪ અભક્ષ્ય વિગઈઓ ૩, ૨, ૩, ૪ પ્રકારે છે. એમ ૧૨ પ્રકાર થયા. ૨૯

ખીર ઘય દહિઅ તિલ્લં, ગુડ (લ) પક્કન્નં છ ભક્ખ વિગઈઓ।
ગો-મહિસિ-ઉટ્ટિ-અય-એલગાણ પણ દુદ્ધ અહ ચઉરો ॥૩૦॥
ઘય દહિઆ ઉટ્ટિ-વિણા, તિલ સરિસવ અયસિ લટ્ટ તિલ્લચઉ ।
દવગુડ પિંડગુડા દો, પક્કન્નં તિલ્લ-ઘય-તલિયં ॥૩૧॥

દુધ, ઘી, દહિ, તેલ, ગોળ, પક્વાન્ન એ છ ભક્ષ્ય વિગઈઓ છે. દુધ ૫ પ્રકારે છે - ગાયનું, ભેંસનું, ઉંટડીનું, બકરીનું, ઘેટીનું. ઘી અને દહીં ઉંટડી વિના ચાર પ્રકારના હોય. તલનું, સરસવનું, અળસીનું, કુસુંબીનું



એમ તેલ ચાર પ્રકારે છે. ગોળ બે પ્રકારે છે- દ્રવગોળ અને પિંડગોળ. પક્વાન્ન બે પ્રકારે છે - તેલમાં તળેલ અને ઘીમાં તળેલ. ૩૦-૩૧

પયસાડિ-ખીર-પેયા-વલેહિ દુદ્ધટ્ટિ દુદ્ધ વિગઈગયા ।
દક્ખ બહુ અપ્પ તંદુલ, તચ્ચુન્નં-બિલસહિઅ દુદ્ધે ॥૩૨॥

પયસાડી, ખીર, પેયા, અવલેહિકા, દુગ્ધાટી એ પાંચ દુધના નીવિયાતા છે. તે દુધમાં અનુક્રમે દ્રાક્ષ, ઘણા ચોખા, અલ્પ ચોખા, ચોખાનો લોટ અને ખાટા પદાર્થ નાખવાથી થાય છે. ૩૨

નિબ્ભંજણ વીસંદણ, પક્કોસહિતરિય કિટ્ટિ પક્કઘયં ।
દહિએ કરંબ સિહરિણિ, સલવણ-દહિ ઘોલ ઘોલવડા ॥૩૩॥

નિર્ભંજન, વિસ્પંદન, પક્વૌષધિતરિત, કિટ્ટી અને ઉકાળેલ ઘી એ ઘીના નીવિયાતા છે. દહિના નીવિયાતામાં કરંબ, શિખંડ, મીઠાવાળુ દહિ, ઘોલ, ઘોલવડા આવે છે. ૩૩

તિલકુટ્ટી નિબ્ભંજણ, પક્કતિલ પક્કુસહિતરિય તિલ્લમલી ।
સક્કર ગુલવાણય પાય ખંડ અદ્ધકઢિ ઈક્ખુરસો ॥૩૪॥

તલસાંકળી, નિર્ભંજન, ઉકાળેલ તેલ, પક્વૌષધિતરિત, તેલનો મેલ - એ પાંચ પ્રકારના તેલના નીવિયાતા છે. સાકર, ગોળનું પાણી, ગોળની ચાસણી, ખાંડ, અડધો ઉકાળેલો શેરડીનો રસ એ પાંચ ગોળના નીવિયાતા છે. ૩૪

પૂરિય તવ પૂઆ બીય પૂઅ તન્નેહ તુરિય ધાણાઈ ।
ગુલહાણી જલલપ્પસિ,ચ પંચમો પૂત્તિકય પૂઓ ॥૩૫॥

તવી પૂરાય તેવા પુડલા પછીનો બીજો પુલડો, તત્સ્નેહ ચતુર્થ ધાણ વગેરે, ગોળધાણી, જલલાપસી, પોતકૃત પુડલો - એ પાંચ પક્વાન્નના નીવિયાતા છે. ૩૫

દુદ્ધ દહી ચઉરંગુલ, દવ ગુડ ઘય તિલ્લ એગ ભત્તુવરિં ।
પિંડગુલ મક્ખણાણં, અદ્દામલયં ચ સંસટ્ઠં ॥૩૬॥

ભોજનની ઉપર દુધ-દહીં ચાર આંગળ સુધી, દ્રવ ગોળ-ઘી-તેલ એક

આંગળ સુધી, પિંડ ગોળ અને માખણના લીલા આમળા જેવડા કણ તે સંસૃષ્ટ દ્રવ્ય કહેવાય. ૩૬

દવ્વહયા વિગઈ વિગઈ-ગયં પુણો તેણ તં હયં દવ્વં ।
ઉદ્ધરિએ તત્તંમિ ય, ઉક્કિટ્ઠ દવ્વં ઈમં ચન્ને ॥૩૭॥

દ્રવ્યથી હણાયેલી વિગઈ તે નીવિયાતુ છે. અને તેથી તે દ્રવ્ય હણાયેલુ છે. તળાયા બાદ વધેલા ઘી તેલમાંથી જે દ્રવ્ય બનાવાય તે પણ નીવિયાતુ છે. અન્ય આચાર્યો આને ઉત્કૃષ્ટદ્રવ્ય કહે છે. ૩૭

તિલસક્કુલિ વરસોલાઈ, રાયણંબાઈ, દક્ખવાણાઈ ।
ડોલી તિલ્લાઈ ઈઅ, સરસુત્તમ દવ્વ લેવકડા ॥૩૮॥

તલસાંકળી, વરસોલા વગેરે, રાયણ, આંબા વગેરે, દ્રાક્ષનું પાણી વગેરે, ડોળીયું અને તેલ વગેરે એ સરસોત્તમ દ્રવ્ય અને લેપકૃત દ્રવ્ય છે. ૩૮

વિગઈગયા સંસટ્ઠા, ઉત્તમદવ્વા ય નિવ્વિગઈયંમિ ।
કારણજાયં મુત્તું, કપ્પંતિ ન ભુત્તું જં વુત્તં ॥૩૯॥

નીવિયાતા, સંસૃષ્ટ અને ઉત્તમ દ્રવ્યો કારણ વિના નીવિમાં વાપરવા ન કલ્પે, કેમકે કહ્યુ છે કે- ૩૯

વિગઈ વિગઈભીઓ, વિગઈગયં જો અ ભુંજએ સાહૂ ।
વિગઈ વિગઈસહાવા, વિગઈ વિગઈ બલા નેઈ ॥૪૦॥

દુર્ગતિથી ભય પામેલો જે સાધુ વિગઈ અને નીવિયાતા વાપરે છે, તેને વિગઈ વિકારી સ્વભાવવાળી હોવાથી પરાણે દુર્ગતિમાં લઈ જાય છે. ૪૦

કુત્તિય મચ્છિય ભામર, મહું તિહા કટ્ઠ પિટ્ઠ મજ્જ દુહા ।
જલ થલ ખગ મંસ તિહા, ઘયવ્વ મક્ખણ ચઉ અભક્ખા ॥૪૧॥

કુંતિયાનું, માખીનું અને ભમરીનું - એમ મધ ત્રણ પ્રકારે છે; કાષ્ઠની અને લોટની - એમ મદિરા બે પ્રકારે છે; જલચરનું, સ્થલચરનું અને ખેચરનું એમ માંસ ત્રણ પ્રકારે છે, ઘીની જેમ માખણ ચાર પ્રકારે છે - એ અભક્ષ્ય છે. ૪૧



મણ વયણ કાય મણવય, મણતણુ વયતણુ તિજોગિ સગસત્ત ।
કર કારણુમઈ દુ તિ જુઈ, તિકાલિ સીયાલ-ભંગ-સયં ॥૪૨॥

મન-વચન-કાયા-મનવચન-મનકાયા-વચનકાયા- મનવચનકાયા એ સાત ભાંગા. કરણ-કરાવણ-અનુમોદન-દ્વિસંયોગી ભાંગા-ત્રિસંયોગી ભાંગા- એ સાત ભાંગા. ત્રણ કાળ. એમ ૭ x ૭ x ૩ = ૧૪૭ ભાંગા થાય. ૪૨

એયં ચ ઉત્તકાલે, સયં ચ મણ વયણ તણૂહિં પાલણિયં ।
જાણગજાણગ પાસ ત્તિ ભંગ ચઉગે તિસુ અણુન્ના ॥૪૩॥

આ પચ્ચક્ખાણ શાસ્ત્રોક્ત કાળે લેવુ અને પોતે મન-વચન-કાયાથી પાળવુ. જાણકાર અને જાણકાર પાસેથી એમ ચાર ભાંગામાં ત્રણ ભાંગાની રજા છે. ૪૩

ફાસિય પાલિય સોહિય, તીરિય કિટ્ટિય આરાહિઅ છ સુદ્ધં ।
પચ્ચક્ખાણં ફાસિય, વિહિણોચિય-કાલિ જં પત્તં ॥૪૪॥

સ્પર્શિત, પાલિત, શોભિત, તીરિત, કીર્તિત, આરાધિત-આ ૬ રીતે પચ્ચક્ખાણ શુદ્ધ છે. સ્પર્શિત એટલે વિધિપૂર્વક ઉચિતકાળે ગ્રહણ કર્યુ હોય તે.૪૪

પાલિય પુણ પુણ સરિય, સોહિય ગુરુદત્ત સેસ ભોયણઓ ।
તીરિય સમહિય કાલા, કિટ્ટિય ભોયણ સમય સરણા ॥૪૫॥

પાલિત એટલે વારંવાર યાદ કરેલુ, શોભિત એટલે ગુરુને આપ્યા પછી વધેલુ વાપરવુ, તીરિત એટલે અધિક કાળ થવા દેવો, કીર્તિત એટલે ભોજન સમયે પચ્ચક્ખાણ યાદ કરવુ. ૪૫

ઈઅ પડિઅરિઅં આરાહિયં તુ અહવા છ સુદ્ધિ સદ્દહણા ।
જાણણ વિણય-ણુભાસણ, અણુપાલણ ભાવસુદ્ધિત્તિ ॥૪૬॥

આ રીતે પાળેલુ તે આરાધિત, અથવા તો છ શુદ્ધિ આ રીતે જાણવી- શ્રદ્ધા, જાણવુ, વિનય, અનુભાષણ, અનુપાલન, ભાવશુદ્ધિ. ૪૬

પચ્ચક્ખાણસ્સ ફલં, ઈહ પરલોએ ય હોઈ દુવિહં તુ ।
ઈહલોએ ધમ્મિલાઈ દામન્નગમાઈ પરલોએ ॥૪૭॥

પચ્ચક્ખાણનું ફળ આલોકમાં અને પરલોકમાં એમ બે પ્રકારે જાણવુ.

આ લોકમાં ધમ્મિલ વગેરે અને પરલોકમાં દામન્નક વગેરે દષ્ટાંત તરીકે જાણવા.॥૪૭॥

પચ્ચક્ખાણમિણં સેવિઊણ, ભાવેણ જિણવરુદિટ્ઠં ।
પત્તા અણંતજીવા, સાસય-સુક્ખં અણાબાહં ॥૪૮॥

જિનેશ્વર ભગવાને ઉપદેશેલા આ પચ્ચક્ખાણને ભાવથી સેવીને અનંતા જીવો બાધારહિત શાશ્વત સુખને પામ્યા છે. ૪૮



# પરિશિષ્ટ-૧

સિદ્ધાણંની છેલ્લી ગાથામાં અષ્ટાપદાદિ તીર્થો અને ભિન્ન ભિન્ન સંખ્યાવાળા જિનશ્વરોની વંદનાનો અધિકાર છે. એમાં અહીં ભિન્ન ભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરોની વંદના આ પ્રમાણે સમજવી.

૧) અષ્ટાપદ તીર્થ ઉપર ૪ + ૮ + ૧૦ + ૨ = ૨૪ જિનેશ્વરોને વંદના.

૨) ચત્તારઓ = દૂર કર્યા છે દુશ્મનોને જેમણે એવા. આ વિશેષણ સમજવુ. ૮ + ૧૦ + ૨ = ૨૦. સમેતશિખર તીર્થ ઉપર જે ૨૦ જિનેશ્વરોનું નિર્વાણ થયુ તેમને વંદના.

૩) ૮ + ૧૦ + ૨ = ૨૦, ૨૦ / ૪ = ૫, ૮ + ૧૦ + ૫ = ૨૩. શત્રુંજયની સ્પર્શના જેમણે કરી એવા ૨૩ જિનેશ્વરોને વંદના.

૪) ૪ x ૮ = ૩૨, ૧૦ x ૨ = ૨૦, ૩૨ + ૨૦ = ૫૨
નંદીશ્વર દ્વીપમાં રહેલ ૫૨ જિનાલયોને વંદના.

૫) જંબુદ્વીપમાં ૪, ધાતકીખંડમાં ૮, પુષ્કરવરાર્ધદ્વીપમાં ૧૦ - ૨ = ૮. ૪ + ૮ + ૮ = ૨૦.
આમ વર્તમાનકાળે સદેહે વિચરતા ૨૦ જિનેશ્વરોને વંદના.

(૬) ૮ x ૧૦ = ૮૦, ૮૦ x ૨ = ૧૬૦.
મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ઉત્કૃષ્ટથી ૧૬૦ જિનેશ્વરોને વંદના.

(૭) ૮ x ૮ = ૬૪, ૧૦ x ૧૦ = ૧૦૦, ૬૪ + ૧૦૦ + ૪ + ૨ = ૧૭૦. પંદર કર્મભૂમિમાં વિચરતા ઉત્કૃષ્ટથી ૧૭૦ જિનેશ્વરોને વંદના.

(૮) ૮ + ૧૦ = ૧૮, ૧૮ x ૪ = ૭૨.
અતીત-અનાગત-વર્તમાન ચોવિશીના મળી ૭૨ જિનેશ્વરોને વંદના.

(૯) ૪ + ૮ = ૧૨, ૧૨ x ૧૦ = ૧૨૦.
પાંચ ભરતક્ષેત્રની પાંચ વર્તમાન ચોવિશીના ૧૨૦ જિનેશ્વરોને વંદના.

(૧૦) ૮ x ૧૦ = ૮૦, ૮૦ + ૧૦ = ૯૦, ૯૦ x ૪ = ૩૬૦.
પાંચ ભરતક્ષેત્રની અતીત-અનાગત-વર્તમાન ચોવિશીના ૩૬૦ જિનેશ્વરોને વંદના.

૧૧) ઉપરોક્ત ૭૨, ૧૨૦, ૩૬૦ ને ૨ થી ગુણતા ૧૪૪, ૨૪૦, ૭૨૦ આવે. ભરતક્ષેત્ર- ઐરવતક્ષેત્રના ભેગા જિનેશ્વરોને વંદના.

૧૨) અનુત્તર, ગ્રૈવેયક, વૈમાનિક, જ્યોતિષ ના સિદ્ધાયતનોમાં રહેલા જિનેશ્વરોના ૪ પ્રકાર, વ્યંતરના ૮ ભેદોના સિદ્ધાયતનોમાં રહેલા જિનેશ્વરોના ૮ પ્રકાર, ભવનપતિના ૧૦ ભેદોના સિદ્ધાયતનોમાં રહેલા જિનેશ્વરોના ૧૦ પ્રકાર, તીર્છાલોકમાં પૃથ્વીતલ પર રહેલા શાશ્વત-અશાશ્વત જિનેશ્વરોના ૨ પ્રકાર. આમ ત્રણે ભુવનમાં રહેલા સર્વ જિનેશ્વરોને વંદના.

૧૩) ૪ x ૮ = ૩૨, ૩૨ x ૧૦ = ૩૨૦, ૩૨૦ x ૨ = ૬૪૦, ૨૦ / ૪ = ૫ ૬૪૦ - ૫ = ૬૩૫. જંબુદ્વીપના ૬૩૫ ચૈત્યોને વંદના.

૧૪) ૮ x ૧૦ = ૮૦, ૪ + ૧૦ + ૨ = ૧૬, ૮૦ x ૧૬ = ૧,૨૮૦, ૧,૨૮૦ - ૮ = ૧,૨૭૨.
ધાતકીખંડના ૧,૨૭૨ ચૈત્યોને વંદના.

૧૫) ઉપરોક્ત ૧,૨૮૦ - ૪ = ૧,૨૭૬. પુષ્કરવરાર્ધના ૧,૨૭૬ ચૈત્યોને વંદના.

૧૬) ૮ x ૧૦ = ૮૦, ૮૦ + ૧૦ + ૨ = ૯૨. મનુષ્યલોકની બહાર રહેલ ૯૨ ચૈત્યોને વંદના.

૧૭) એટલે ૬૩૫ + ૧,૨૭૨ + ૧,૨૭૬ + ૯૨ = ૩,૨૭૫ તિર્છાલોકના ૩૨૭૫ ચૈત્યોને વંદના.

- ચૈત્યવંદનભાષ્યની વૃત્તિમાંથી



## પરિશિષ્ટ-૨

યાકિનીમહત્તરાસુનુ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'લલિત-વિસ્તરા' ગ્રંથમાં ચૈત્યવંદનની સિદ્ધિ માટે ભૂમિકારૂપ ૩૩ કર્ત્તવ્યો બતાવ્યા છે. તે આ પ્રમાણે છે -

૧) **યતિતવ્યમાદિકર્મણિ** - આદિ ધાર્મિકના કર્ત્તવ્યોમાં પ્રયત્નશીલ રહેવુ. દા.ત. દયાળુતા રાખવી, કોઈનાય અપમાન-તિરસ્કાર ન કરવા, ક્રોધાવિષ્ટ ન બનવુ વગેરે.

૨) **પરિહર્ત્તવ્યો અકલ્યાણમિત્રયોગ**ઃ - અકલ્યાણમિત્રો દોષોની પ્રેરણા આપે છે અને નિંદા-વિકથા સંભળાવે છે. માટે તેમનો સંગ ન રાખવો.

૩) **સેવિતવ્યાનિ કલ્યાણમિત્રાણિ** - આત્માને અકર્ત્તવ્ય પરાઙ્મુખ અને સદા કર્તવ્યબદ્ધ રાખવા આત્મહિતકારી એવા કલ્યાણમિત્રોને સેવવા.

૪) **ન લઙ્ઘનીયોચિતસ્થિતિ**ઃ - અનુચિત આચરવાથી અનેક અનર્થો ઉભા થાય છે. તેથી મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું.

૫) **અપેક્ષિતવ્યો લોકમાર્ગ**ઃ - લોકમાં આપણી અને ધર્મની નિંદા ન થાય તે માટે લોકમાર્ગને સાપેક્ષ રહેવું, કિન્તુ તેની ઉપેક્ષા બેપરવાઈ ન કરવી.

૬) **માનનીયા ગુરુસંહતિ**ઃ - માતા, પિતા, મોટાભાઈ વગેરે વડિલ, વિદ્યાગુરુ, ધર્મગુરુ વગેરે ગુરુવર્ગને માનવા, પૂજવા, અદબ રાખવી.

૭) **ભવિતવ્યમેતત્તન્ત્રેણ** - ગુરુવર્ગને પરાધીન રહેવુ, કિન્તુ સ્વચ્છંદી અને એમની વડિલતા તથા આજ્ઞાના લોપક ન બનવું.

૮) **પ્રવર્તિતવ્યં દાનાદૌ** - ઉચિતદાન, દયાદાન, પાત્રદાન, શીલ-સદાચારો, વ્રતનિયમો, ત્યાગ-તપ, શુભ ભાવના વગેરેમાં પ્રવૃત્તિ કરવી.

૯) **कर्त्तव्योदारपूजा भगवताम्** - સારો ધનવ્યય કરી ભગવાનની પૂજા કરવી. તેથી ધન કરતા ભગવાનની કિંમત વધુ આંકવાનુ થાય.

૧૦) **निरूपणीयः साधुविशेषः** - જીવન-માર્ગદર્શક એવા સદ્‌ગુરુને ગુરુત્વના લક્ષણથી શોધી કાઢવા જેથી કુગુરુના ફંદામાં ફસાવાનું ન થાય.

૧૧) **श्रोतव्यं विधिना धर्मशास्त्रम्** - આત્મભાન અને કર્ત્તવ્યશિક્ષા મળે એ માટે એકાગ્રચિત્તે, નિદ્રા-વિકથાદિ દોષ ટાળી સદ્‌ગુરુ પાસે ધર્મશાસ્ત્ર સાંભળવા.

૧૨) **भावनीयं महायत्नेन** - ધર્મશાસ્ત્ર-શ્રવણમાંથી પ્રાપ્ત તત્ત્વો અને કર્ત્તવ્યમાર્ગોથી સ્વાત્માને મોટા પ્રયત્નપૂર્વક ભાવિત-વાસિત કરવો.

૧૩) **प्रवर्त्तितव्यं विधानतः** - શાસ્ત્રવિધાનાનુસાર ત્યાજ્યના ત્યાગ અને ઉપાદેયના અમલમાં અવશ્ય પ્રવૃત્તિ કરવી.

૧૪) **अवलम्बनीयं धैर्यम्** - ગમે તેવી આપત્તિ આવે, કષ્ટ આવે કે વિશેષ મોટુ કાર્ય આવે, ત્યારે ધીરજ-હિંમત રાખવી.

૧૫) **पर्यालोचनीया आयतिः** - કાંઈ પણ બોલતા કે દરેક કાર્ય કરતા પહેલા દીર્ઘદૃષ્ટિથી ભાવીપરિણામ વિચારી લેવું.

૧૬) **अवलोकनीयो मृत्युः** - મૃત્યુનો ખ્યાલ રાખવો. 'જીવન અમર નથી, બહુ દીર્ઘકાળનું પણ નથી, મૃત્યુ અવશ્ય આવવાનું છે' એ ક્યારેય ધ્યાન બહાર ન રહેવુ જોઈએ.

૧૭) **भवितव्यं परलोकप्रधानेन** - પરલોકપ્રધાન જીવન જીવવુ, અર્થાત્ પરલોકમાં કેમ દુર્ગતિ-દુઃખ-દૌર્ભાગ્ય ન આવે, તથા સદ્‌ગતિ, શુભ ભાવો અને સારી ધર્મસામગ્રી-ધર્મવીર્યોલ્લાસ મળે એ મુખ્ય રાખી એને અનુકૂળ જીવન જીવવું.

૧૮) **सेवितव्यो गुरुजनः** - માતાપિતાદિ વડિલજનો, વિદ્યાગુરુ અને ધર્મગુરુની સેવા-ઉપાસના કરવી, જેથી એમની કૃપા મળે.



૧૯) **कर्तव्यं योगपटदर्शनम्** - મંત્રાક્ષરાદિ-સહિત ઈષ્ટ દેવાદિના અને આધ્યાત્મકિ ભાવની વૃદ્ધિ કરે એવા ચિત્રમય પટનું દર્શન કરવુ.

૨૦) **स्थापनीयं तद्रूपादि चेतसि** - યોગપટમાં આલેખિત સ્વરૂપનું ચિત્તમાં અવધારણ કરવુ. એથી ચિત્તમાં એના સંસ્કાર પડવાથી હૃદયકમળમાં એને આબેહૂબ જોઈ એનુ ધ્યાન કરી શકાય.

૨૧) **निरूपयितव्या धारणा** - ધારણાની તપાસ રાખવી. એટલે કે યોગપટના દર્શનથી ચિત્તમાં એના સ્વરૂપનું સ્થાપન બરાબર થયુ કે કેમ તે તપાસતા રહેવુ.

૨૨) **परिहर्त्तव्यो विक्षेपमार्गः** - ઉક્ત ધારણા કરતી વખેત ઈંદ્રિયો અને મનને બીજે તાણી જાય એવા વિક્ષેપમાર્ગ એટલે ડાફોળિયા, શ્રવણેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય વગેરેને એના બાહ્ય વિષયમાં જોડવાનું અથવા મનમાં બીજુ લાવવાનુ છોડી દેવુ.

૨૩) **यतितव्यं योगसिद्धौ** - યોગ એટલે મોક્ષની સાથે જોડી આપે એવી શમદમાદિથી યુક્ત રહીને જીવ-અજીવ વગેરે તત્ત્વોની કરાતી વિચારણા. તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, એટલે કે એ વિચારણા વારંવાર કરતા રહીને પછી એ તત્ત્વવિચારણા સહેજે ચાલે એવી બનાવી દેવી.

૨૪) **कारयितव्याः भगवत्प्रतिमाः** - ભગવાનના ઉપકારને નજર સમક્ષ લાવવા અને પ્રારંભિક સાલંબન ધ્યાન કરવા એમની પ્રતિમાઓ ભરાવવી.

૨૫) **लेखनीयं भुवनेश्वरवचनम्** - ધર્મની અવિચ્છિન્ન પરંપરા ચાલ્યા કરે એ માટે ધર્મશાસ્ત્રો લખાવવા.

૨૬) **कर्तव्यो मङ्गलजापः** - ત્રિકરણની શુદ્ધિ માટે, વિઘ્નોનો નાશ કરવા માટે અને ઈષ્ટની સિદ્ધિ કરવા માટે પરમાત્માના નામો, મંત્રાક્ષરોનો કે પરમાત્મા-સંબદ્ધનો મંગલ જાપ કરવો.

૨૭) **प्रतिपत्तव्यं चतुःशरणम्** - અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચારેનું શરણ સ્વીકારવુ, એટલે કે મન ઉપરથી બીજા જડ-ચેતનની ઓથ-આધાર ત્રાણ-શરણ મૂકી દઈ 'આ ચાર જ મારે આધાર છે' એવો ભાવ લાવવો.

૨૮) **गर्हितव्यानि दुष्कृतानि** - આ જન્મમાં અને ભૂતકાળના જન્મોમાં થયેલા દુષ્કૃતો-પાપી વિચાર-વાણી-વર્તનની ગર્હા, નિંદા, જુગુપ્સા, પશ્ચાત્તાપ કરવા, જેથી એની કર્ત્તવ્યબુદ્ધિ નષ્ટ થાય અને પાપાનુબંધો નાશ પામે.

૨૯) **अनुमोदनीयं कुशलम्** - પોતાના સુકૃતોની અને અરિહંતથી માંડી માર્ગાનુસારી જીવ સુધીના જીવોના સુકૃતોની અનુમોદના કરવી, જેથી સુકૃતોની તીવ્ર ઉપાદેયબુદ્ધિ જીવતી રહે.

૩૦) **पूजनीयाः मन्त्रदेवताः** - પોતાના ઈષ્ટ મંત્રના અધિષ્ઠાયક દેવ સામાન્યથી અરિહંત, યા વિશેષે મહાવીરદેવ વગેરેની ભવ્ય પૂજા કરવી.

૩૧) **श्रोतव्यानि सच्चेष्टितानि** - પોતાને કરવા યોગ્ય ઉત્તમ કૃત્યો અને સત્પુરુષોએ આચરેલ કર્ત્તવ્યોનું ગુરુમુખે વારંવાર શ્રવણ કરવુ.

૩૨) **भावनीयमौदार्यम्** - હૃદય ઔદાર્યથી ભાવિત કરવુ. જીવનપ્રસંગોમાં વારંવાર મનોવૃત્તિ ઉદાર-વિશાળ રાખવાનો અભ્યાસ કેળવવાથી હૃદય ઔદાર્યથી ભાવિત બને છે.

૩૩) **वर्त्तितव्यमुत्तमज्ञातेन** - ઉત્તમ પુરુષોના જ્વલંત સત્ત્વ, પરાક્રમ અને ગુણોને આલંબન તરીકે લક્ષ સામે રાખી એને અનુસરતુ જીવન બનાવવુ.



# ચૈત્યવંદનમાં ઉલ્લાસ વધે તે માટે આ લખાણ વાંચી વિચારી મનન કરશો.

थयथुइमंगलेणं भंते जीवे किं जणयइ ?
थयथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणयइ
नाणदंसणचरित्तबोहिलाभसंपन्ने य जीवे अंतकिरियं
कप्पोवमाणोववत्तियं आराहणं आरोहइ ।

***- उत्तराध्ययन सूत्र***

સ્તવસ્તુતિ રૂપ મંગલથી હે પ્રભુ ! જીવને શું પ્રાપ્ત થાય છે ? સ્તવસ્તુતિરૂપ મંગલથી જીવને જ્ઞાન દર્શન-ચારિત્ર રૂપ બોધિલાભ પ્રાપ્ત થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ બોધિલાભ પ્રાપ્ત થવાથી જીવને કર્મના અંતને કરનારી મુક્તિની આરાધના થાય છે. અથવા વૈમાનિક કલ્પમાં ઉત્પન્ન થનારી આરાધના થાય છે.

મુક્તિને પામવા રાજમાર્ગ ઉગ્ર સંયમ અને ઘોર તપ છે. મહાત્માઓ અનેકવિધ ઉપસર્ગ પરિષહોને હસતા મુખે સહન કરતા કરતા ભારે કર્મનિર્જરા કરી શીઘ્ર નિર્વાણ પામે છે. પણ જેઓ પાસે આવુ સત્ત્વ નથી એ જીવોએ આવું સત્ત્વ કેવી રીતે પ્રાપ્ત કરવું ? એનો ઉપાય કયો ? અથવા બીજા અર્થમાં આ પ્રશ્ન લઈએ તો મુક્તિનો સરળ ઉપાય કયો ?

મુક્તિનો સરળ ઉપાય છે : ભક્તિયોગ.. ભક્તિયોગ દ્વારા કર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત થતા ઉગ્ર સંયમ અને ઘોર તપની તાકાત સહેલાઈથી આવી જાય છે. વર્તમાનકાળમાં જ્યારે ઉગ્ર સંયમ અને ઘોર તપ ખુબ જ દુર્લભ છે ત્યારે ભક્તિયોગનું મહત્ત્વ ખુબ જ વધી જાય છે. વળી બીજી એક હકીકત છે કે - ગમે તેટલા ઉગ્ર સંયમ અને ઘોર તપ હોવા છતાં જેના હૈયામાં દેવ-ગુરુ અને સંઘ પ્રત્યેની ભક્તિ નથી તેના સંયમ-તપ નિરર્થક જાય છે, નિષ્ફળ જાય છે. આમ દેવ-ગુરુની ભક્તિનું ફળ-મહત્ત્વ અતિશય વધી જાય છે.

ઈતરોમાં ભક્તિયોગમાં લીન બનેલા મીરા, નરસિંહ મહેતા વગેરેના દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે તો જૈનદર્શનમાં પણ ભક્તિયોગને આત્મસાત્ કરનારા આનંદઘનજી, દેવચંદ્રજી, મહોપાધ્યાય યશોવિજયજી મ. વગેરે અનેક મુખ્ય પુરૂષોના નામ પ્રસિદ્ધ છે.

ભક્તિયોગ એવો સુંદર યોગ છે કે એમાં લીન બનનાર પોતાના અસ્તિત્વને ભૂલી જાય છે અને પરમાત્મામાં પોતાની જાતને સમર્પિત કરી દે છે.

જૈન શાસનમાં પરમાત્મા દેવાધિદેવની ભક્તિ માટે પરમાત્માના દર્શન-પૂજન-વંદન-સ્તોત્રપાઠ-સ્તુતિપાઠ વગેરે બતાવેલ છે. શ્રેષ્ઠ કોટિની ભક્તિ તો આજ્ઞાપાલન છે. આને શાસ્ત્રમાં પ્રતિપત્તિ પૂજા તરીકે કીધી છે. પણ તેની પૂર્વે અંગપૂજા-અગ્રપૂજા અને ભાવપૂજા બતાવેલ છે...

અંગપૂજાથી વિઘ્નો નાશ પામે છે.

અગ્રપૂજાથી આબાદી વધે છે.

ભાવપૂજાથી મુક્તિ નિકટ થાય છે.. માટે જ અંગપૂજાને વિઘ્નવિનાશિની, અગ્રપૂજાને અભ્યુદયસાધની અને ભાવપૂજાને નિર્વાણસાધની તરીકે ભાષ્યમાં બતાવેલ છે.

विग्घोवसामगेगा अब्भुदयसाहणी भवे बीआ ।
नेव्वाणसाहणी तह फलया उ जहत्थनामेहिं ।।२१३।।

चेइअवंदण महाभास

પરમાત્માના અંગ પર થતી અભિષેક પૂજા, વાસક્ષેપ પૂજા, ચંદન પૂજા, ફૂલ પૂજા, આભૂષણ પૂજા વગેરે અંગ પૂજામાં સમાવિષ્ટ થાય છે.

પરમાત્માની સન્મુખ રહીને કરાતી ધૂપપૂજા, દીપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્ય પૂજા, ફલ પૂજા, ચામર પૂજા વગેરે અગ્ર પૂજા છે.

પરમાત્માની સમક્ષ બોલાતી સ્તુતિઓ, સ્તવનો, કરાતા ચૈત્યવંદનો વગેરે ભાવપૂજા છે...

પરમાત્માની આજ્ઞાનું પાલન એ પ્રતિપત્તી પૂજા છે.



જેમ કોઈ રાજાની પાસે જઈને પહેલા ભેટણું ધરાય છે પછી રાજાની સ્તુતિ કરાય છે, પોતાની લઘુતા પ્રગટ કરાય છે અને અંતે આપણા કાર્યનું નિવેદન કરીને તે પ્રાર્થના પૂર્ણ કરાય છે, આ જ રીતે પરમાત્માની અંગપૂજા અને અગ્રપૂજા ભેટણાંના સ્થાને છે. ભાવપૂજા (ચૈત્યવંદન) માં પરમાત્માના ગુણો ગવાય છે, આપણી લઘુતા પ્રગટ થાય છે અને અંતે જયવિયરાય સૂત્ર દ્વારા પરમાત્મા આગળ આપણી માંગણી રજૂ કરાય છે.

ઉત્તમ રાજા પાસે પૂર્વોક્ત રીતે કરાયેલી પ્રાર્થના સફળ થાય છે, પૂર્ણ થાય છે.

ઉત્તમોત્તમ એવા દેવાધિદેવ પાસે પણ આ રીતે વિનયભક્તિપૂર્વક કરાયેલ પ્રાર્થના અવશ્ય સફળ થાય છે.

જૈન શાસનના સ્યાદ્વાદ ની એક વિશેષતા જુઓ કે પરમાત્મા વીતરાગ છે. તેમને ભક્ત પ્રત્યે રાગ નથી દુશ્મન પ્રત્યે દ્વેષ નથી તેથી તેઓ ભક્તને કશું આપતા નથી અને તેમના પ્રત્યે દ્વેષ ધારણ કરનારનું કશું જ ખરાબ કરતા નથી. પરંતુ પરમાત્માને ભક્તિપૂર્વક પ્રાર્થના કરનારની પ્રાર્થના ભક્તિના શુભભાવોના કારણે સફળ થયા વગર રહેતી નથી અર્થાત્ ભક્તને પરમાત્માની પાસે માંગેલ મળ્યા વગર રહેતુ નથી તે જ રીતે પરમાત્મા પ્રત્યે દ્વેષ રાખનારને અશુભ પરિણામના કારણે ભારે અનિષ્ટ ફળ મળ્યા વગર રહેતુ નથી..

પરમાત્માની આ ત્રણ પ્રકારની પૂજા એ મહાન યોગની પ્રક્રિયા છે. તેના દ્વારા જબરદસ્ત કોટિની સાધના થાય છે. ચિત્તની વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે. ચૈત્ય શબ્દનો અર્થ કરતા પણ શાસ્ત્રકારોએ બતાવેલ છે-

चैत्यानि–प्रशस्तचित्तसमाधिजनकानि बिंबानि–अरिहंतचेइआणि
जिनसिद्धप्रतिमा इत्यर्थः ।

ચૈત્યો એટલે પ્રશસ્ત ચિત્તની સમાધિ ઉત્પન્ન કરનાર બિંબ એટલે અરિહંત અને સિદ્ધ પરમાત્માની પ્રતિમા.

વર્તમાન જૈન સંઘમાં આ ત્રણે પ્રકારની પૂજા ભાવપૂર્વક, ઉપયોગપૂર્વક થાય તો સંઘના વિઘ્નોનો નાશ, સંઘનો અભ્યુદય અને સંઘના સભ્યોનું મુક્તિ તરફ પ્રયાણ શીઘ્ર થાય તેમાં કોઈ શંકા નથી. જે કોઈ વ્યક્તિ, કુટુંબ, સમાજ કે ગામ પણ આ ત્રણ પ્રકારની પ્રભુપૂજા સુંદર રીતે કરે છે તે વ્યક્તિ, કુટુંબ, સમાજ કે ગામને પણ અપૂર્વ ઉન્નતિ, પરમ શાંતિ-સમાધિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. આ ત્રણ પૂજામાં ભાવપૂજા મહત્વની છે. પહેલી બે પૂજા ઉત્સાહ વધારવા માટે છે. તેવા પ્રકારનું વાતાવરણ ઉભુ કરે છે. ભાવ વધારે છે. પછી વધેલા ભાવથી થતી સ્તોત્ર, સ્તવના, ચૈત્યવંદન, દેવવંદન આદિ વિધિ અપૂર્વ કર્મનિર્જરા અને પુણ્યાનુબંધિ પુણ્યને પ્રાપ્ત કરાવે છે..

## પ્રભુ પૂજાની વિધિ

પ્રથમ પરમાત્માને મોરપીંછીથી પ્રમાર્જન કરવું પછી દેવો ક્ષીરસમુદ્રના જલથી પરમાત્માનો અભિષેક કરે છે તેના પ્રતિકરૂપે દૂધ અને જળ મિશ્રિત કરી તેમાં ઉત્તમ સુગંધી દ્રવ્યો મેળવી તેનાથી મેરૂપર્વતપર ઈંદ્રાદિ દેવો જે રીતે પરમાત્માના અભિષેક કરે છે તે રીતે ઉલ્લાસપૂર્વક પરમાત્માના મસ્તક ઉપર અભિષેક કરવો. અર્થાત્ અભિષેક કરતી વખતે આપણે ઈંદ્ર છીએ અને સાક્ષાત્ પ્રભુ મેરુ પર્વત પર છે અને સિંહાસન પર બિરાજમાન પરમાત્મા પર આપણે અભિષેક કરીએ છીએ તેવું ચિંતન કરવું. પછી ચોકખા જળનો અભિષેક કરી મૃદુ એવા વસ્ત્રથી પરમાત્માની પ્રતિમાને લુછવી. એક-બે અને ત્રણ વસ્ત્રથી અંગલૂંછણા કર્યા પછી ઉત્તમ કેસર સુખડથી પરમાત્માના નવ અંગે પૂજા કરવી, પછી સુગંધિદાર ઉત્તમ પુષ્પ ચડાવવા. ત્યાર પછી પરમાત્માના ગભારાની બહાર પુંઠ ન પડે તે રીતે ઉંધે પગે આવીને ડાબી બાજુ ઉભા રહી ધૂપ પૂજા કરવી. જમણી બાજુ ઉભા રહી દીપક પૂજા કરવી. પ્રભુ સંમુખ પાટલો લઈ અક્ષતથી સ્વસ્તિક ઉપર ત્રણ ઢગલી અને તેની ઉપર સિદ્ધશિલા કરવી. (શક્ય હોય તો નંદાવર્ત્ત પણ કરી શકાય.) ત્યારબાદ થાળીમાં નૈવેદ્ય લઈ પ્રભુ સન્મુખ ધરી સાથિયા પર મુકવું. એજ રીતે ફળ પૂજા કરવી...

દરેક પૂજા કરતા પૂર્વે તે તે પૂજાને લગતા દુહા બોલવા..



## ચૈત્યવંદન

આ રીતે અષ્ટપ્રકારી પૂજા કર્યા પછી ચૈત્યવંદનનો કે દેવવંદનનો પ્રારંભ કરાય છે. ભાષ્યમાં ત્રણ પ્રકારના દેવવંદન કહ્યા છે. (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.

વળી દરેકના બીજા પેટા ત્રણ ત્રણ ભેદો બતાવેલ છે. જેથી કુલ નવ ભેદ થયા. સામાન્યથી હાલમાં પ્રથમ ઈરિયાવહી કરી ત્રણ ખમાસમણા દઈ ''ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂ ?'' આદેશ માંગીને સકલકુશલવલ્લિ સૂત્ર બોલીને-ચૈત્યવંદન, જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ ચેઈયાઈં, ખમાસમણું, જાવંત કે વિ સાહુ, સ્તવન, જયવિયરાય આખા તથા ઉભા થઈ અરિહંત ચેઈયાણં, અન્નત્થ-એક નવકારનો કાઉસ્સગ પારીને નમોऽર્હત્ સૂત્ર પૂર્વક એક થોય બોલી ખમાસમણ દઈ ચૈત્યવંદન પૂર્ણ કરાય છે.

આ સિવાય ઉપરમાં કહ્યા મુજબ નમુત્થુણં સુધી બોલીને ઉભા થઈને અરિહંત ચેઈયાણં-અન્નત્થ-એક નવકારનો કાઉસ્સગ્ગ-પારીને નમોऽર્હત્ થોય, પછી લોગસ્સ-સવ્વલોએ અરિહંત ચેઈયાણં-અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ-પારીને બીજી થોય-પુક્ખવરદીવડ્ઢે - સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ-અન્નત્થ-એક નવકારનો કાઉસ્સગ્ગ-પારીને ત્રીજી થોય-સિદ્ધાણં બુદ્ધાણં-વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિસમા-હિગરાણં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ પારીને નમોऽર્હત્ કહીને ચોથી થોય - નમુત્થુણં-જાવંતિ ચેઈયાઈં ખમાસમણ જાવંત કે વિ સાહુ-સ્તવન જયવિયરાય પૂર્ણ બોલી ચૈત્યવંદન પૂર્ણ થાય છે.

આ સિવાય ઈરિયાવહી કરીને ચૈત્યવંદન-જંકિંચિ-નમુત્થુણં-જયવિયરાય-આભવમખંડા સુધી કરીને બીજીવાર ચૈત્યવંદન-જંકિંચિ-નમુત્થુણં-ઉપર મુજબ ચાર થોય નમુત્થુણં-બીજી વાર ચાર થોય-નમુત્થુણં-જાવંતિ ચેઈયાઈં-ખમાસમણ-જાવંત કેવિ સાહૂ-નમોऽર્હત્-સ્તવન-જયવિયરાય આભવમખંડા સુધી કરી ત્રીજી વાર ખમાસમણ દઈ ચૈત્યવંદન-

જંકિંચિ-નમુત્થુણં-જયવિયરાય સંપૂર્ણ બોલીને દેવવંદન સમાપ્ત કરાય છે. આ ઉત્કૃષ્ટ દેવવંદન છે.

આ માત્ર મુખ્ય પ્રકારો બતાવ્યા છે. બીજા પણ પ્રકારો ચૈત્યવંદનના કહ્યા છે. શ્રાવક-શ્રાવિકાએ હંમેશા ત્રણવાર, ઉત્કૃષ્ટ દેવવંદન કરવાની તથા સાધુ-સાધ્વીજી મહારાજે બે વાર ઉત્કૃષ્ટ દેવવંદન કરવાની પ્રભુની આજ્ઞા છે.

સવારે શરીરશુદ્ધિ કરીને શુદ્ધ વસ્ત્રપૂર્વક પરમાત્માની વાસક્ષેપ પૂજા કરીને દેવવંદન કરવું. બપોરે અષ્ટપ્રકારી પૂજા કરીને દેવવંદન કરવું. સાંજે ધૂપ-દીપ-આરતી-મંગળદીવો કરીને દેવવંદન કરવું.

### ચૈત્યવંદનના બાર અધિકાર

શાસ્ત્રમાં ઉત્કૃષ્ટ દેવવંદનના બાર અધિકાર બતાવ્યા છે. ચૈત્યવંદન દ્વારા કેટકેટલી આરાધના થાય છે તે સંક્ષેપમાં વિચારીએ.

પ્રથમ ઈરિયાવહીથી નિઃશલ્ય થવાય છે. આત્મશુદ્ધિ થાય છે. એટલે ત્યાર પછી કરાતા ચૈત્યવંદનમાં એકાગ્રતા આવે છે. ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાનની પૂર્વે ઈરિયાવહી કરવાની શાસ્ત્રાજ્ઞા છે. એથી એમાં એકાગ્રતા આવે છે..

ચૈત્યવંદન મુખ્યતઃ દેવાધિદેવ તીર્થંકર ભગવંતને વંદન માટે કરાય છે. તીર્થંકર ભગવંતના ચાર નિક્ષેપ છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ. અહીં (૪ થોય કે ૮ થોયવાળા) દેવવંદનમાં ચારે પ્રકારના અરિહંતોને વંદન થાય છે. લોગસ્સસૂત્રને નામસ્તવ કહેવાય છે. તેમાં નામતીર્થંકરોને વંદન થાય છે. અરિહંત ચેઈયાણં સૂત્ર દ્વારા સ્થાપનાનિક્ષેપ (સન્મુખ) રહેલા પ્રતિમાજીને વંદન થાય છે. નમુત્થુણંની છેલ્લી ગાથા- ''જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિડણાગએ કાલે, સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ'' આનાથી અતીતકાળમાં થયેલા અનંતા તીર્થંકરભગવંતોને, અનાગતકાળમાં થનારા અનંતા તીર્થંકરોને તથા વર્તમાનમાં પણ છદ્મસ્થપણામાં અથવા ગૃહસ્થપણામાં રહેલા તીર્થંકરોને વંદના કરાય છે. આ બધા દ્રવ્યજિન કહેવાય



છે. તેથી આ ગાથા દ્વારા દ્રવ્ય તીર્થંકરોને વંદન કરાય છે. નમુત્થુણં અર્થાત્ નમુત્થુણં થી નમો જિણાણં જિઅભયાણં સુધીના સૂત્ર દ્વારા ભાવતીર્થંકરને વંદન કરાય છે.

ભગવંતના નામને નામજિન કહેવાય છે.

ભગવંતના પ્રતિમાને સ્થાપનાજિન કહેવાય છે.

ભાવજિનની પછી અને પૂર્વની અવસ્થામાં રહેલા ભગવાનને દ્રવ્યજિન કહેવાય છે.

તીર્થંકરનામકર્મના વિપાક ઉદયે વર્તતા, સમવસરણમાં દેશના આપતા કે વિહાર કરતા જિનને ભાવજિન કહેવાય છે.

नामजिणा जिणनामा, ठवणजिणा, पुण जिणिंदपडिमाओ ।
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ।।

આમ ચૈત્યવંદનથી ચારે નિક્ષેપાથી જિનેશ્વરપ્રભુને વંદન થાય છે.

હજી આગળ વધીએ-ચાર થોયના દેવવંદનમાં પ્રથમ થોયથી સામે રહેલા જિનપ્રતિમાને વંદન થાય છે. તેથી સ્થાપના નિક્ષેપાને વંદન. ત્યારબાદ લોગસ્સ દ્વારા નામસ્તવ કર્યા પછી સવ્વલોએ અરિહંત ચેઈયાણં સૂત્ર અને તેની પછીના નવકારના કાઉસ્સગ્ગ તથા થોય દ્વારા લોકમાં એટલે કે ચૌદરાજલોકમાં રહેલ શાશ્વત-અશાશ્વત સર્વ ચૈત્યને (પ્રતિમાને) વંદન થાય છે. ચૌદરાજલોકમાં બે પ્રકારના ચૈત્યો હોય છે. (૧) શાશ્વત (૨) અશાશ્વત. શાશ્વત ચૈત્યો એટલે પરમાત્માના મંદિરો અને પ્રતિમા જેનું નિર્માણ કોઈએ કર્યુ નથી. સ્વાભાવિક જ પુદ્ગલો હંમેશા માટે આ આકારે ગોઠવાઈ ગયા છે. ઉદાહરણ તરીકે સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા આપણી સામે જ છે. સૂર્ય-ચંદ્રને કોઈએ નથી બનાવ્યા. અનાદિકાળથી આ જ અવસ્થામાં છે. અલબત્ પુદ્ગલોનું ગમાગમ તેમાંથી ચાલુ છે પણ આકૃતિસ્વરૂપ આ જ રહે છે. તે બદલાતુ નથી. આ રીતે અનાદિકાલીન શાશ્વતચૈત્યો પણ જગતમાં છે. આની સંખ્યા અસંખ્યાત છે.

વૈમાનિક દેવલોકમાં (બાર દેવલોક-નવગ્રૈવેયક-પાંચ અનુત્તર મળી

૮૪,૯૭,૦૨૩ જિનમંદિરો છે અને ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ (એક અબજ બાવન ક્રોડ ચોરાણુ લાખ ચુમ્માલીસ હજાર સાત સો સાઠ) પ્રતિમાઓ છે. નીચે ભવનપતિમાં ૧૦ પ્રકારના નિકાય છે. તેમાં ૭,૭૨,૦૦,૦૦૦ (સાત ક્રોડ બ્હોંતેર લાખ) જિનમંદિર છે અને ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ (તેર અબજ નેવ્યાસી ક્રોડ સાઠ લાખ) જિનપ્રતિમાઓ છે. પૃથ્વીની નીચે વ્યંતરદેવોના નિવાસ છે. તેમાં અસંખ્ય જિનમંદિરો અને જિનપ્રતિમાઓ છે. આકાશમાં દેખાતા સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા એ પણ જ્યોતિષના વિમાન છે. આવા સમસ્ત તિર્ચ્છાલોકમાં અસંખ્ય સૂર્ય-ચંદ્ર છે. દરેકમાં એક-એક ચૈત્ય હોઈ અસંખ્ય જિનમંદિરો અને પ્રતિમાઓ (દરેકમાં ૧૮૦ ના હિસાબે) જ્યોતિષ દેવલોકમાં છે.

આ ઉપરાંત જંબુદ્વીપમાં સરોવરો-કુલધરપર્વતો-વૈતાઢ્યપર્વતો-મહાવિદેહ ક્ષેત્ર-જંબુવૃક્ષ-શાલ્મલીવૃક્ષ-કંચનગિરિઓ-ગજદંત પર્વતો-ઉત્તરકુરૂ-દેવકુરૂ-મેરૂપર્વત વગેરેમાં થઈ કુલ ૬૩૫ જિનમંદિરો છે. ધાતકીખંડમાં ૧,૨૭૨ તેમજ પુષ્કવરાર્ધદ્વીપમાં પણ ૧,૨૭૨, માનુષોત્તર પર્વત પર ૪, રૂચક પર્વત પર ૪, કુંડલ પર્વત પર ૪, નંદીશ્વર દ્વીપમાં ૫૨ અને ઈંદ્રાણીની રાજધાનીમાં ૧૬ થઈને તિર્ચ્છાલોકમાં કુલ ૩,૨૫૯ જિનમંદિરો છે અને પ્રતિમાજી નંદીશ્વરદ્વીપના ૫૨ તથા રૂચક-કુંડલ પર્વતના ૮ થઈ કુલ ૬૦ મંદિરોમાં દરેકમાં ૧૨૪, બાકીનામાં ૧૨૦ થઈ કુલ ૩,૯૧,૩૨૦ (ત્રણ લાખ એકાણુહજાર ત્રણસો વીશ) જિનપ્રતિમા થઈ.

આમ શાશ્વત ચૈત્યો વ્યંતર-જ્યોતિષમાં અસંખ્ય, તે સિવાય

| | |
|---|---|
| વૈમાનિક - | ૮૪,૯૭,૦૨૩ |
| ભવનપતિમાં - | ૭,૭૨,૦૦,૦૦૦ |
| તિર્ચ્છાલોકમાં | ૩,૨૫૯ |
| | ૮,૫૭,૦૦,૨૮૨ |

સત્તાણવઈ સહસ્સા લક્ખા છપન્ન અટ્ઠકોડિઓ,
બત્તીસસય બાસીઆઈં, તિઅલોએ ચેઈએ વંદે.



ત્રણ લોકમાં રહેલા ૮ ક્રોડ, ૫૬ લાખ, ૯૭ હજાર, ૩૨ સો બ્યાસી એટલે ૮ ક્રોડ, ૫૭ લાખ ૨૮૨ અને ચૈત્યોને હું વંદન કરૂં છું...

પન્નરસકોડિસયાઈં, કોડી બાયાલ લક્ખ અડવન્ના,
છત્તીસ સહસ અસીઈં, સાસય બિંબાઈં પણમામિ.

પંદર સો ક્રોડ, બેંતાલીસ ક્રોડ, ૫૮ લાખ, ૩૬ હજાર, એંશી શાશ્વતપ્રતિમાને વંદન કરૂં છું.

પ્રતિમાજી પણ વ્યંતર-જ્યોતિષમાં અસંખ્ય છે.

| | |
|---|---|
| વૈમાનિકમાં | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| ભવનપતિમાં | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| તીર્ચ્છાલોકમાં | ૩,૯૧,૩૨૦ |
| કુલ | ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ |

આ બધા જિનપ્રતિમાને વંદન, પૂજન, સત્કાર, સન્માન વગેરેનો લાભ સવ્વલોએ અરિહંતચેઈયાણંના સૂત્રથી નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને સ્તુતિ બોલવાથી મળે છે.

આ ઉપરાંત પણ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં, પાંચ ઐરવત ક્ષેત્રમાં, પાંચ ભરતક્ષેત્રમાં, વૈતાઢ્ય પર્વતો પર, શત્રુંજય, અષ્ટાપદ, ગીરનાર, સમેતશિખર, અર્બુદગિરિ, શંખેશ્વર આદિ અનેક તીર્થો, ગામોના જિનમંદિરોમાં રહેલા તથા બીજા પણ જિનપ્રતિમાને વંદનાદિનો લાભ આ સૂત્ર તથા પછી કરેલા ૧ નવકારના કાઉસ્સગ્ગ દ્વારા મળે છે. આમ ચૈત્યવંદનની આરાધના દ્વારા ૧૪ રાજલોકમાં રહેલ જિનપ્રતિમાઓને વંદનાનો લાભ મળે છે.

વિહરમાન જિન વંદના-સર્વલોકના ચૈત્યોને વંદન કર્યા પછી 'પુક્ખરવરદીવડ્ઢે' સૂત્ર દ્વારા પ્રથમગાથામાં વીશવિહરમાન જિનને વંદના થાય છે. પુષ્કરવરાર્ધદ્વીપ, ધાતકીખંડ અને મહાવિદેહ ક્ષેત્ર (જંબુદ્વીપ) માં ધર્મની આદિ કરનારા તીર્થંકરોને નમસ્કાર કરૂં છું. આમ પ્રથમ ગાથામાં અઢીદ્વીપમાં વર્તમાન તીર્થના સ્થાપક વીશવિહરમાન જિનને વંદન કર્યા.

શ્રુતવંદના-'પુક્ખરવરદીવડ્ઢે' સૂત્રની બાકીની ગાથામાં શ્રુતજ્ઞાનની

સ્તુતિ કરી છેવટે સુખસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ... વગેરે દ્વારા શ્રુતજ્ઞાનની આરાધના નિમિત્તે ૧ નવકારનો કાઉસ્સગ્ગ કર્યો. પારીને સ્તુતિ બોલ્યા. આ રીતે શ્રુતજ્ઞાનની પણ આરાધના થઈ.

શ્રુતજ્ઞાનની આરાધના નિમિત્તે ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને પ્રગટ શ્રુતજ્ઞાનની સ્તુતિ બોલ્યા પછી દેવવંદનમાં 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર આવે છે. આ સૂત્રમાં પાંચ અધિકાર આવે છે.

(૧) સિદ્ધવંદના-પ્રથમ ગાથા દ્વારા સિદ્ધભગવંતનું સ્વરૂપ પ્રગટ કરવાપૂર્વક વંદન કરાય છે.

(૨) વીરવંદના-બીજી અને ત્રીજી ગાથા દ્વારા આસન્ન ઉપકારી એવા દેવાધિદેવ ચરમતીર્થંકર શ્રી મહાવીર પરમાત્માનો મહિમા પ્રગટ કરવા સાથે તેમને વંદન કરાય છે.

(૩) ઉજ્જયંતતીર્થ વંદના-ચોથી ગાથામાં ઉજ્જયંત એટલે કે ગિરનારતીર્થ ઉપર નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણક ને યાદ કરવાપૂર્વક પ્રભુજીને વંદના કરાય છે.

(૪) અષ્ટાપદ વંદના-છેલ્લી ગાથામાં ચાર, આઠ, દસ અને બે આમ ચોવીશ તીર્થંકર ભગવંતો પૂર્વાદિ દિશામાં અષ્ટાપદમાં જે રીતે સ્થાપન કરવામાં આવ્યા છે તે યાદ કરી તેમને વંદન કરાય છે. આમ અષ્ટાપદ તીર્થની વંદના થાય છે. જો કે આ ગાથામાં ચત્તારિ આદિ સંખ્યાને વિવિધ રીતે ગોઠવીને નંદીશ્વર ના ૫૨, નંદીશ્વરના ઈંદ્રાણી ના ચૈત્યો સાથે ૬૮, વિહરમાન વીશ, ભરત-ઐરવતમાં એક સાથે જન્મ પામતા દશ તથા મતાંતરે ૧૦ વિહરમાન, મહાવિદેહમાં ઉત્કૃષ્ટ ૧૬૦,૧૫ કર્મભૂમિમાં ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦, ત્રણે ચોવિશીના ૭૨, પાંચે ભરતની વર્તમાન ચોવિશીના ૧૨૦, પાંચે ભરતની ત્રણે ચોવિશીના ૩૬૦, જંબુદ્વીપના ભરત-ઐરવતની ત્રણે ચોવિશીના ૧૪૪, પાંચે ભરત તથા પાંચે ઐરવતની વર્તમાન ચોવિશીના કુલ ૨૪૦, જંબુદ્વીપના ૬૩૫ શાશ્વત ચૈત્યો, ત્રણે ભુવનમાં વૈમાનિક આદિ ૨૪ પ્રકારના શાશ્વત



ચૈત્યો વગેરેને વંદના થાય છે. આ વિગત સંઘાચાર ભાષ્યમાં જણાવી છે.

(૫) સમ્યગ્દષ્ટિદેવનું સ્મરણ-'સિદ્ધાણં બુદ્ધાણં' પછી 'વેયાવચ્ચગરાણં' સૂત્ર દ્વારા સમકિતી દેવને યાદ કરાય છે. તેમના સંઘ કે પ્રવચનની વૈયાવચ્ચ આદિ કાર્યોની ઉપબૃંહણા નિમિત્તે અથવા તો પ્રમાદમાં હોય તો યાદ કરાવવા માટે એકનવકારનો કાઉસ્સગ્ગ કરી સમકિતીદેવોની છેલ્લી સ્તુતિ કરાય છે.

આમ દેવવંદનના કુલ ૧૨ અધિકાર થાય છે. ક્રમશઃ તેના નામ નીચે પ્રમાણે છે :

(૧) ભાવતીર્થંકર વંદના
(૨) દ્રવ્યતીર્થંકર વંદના
(૩) સ્થાપનાતીર્થંકર વંદના
(૪) નામ તીર્થંકર વંદના
(૫) સર્વલોકમાં સ્થાપના અરિહંતની ઉપાસના
(૬) વિહરમાન જિન વંદના
(૭) શ્રુત વંદના
(૮) સિદ્ધ સ્તવના
(૯) વીર વંદના
(૧૦) ઉજ્જયંત તીર્થ વંદના
(૧૧) અષ્ટાપદ તીર્થ વંદના
(૧૨) સમ્યગ્દષ્ટિદેવનુ સ્મરણ

આ રીતે દેવવંદન દ્વારા કેટલી બધી આરાધના થાય છે. હજી આગળ વધીએ. આટલી આરાધના થયા પછી પણ હજી દેવવંદનામાં આગળ જાવંતિચેઈયાઈં સૂત્ર દ્વારા ફરીથી સંક્ષેપમાં લોકમાં રહેલા સર્વ જિન-પ્રતિમાને વંદન કર્યા. તે નિમિત્તે ખમાસમણું દીધું. પછી ભરત-ઐરવત-મહાવિદેહમાં જે કોઈ સાધુઓ છે તે સર્વને જાવંત કે વિ સાહુ સૂત્ર દ્વારા વંદન કરાય છે.

હવે મહત્ત્વની ભક્તિનો પ્રસંગ આવે છે. પરમાત્માનાં પ્રસંગો, ગેયપદ્ધતિથી ગવાતા પ્રભુના સ્તવનથી આપણા હૃદયમાં અનેરો ભક્તિભાવ પ્રગટ થાય છે. પરમાત્માના વિવિધ ગુણોની અનુમોદના થાય છે. પરમાત્માના જીવન પ્રસંગો યાદ કરાય છે. પ્રભુના માતા-પિતા-પત્ની વિ.ને સ્તવનમાં યાદ કરાય છે. પ્રતિપક્ષી આપણાં દોષો બતાવી આપણી લઘુતા પ્રગટ કરાય છે. સ્તવનમાં ગેયપંક્તિમાં એકતાન થઈ આપણે ઘણીવાર પરમાત્મામાં લીન બનીએ છીએ.

સૂત્રના શબ્દ અને અર્થ તથા સામે રહેલ જિનપ્રતિમા ત્રણેમાં આપણે એકમેક થઈ જઈએ. સૂત્ર બોલતી વખતે તેના ભાવથી આપણો આત્મા વાસિત બને અને ગદ્ગદ્ હૈયે પ્રભુના સ્તવન ગવાય. પછી અત્યંત પ્રણિધાનપૂર્વક જયવિયરાય સૂત્રમાં પ્રભુ પાસે તેર વસ્તુની યાચના થાય. આ બધો દેવાધિદેવ પ્રત્યેનો વિનય છે...

### ચૈત્યવંદન

ચૈત્યવંદન એ જિનશાસનના ઉપાસકો માટે મહાનક્રિયા છે. જિનને માને તે 'જૈન', અર્હત્‌ને માને તે 'આર્હત' કહેવાય.

જિનેશ્વર ભગવાન કે અરિહંત ભગવાન મોક્ષમાર્ગનું પ્રકાશન કરવા દ્વારા સમસ્ત વિશ્વના સર્વશ્રેષ્ઠ ઉપકારી છે. અરિહંત પરમાત્માઓ આગલા ત્રીજા ભવથી જ જગતના સર્વપ્રાણીઓ સંસારના સર્વપ્રકારના સંતાપોથી મુક્ત બને અને શાશ્વતસુખના ભોક્તા બને તેવી ઉત્તમભાવના ભાવે છે. એટલું જ નહિં પણ એ ભાવનાને યથાયોગ્ય પ્રવૃત્તિ પણ આચરે છે.

કોઈ પણ પ્રકારની આશંસા કે ઈચ્છા વિના એક માત્ર પરોપકારની બુદ્ધિથી જ જગતના જીવોના દુઃખનું નિવારણ કરવાની ઉત્કૃષ્ટભાવના અને યથાયોગ્ય પ્રવૃત્તિથી આ દેવાધિદેવના જીવો જગતની ઉત્કૃષ્ટ તીર્થંકરનામકર્મ નામની શ્રેષ્ઠપુણ્યપ્રકૃતિ પ્રાપ્ત કરે છે. અને છેલ્લા ભવમાં આ પુણ્યપ્રકૃત્તિના પ્રતાપે દેવોથી પણ પૂજ્યત્વ, કલ્યાણકાદિ પ્રસંગે ૧૪-રાજલોકમાં પ્રકાશ તથા જીવમાત્રને ક્ષણભર અત્યંત સુખની પ્રાપ્તિ કરાવવા



પણું, કુદરતની અનુકૂળતાઓ વગેરે અનેકપ્રકારનો પ્રભાવ પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી તીર્થંકરનામકર્મના પુણ્યપ્રભાવથી પ્રભુ ધર્મતીર્થની સ્થાપના કરે છે. ઈન્દ્રાદિ દેવો વિ. સમવસરણાદિ ની રચના કરે છે. તેમાં બેસીને પરમાત્મા દેશના આપે છે. મોક્ષમાર્ગ બતાવે છે અને સંસારના અનંતદુઃખોથી છુટીને અનંતસુખ પ્રાપ્ત કરાવનાર એવા ધર્મશાસનનું પ્રવર્તન કરે છે. જગતના જીવોના સુખ માટે પ્રવર્તાવેલ ધર્મશાસન એ પરમાત્માના નિર્વાણ પછી આગળ ચાલે છે. એ ધર્મશાસનની શીતળછાયામાં અનેક ભવ્યાત્માઓ દુઃખોનું અને તેના કારણભૂત કર્મોનું ઉન્મૂલન કરતા મુક્તિ તરફના પ્રયાણમાં આગળ વધે છે.

વિશ્વમાં રહેલા જીવોમાં એક મોટામાં મોટો ગુણ છે - કૃતજ્ઞતા અને મોટામાં મોટો દોષ છે - કૃતઘ્નતા.

પોતાના પર કોઈથી પણ થયેલા ઉપકારને સતત યાદ કરવો, ઉપકારીના ગુણગાન કરવા, તેમની ભક્તિ કરવી, તેમના પ્રત્યે સમર્પિત થવું, આ બધું કૃતજ્ઞતાનુ કાર્ય છે. ઉપકારીને કદિ યાદ ન કરવા, ઉપકારી પ્રત્યે પણ પોતાના સ્વાર્થની ખાતર અપકાર કરવો એ કૃતઘ્નતા છે.

કૃતજ્ઞતા એ સર્વસંપત્તિનું મૂળ છે.

કૃતઘ્નતા એ સર્વઆપત્તિનું મૂળ છે.

કૃતજ્ઞતાથી આત્મા કોમળ બને છે.

કૃતઘ્નતાથી આત્મા કઠોર બને છે.

શાસ્ત્રમાં ત્યાં સુધી જણાવેલ છે કે આ પૃથ્વી તેના પરના પર્વતો, વૃક્ષો કે મકાનોથી ભારે નથી. પરંતુ કૃતઘ્ન પુરૂષોથી ભારે છે. સર્વદોષોનું મૂળ કૃતઘ્નતા છે, સર્વ ગુણોનું મૂળ કૃતજ્ઞતા છે.

ઉપકારી એવા દેવાધિદેવે મોક્ષમાર્ગ બતાવ્યો. અનંત જન્મ-મરણોથી છુટવાનો ઉપાય બતાવ્યો, એટલું જ નહિં કઠણ એવા મોક્ષમાર્ગે જવાનું સામર્થ્ય આપ્યું. તેવા ઉપકારી દેવાધિદેવને કૃતજ્ઞ આત્માઓ કેવી રીતે ભૂલી

શકે ? તેમના ઉપકારોને વારંવાર યાદ કરતા આંખમાં ઝળહળીયા આવે, વાણી ગદ્ગદ્ બને, હૃદય ભરાઈ જાય તેમાં શું નવાઈ ? સામાન્યથી પણ આ સંસારમાં ક્યારેય કોઈએ મરણથી બચાવેલ હોય, મહાન આપત્તિમાંથી પાર ઉતાર્યા હોય તેવા પુરુષને યોગ્યાત્માઓ ભૂલી નથી શકતા. વારંવાર યાદ કરે છે અને તેમની ખુબ-ખુબ ભક્તિ-બહુમાન કરે છે. તો પછી અનંતા જન્મ-મરણોથી હંમેશ માટે બચાવનાર ફરીથી કદિ પાછી ન આવે તે રીતે સઘળી આપત્તિઓને દૂર કરનાર, મોક્ષના અનંત સુખને આપનાર, મોક્ષ મળે ત્યાં સુધી સંસારમાં પણ ઉચ્ચ સ્થાનોએ પહોંચાડનાર દેવાધિદેવને શી રીતે ભૂલી શકાય ? એમની ભક્તિ વિના કેમ રહી શકાય ? તેમના પ્રત્યે હૃદયમાં બહુમાન ઉભુ થયા વગર શી રીતે રહે ? તેમના દર્શન કરતા આંખોમાં ઝળહળીયા આવે, તેમના ગુણગાન ગાતા વાણી ગદ્ગદ્ બને, તેમનું ચિંતન કરતા હૃદય ભરાઈ જાય એ બન્યા વગર કેમ રહે ?

કૃતજ્ઞ એવા ભવ્યાત્માઓને જૈનત્વને પામ્યા પછી ઉપકારી દેવનુ સ્મરણ-ધ્યાન-નમન વિગેરે કરવાની જે પ્રવૃત્તિ એ જ ચૈત્યવંદનની ક્રિયા છે. ઉપકારી એવા દેવાધિદેવની (ભાવનિક્ષેપે) જ્યારે હાજરી નથી ત્યારે પણ તેમના ઉપકારોનુ વિસ્મરણ ન થાય. તેમની ભક્તિથી વંચિત ન રહેવાય તે માટે પ્રતિમામાં સુંદર વિધિવિધાન તથા પ્રબળ સંકલ્પબળથી પરમાત્મપદની સ્થાપના કરાવીને ભવ્યાત્માઓ પરમાત્માની ઉપાસના કરે છે, તેમની ભક્તિ કરે છે, તેમના ઉપકારને યાદ કરે છે, તેમના ગુણગાન કરે છે તે દ્વારા કૃતજ્ઞતાગુણને સાધે છે...

પરમાત્માની ગેરહાજરીમાં જિનપ્રતિમા દ્વારા આ રીતે થતી કૃતજ્ઞતા ગુણની સાધનાનો હિંસા વિગેરેના નિમિત્તને આગળ લઈને સંસારમાં સતત હિંસામાં બેઠેલા જીવોને પણ નિષેધ કરવો તે કૃતજ્ઞતાને ભૂલાવીને કૃતઘ્નતા તરફ લઈ જવાનું કાર્ય છે.

આ રીતે દેવાધિદેવની ભક્તિ માટે શાસ્ત્રોએ ચૈત્યવંદનની એક સુંદર ક્રિયા આપણને આપી છે. ખુબ ઉત્કૃષ્ટ ભાવથી પરમાત્માને વંદન થાય તે માટે ચૈત્યવંદનની આ ક્રિયામાં સુંદર સૂત્રોનું નિર્માણ ગણધરભગવંતોએ



કરેલુ છે. એમાં આવતા નવકાર, ઈરિયાવહી, નમુત્થુણં વિગેરે અનેક સૂત્રોમાં પાંચદંડકસૂત્રોને પ્રધાનપણે ગણ્યા છે. પાંચદંડકસૂત્રો નીચે પ્રમાણે છે.

(૧) શક્રસ્તવ (નમુત્થુણં)

(૨) ચૈત્યસ્તવ (અરિહંત ચેઈયાણં)

(૩) નામસ્તવ (લોગસ્સ)

(૪) શ્રુતસ્તવ (પુક્ખરવરદીવડ્ઢે)

(૫) સિદ્ધસ્તવ (સિદ્ધાણં-બુદ્ધાણં)

શક્રસ્તવ-શક્ર (ઈંદ્ર) જે સૂત્ર વડે ચ્યવન, જન્માદિ વખતે પ્રભુની સ્તુતિ કરે છે તે નમુત્થુણં સૂત્ર, આમાં ૧ લી નવગાથા દ્વારા ભાવતીર્થંકરની સ્તવના કરાય છે. છેલ્લી ગાથામાં દ્રવ્ય તીર્થંકરોને વંદન કરાય છે. દ્રવ્યતીર્થંકરો એટલે તીર્થંકરપણાની પૂર્વાવસ્થામાં રહેલા અર્થાત્ પૂર્વભવમાં દેવલોક કે નરકમાં રહેલા અથવા છેલ્લાભવમાં સાંસારિકાવસ્થા અથવા છદ્મસ્થાવસ્થામાં રહેલા જિનેશ્વરભગવંતો તથા તીર્થંકરપણું પૂર્ણ કરીને મુક્તિમાં ગયેલા તીર્થંકરના જીવો, એટલે આ અપેક્ષાએ વર્તમાનચોવિશીના ચોવિશે તીર્થંકરો હાલમાં દ્રવ્યતીર્થંકરો છે. જ્યારે શ્રીસીમંધરસ્વામી આદિ ૨૦ વિહરમાન ભાવ તીર્થંકરો છે.

ચૈત્ય એટલે પ્રતિમાજી. ચૈત્યસ્તવમાં સામે રહેલા જિનપ્રતિમાજીની અથવા સવ્વલોએ શબ્દ આગળ મૂકવાથી ચૈત્યસ્તવ બોલતા ૧૪ રાજલોકમાં રહેલા સર્વજિનપ્રતિમાઓની ઉપાસના થાય છે.

નામસ્તવમાં વર્તમાન ચોવિશીના ૨૪ તીર્થંકર ભગવંતોના નામ યાદ કરીને પ્રભુને વંદન કરાય છે.

શ્રુતસ્તવમાં પ્રથમ ગાથામાં ધર્મની આદિ કરનારા ભરત-ઐરવત-મહાવિદેહમાં રહેલા જિનને નમસ્કાર થાય છે. વર્તમાનમાં આવા ૨૦ તીર્થંકરો મહાવિદેહમાં વિચરે છે. તેમને નમસ્કાર કરાય છે ત્યાર પછી બીજી ગાથાથી પરમાત્માએ આપેલ જે શ્રુતજ્ઞાન છે તેની સ્તવના કરાય છે.

સિદ્ધસ્તવમાં પરમાત્માએ આપેલ મોક્ષમાર્ગના પરિપાલનનું ફળ જે

સિદ્ધત્વ છે તે સિદ્ધત્વની સ્તવના કરાય છે. સાથે તેમાં વીરપ્રભુ, નેમિનાથપ્રભુ, અષ્ટાપદાદિ તીર્થોની પણ વંદના કરાય છે.

આ ઉપરાંત વેયાવચ્ચગરાણં વિગેરે દ્વારા સમ્યગ્દષ્ટિ દેવોની પણ ઉપાસના થાય છે. વળી પ્રણિધાનસૂત્રો, સ્તવન, સ્તુતિઓ વિ. દ્વારા પણ પરમાત્માને વંદન, ગુણગાન, પ્રાર્થના થાય છે. જાવંત કે વિ સાહુ સૂત્ર દ્વારા ૧૫ કર્મભૂમિના સર્વ મુનિઓને વંદન થાય છે. અને છેલ્લા જયવીયરાય સૂત્ર દ્વારા પરમાત્માની પાસે લૌકિક અને લોકોત્તર બન્ને પ્રકારની અનુકૂળતાઓની કે શ્રેષ્ઠતાઓની યાચના કરાય છે.

આમ એક ચૈત્યવંદનમાં નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન, ભાવજિન, વીશ વિહરમાન જિન, શ્રુતજ્ઞાન, સિદ્ધભગવંતો, મહાવીરસ્વામી, ઉજ્જયંત તીર્થ, અષ્ટાપદ તીર્થ તથા સમકિતી દેવો, સાધુભગવંતો વિ. ઉચ્ચપદોની ઉપાસના થાય છે. તેથી ચૈત્યવંદન મોક્ષમાર્ગના અર્થીઓ માટે એક મહાનયોગસાધના છે.

વ્યવહારમાં માણસને જ્યાં કંઈક કામ પડે છે ત્યારે રાજા (લોકશાહીમાં પ્રધાનો વિ.) પાસે જાય છે. ત્યારે પ્રથમ ભેટણું ધરે છે. પછી રાજાના ગુણગાન ગાય છે. પોતાની લઘુતા પ્રદર્શિત કરે છે અને ત્યારપછી છેલ્લે પોતાની માંગણી રજુ કરે છે. આ જ રીતે અહીં પણ સંસારમાં રહેલા જિનભક્તો પ્રભુની ઉત્તમ દ્રવ્યોથી અંગપૂજા અને અગ્રપૂજા કરે છે. (આ ભેટણાના સ્થાને છે) પછી સ્તવન વિ. માં પ્રભુના ગુણગાન ગાય છે. પોતાની લઘુતા પ્રદર્શિત કરે છે અને સૌથી છેલ્લે જયવિયરાય સૂત્ર દ્વારા પ્રભુની પાસે ભવનિર્વેદ, માર્ગાનુસારીપણું, ઈષ્ટફળસિદ્ધિ (જિનભક્તિ વધુ થાય તેવી આલોકની અનુકૂળતાઓ) વિ. છ લૌકિક વસ્તુઓની અને શુભગુરુનો યોગ તથા મુક્તિ ન મળે ત્યાં સુધી તેમના વચનનું પાલન થઈ શકે તેવી લોકોત્તર વસ્તુની યાચના કરે છે. પછી પણ ભવોભવ સુધી પરમાત્માના ચરણોની સેવા અને છેલ્લે દુઃખનો ક્ષય તેના કારણભૂત કર્મનો ક્ષય અને સમાધિમરણ અને પરલોકમાં બોધિ એટલે જિનશાસનની પ્રાપ્તિના લાભની આશંસા કરાય છે. પ્રભુના પ્રભાવથી આ બધુ મને મળે તેવી ઈચ્છા પ્રગટ કરાય છે.



વીતરાગપ્રભુ રાગ-દ્વેષ રહિત હોવાથી કોઈને કશું જ આપતા નથી, પરંતુ તેમના પ્રત્યે ઉભા થતા શ્રદ્ધાના અને ભક્તિના ભાવનો પ્રભાવ એવો છે કે પરમાત્માની પાસે નિર્દોષપણે સરળતાથી કરેલ અનિંદ્ય યાચનાઓ કદાપિ નિષ્ફળ થતી નથી. અર્થાત્ ભગવાન કોઈને કશું જ આપતા નથી. પણ પરમાત્માની પાસે યાચના કરનારને પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિના પ્રભાવે યોગ્ય યાચિત વસ્તુઓ મળ્યા વગર રહેતી નથી.

આમ, પરમાત્માની પૂજા સર્વકાર્યસિદ્ધિનું અમોઘ સાધન છે. છેલ્લે યાવત્ ચારિત્ર પ્રાપ્તિ કરાવી સિદ્ધિસ્થાન સુધી પહોંચાડનાર મહાન સાધના છે. માટે શ્રાવકોએ વિધિપૂર્વક ઉત્તમદ્રવ્યોથી પરમાત્માની અંગપૂજા (ચંદન, પુષ્પ, આંગી, જળપૂજા, આભૂષણાદિ) તથા અગ્રપૂજા (ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળ, સુવર્ણાદિ ધરવા તે) કરી પછી અવશ્ય ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું.

શ્રાવકોએ દિવસમાં ત્રણ વાર અને સાધુ-સાધ્વીજીઓએ પણ હંમેશ ૨ વાર ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનું જ્ઞાનીઓનું ફરમાન છે. આમાં આજીવિકાદિ કોઈ મહત્ત્વના કારણે જ મધ્યમ કે જઘન્ય ચૈત્યવંદનની છૂટ આપેલ છે..

સૌ કોઈ ચૈત્યવંદનની સાધના દ્વારા જીવનને સફળ કરો, પરલોક સુધારો અને શીઘ્ર શિવસુખને પામો એ જ એકમાત્ર શુભાભિલાષા.

- આચાર્ય હેમચન્દ્રસૂરિ

## • અનુક્રમણિકા •


| નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | શ્રીચૈત્યવંદનભાષ્યના પદાર્થો | ૧ |
| ૨. | શ્રીચૈત્યવંદનભાષ્યના ગાથા અને શબ્દાર્થ | ૨૫ |
| ૩. | શ્રીગુરુવંદનભાષ્યના પદાર્થો | ૩૭ |
| ૪. | શ્રીગુરુવંદનભાષ્યના ગાથા અને શબ્દાર્થ | ૫૭ |
| ૫. | શ્રીપચ્ચક્ખાણભાષ્યના પદાર્થો | ૬૫ |
| ૬. | શ્રીપચ્ચક્ખાણભાષ્યના ગાથા અને શબ્દાર્થ | ૮૮ |
| ૭. | પરિશિષ્ટ-૧ | ૯૮ |
| ૮. | પરિશિષ્ટ-૨ | ૧૦૦ |

શ્રીસીમંધરસ્વામિને નમઃ ।
નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે ।

# પદાર્થ પ્રકાશ
## (ભાગ-૫)

# ભાષ્યત્રયમ્

(પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)


• સંકલન + સંપાદન •
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



વિ.સં.૨૦૬૪ વીર સં.૨૫૩૪

• પ્રકાશક •
**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**
**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**



**• પ્રાપ્તિસ્થાન •**

- **હેમ બી.એ. શાહ એન્ડ બ્રધર્સ**
  ૨, અરિહંત એપાર્ટમેન્ટ, એસ.વી.રોડ, ઈર્લા, પાર્લા (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : ૨૬૨૫૨૫૫૭
- **શ્રી પ્રેમ-ભુવનભાનુ આરાધના ભવન**
  **C/o. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ,**
  શત્રુંજય પાર્કની ગલીમાં, તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦.
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો, પાલડી,
  અમદાવાદ-૭ ફોન : ૨૬૬૩૯૧૮૯
- **પી. એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦ ૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮/૨૩૫૨૧૧૦૮
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી,
  સાબરમતી, અમદાવાદ-૫. મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪.
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે, પાટણ-૩૮૪૨૬૫.
  (ઉત્તર ગુજરાત), ફોન : (૦૨૭૬૬) ૨૩૧૬૦૩
- **ડો. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી/૬, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૦૫૮૩૭

પ્રથમ આવૃત્તિ

મૂલ્ય રૂા.૨૫.૦૦/-

Printed by : **SHREE PARSHVA COMPUTERS**,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295

વર્ગ પરંપરાએ મુક્તિ સુખને પામે એ અભિલાષાથી પદાર્થપ્રકાશ ભાગ-૫ પ્રકાશિત થઈ રહ્યો છે.

ભીમ ભવોદધિતારક અનંત ઉપકારી ગુરુદેવશ્રી વૈરાગ્યદેશના દક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા સંપાદિત પ્રકરણ કર્મગ્રંથ પર પ્રકાશ પાથરનારા ચાર ભાગો લગભગ ૩૦-૩૫ વર્ષથી હજારો સાધકોની સર્ચલાઈટ બની ચૂક્યો છે.

પદાર્થ પ્રકાશ એટલે તે તે વિષયોના પદાર્થોનું ગાથા રહિત સુંદર-સરળ અને વ્યવસ્થિત સંકલન... તે પણ લેશ માત્ર વિષયને છોડ્યા વગરનું...

પાઠશાળાઓમાં જે જીવવિચારાદિ એક એક વિષયોને ભણતા ૩/૪ મહિનાઓ લાગી જાય... તે પદાર્થપ્રકાશની સરળ પદ્ધતિના માધ્યમે ૧૫ દિવસમાં આરામથી અભ્યસ્ત થઈ જાય. કારણ... પદાર્થનું સૌષ્ઠવ... શૈલીની રસાળતા... કઠણ પદાર્થોને સરળ ભાષામાં રજૂ કરવાની અદ્ભૂત કળા...

ગુરુદેવશ્રીના પદાર્થપ્રકાશના ૪ ભાગને જૈન સમાજમાં છેલ્લા ૩૫/૩૫ વર્ષથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે...દરેકની અનેક આવૃત્તિઓ બહાર પડી છે. અભ્યાસ માટે જાણે એક સ્ટાન્ડર્ડ માઈલ સ્ટોન જોઈ લો...

ઓછા સમયમાં સારો - ઝડપી અને વ્યવસ્થિત અભ્યાસ કરવા માટેનું બેનમૂન નજરાણુ આ પદાર્થ પ્રકાશ છે. મોટા મોટા પંડિતો પણ તેની રસાળતા અને મધુરતા જોઈ ઓવારી જાય છે.

બાકી રહેલ ભાષ્યત્રયનું નજરાણુ આજે શ્રીસંઘ સમક્ષ આવી રહ્યું છે. તે અતિ આનંદનો વિષય છે. તે અતિ આદરણીય બનશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી...પ્રસ્તુત ગ્રંથના અભ્યાસથી અનેક પુણ્યાત્માઓ દેવ-ગુરુ-ક્રિયા પ્રત્યે અત્યંત શ્રદ્ધા - આદર - બહુમાન ભાવવાળા બની શુદ્ધ સ્વરુપને પ્રાપ્ત કરનારા બને, એજ અંતરની એક અભ્યર્થના.



## પ્રકાશકીય

વીરપ્રભુએ કેવળજ્ઞાન પછી ભવ્યજીવોને તારવા દેશનાઓ આપી. પ્રભુની પરંપરામાં આવેલા આચાર્ય ભગવંતોએ પ્રભુની દેશનાના અંશોનો સંગ્રહ કરી શાસ્ત્રો બનાવ્યા. પૂ. દેવેન્દ્રસૂરિ મહારાજે ત્રણ ભાષ્યો રચ્યા. શ્રાવક અને સાધુ જીવનની પાયાની સમજણ આ ત્રણ ભાષ્યોમાં આપેલી છે. પૂ.હેમચન્દ્રસૂરિ મહારાજે ત્રણે ભાષ્યોના પદાર્થોનું સંકલન કર્યુ છે જે આ પુસ્તકરૂપે પ્રકાશિત થઈ રહ્યુ છે. આ પ્રકાશન પ્રસંગે અમે અનેરો આનંદ અનુભવીએ છીએ. આ પૂર્વે પણ પૂજ્યશ્રીએ જીવવિચાર-નવતત્ત્વ-દંડક-લઘુસંગ્રહણી, ૧-૪ કર્મગ્રંથના પદાર્થોની સંકલના કરી હતી જે પદાર્થપ્રકાશ ભાગ ૧-૪ રુપે પ્રકાશિત થઈ ચૂકી છે. પ્રકરણ ગ્રંથોનો સરળતાથી અને ઝડપથી અભ્યાસ કરવા માટે અભ્યાસીઓને આ પદાર્થપ્રકાશના ભાગો ખૂબ જ ઉપયોગી બને છે. પૂજ્યશ્રીએ કરેલ આ પદાર્થોની સંકલના બદલ અમે એમના અત્યંત ઋણી છીએ. ભવિષ્યમાં પણ આવા પદાર્થોની સંકલના કરી અભ્યાસીઓ ઉપર ઉપકાર કરવા પૂજ્યશ્રીને ભાવભરી વિનંતી.

અભ્યાસીઓ આ ગ્રંથના અભ્યાસ દ્વારા સમ્યગ્બોધ પામી શીઘ્ર મુક્તિ પામે એ જ અભ્યર્થના.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના**

**ટ્રસ્ટીગણ**

તારાચંદ અંબાલાલ શાહ  ધરણેન્દ્ર અંબાલાલ શાહ
પુંડરિક અંબાલાલ શાહ  મુકેશ બંસીલાલ શાહ
ઉપેન્દ્ર તારાચંદ શાહ

॥ નમો નમઃ શ્રી-ગુરુ-પ્રેમ-ભુવનભાનુસૂરિ-પં.પદ્મવિજયેભ્યઃ ॥

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુ સંગ્રહણી પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૫) મુક્તિનું મંગલદ્વાર (ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)
(૬) શ્રીસીમંધર સ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૭) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૮) વીશ વિહરમાન જિન ચરિત્ર
(૯) વીશ વિહરમાન જિન પૂજા
(૧૦) બંધનથી મુક્તિ તરફ (બારવ્રત તથા ભવ આલોચના વિષયક સમજણ)
(૧૧) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ.
(૧૨) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ.
(૧૩) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૧૪) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં.પદ્મવિજયજી મ.નું ચરિત્ર)
(૧૫) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ.પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૧૬) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૧૭) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)
(૧૮) સાધુતાનો ઉજાસ (લે.પૂ.પં.પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૧૯) પરમ પ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીસી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ
(૨૦) ભક્તિમાં ભીંજાણા (પં.પદ્મવિજયજી ગણિવર્ય) (વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)
(૨૧) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજય શતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ.જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)
(૨૨) આદીશ્વર અલબેલો રે (પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી) શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ
(૨૩) ઉપધાન તપવિધિ



(૨૪) રત્નકુક્ષી માતા પાહિણી
(૨૫) સતી-સોનલ
(૨૬) નેમિ દેશના
(૨૭) નરક દુઃખ વેદના ભારી
(૨૮) પંચસૂત્રનું પરિશીલન
(૨૯) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૩૦) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૩૧) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૩૨) ચિત્કાર
(૩૩) મનોનુશાસન
(૩૪) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)
(૩૫) ભાવે ભજો અરિહંતને
(૩૬) લક્ષ્મી સરસ્વતી સંવાદ
(૩૭) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૩૮-૪૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧,૨,૩
(૪૧) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૪૨-૪૪) રસથાળ ભાગ-૧,૨,૩
(૪૫) સમતાસાગર (પૂ.પં.પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૪૬) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૪૭) શુદ્ધિ (ભવ આલોચના)
(૪૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨
(૪૯) ઋષભ જિનરાજ મુજ આજદિન અતિભલો
(૫૦-૫૧) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧,૨

**● અંગ્રેજી સાહિત્ય ●**

(૧) A Shining Star of Spirituality (સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) Pahini-A Gem-womb Mother (રત્નકુક્ષિ માતા પાહિણીનો અનુવાદ)

**● સંસ્કૃત સાહિત્ય ●**

(૧) समतासागरचरितम् (गद्य) (પં.પદ્મવિજયજી મ.નુ જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવકોને જરૂર હોય તો અમને જાણ કરશો.

# પ્રાસ્તાવિક્મ્

- પંન્યાસપ્રવર શ્રીકલ્યાણબોધિવિજયજી ગણિવર્ય

બે ભાઈ હતાં. ગરીબી અને બેકારીથી કંટાળી ગામો ગામ ભટકતા હતા. લાખ પ્રયત્ન કરે પણ નસીબ બે ડગલાં પાછળ. ભટકતાં ભટકતાં એક જંગલમાં આવી ચડ્યા. કોક યોગીરાજના દર્શન થયા. રાત–દિવસ સેવા કરીને તેમને પ્રસન્ન કર્યા. યોગીરાજે એક અદ્‌ભૂત વનસ્પતિના બીજ આપ્યા. અને કહ્યું "૧૦૦ વાર ખેડેલી ભૂમિમાં આ બીજ વાવવા. એમાંથી જે વેલડી થાય એને ત્યાં જ બાળી નાંખવી. એની ભસ્મ લઈને તામ્ર સાથે ભેળવવી શુદ્ધ સુવર્ણ થઈ જશે."

બન્ને ભાઈ રાજીના રેડ થઈ ગયા. મોટાભાઈએ યોગીરાજના કહેવા મુજબ યથાવત્ વિધિ કરી અને અઢળક સુવર્ણ મેળવ્યું. નાનાભાઈએ વિધિ તો કરી પણ આળસ અને અનાદરથી તેમાં ઓછુ–વત્તુ કર્યું, ગોટાળા કર્યા, અને અંતે સુવર્ણ નહી પણ ચાંદી પ્રાપ્ત કરી. સુવર્ણ સિદ્ધિથી વંચીત રહી ગયો.

શિક્ષણ, ખેતી, વેપારથી માંડીને સુવર્ણ સિદ્ધિ સુધી બધા જ ક્ષેત્રમાં સફળતા મેળવવા 'વિધિ'ની પરિપૂર્ણતા અનિવાર્ય છે. તો પછી લોકોત્તર ક્ષેત્રમાં તો શું કહેવું ?

"મહારાજ સાહેબ ! ચાલીસ વર્ષથી પૂજા કરૂ છું પણ કાંઈ દેખાતુ નથી." શું દેખાય ? જ્ઞાનીઓ એ પૂજામાં સેંકડો દોષો જોઈ રહ્યા છે. ધર્મક્રિયાઓ તો હજી સુલભ છે. દુર્લભ છે વિધિની પરિપૂર્ણતા, જે એ ક્રિયાઓને શુદ્ધ ધર્મ બનાવે છે. હા, કરેલુ નિષ્ફળ નહીં જાય. વહેલુ મોડું પણ તેનુ ફળ જરૂર મળવાનું. પણ વિશિષ્ટ અદ્‌ભૂત ફળ મેળવવુ હોય, સંસારનો અંત કરવો હોય એના માટે તો શુદ્ધ ધર્મ જ સેવવો રહ્યો. માટે જ પંચસૂત્રકારે કહ્યું છે :–

**एयस्स णं वुच्छित्ति सुद्धधम्माओ।**

૧૪૪૪ ગ્રંથના રચયિતા આચાર્ય હરિભદ્રસૂરિજી યોગશતકમાં કહે

છે કે 'વિધિની પરિપૂર્ણતા આવે એટલે સમજી લો કે હવે મોક્ષ તમારી હાથવેંતમાં છે.'

વર્ષોથી પૂજા કરીએ છીએ, ચૈત્યવંદન કરીએ છીએ. અતંરજામી સુણ અલવેસર ને આવ્યો શરણે... કરીને યંત્રવત્ પાછા આવી જઈએ છીએ પણ કદી પ્રશ્ન થયો ખરો કે હું જે ચૈત્યવંદન કરું છું એ શુદ્ધ છે ?

એમાં કોઈ દોષ તો નથી ને ?

આ વિષયમાં ભગવાનની શું આજ્ઞા છે ?

મારી ક્રિયા તદ્દન ભગવાનની આજ્ઞા મુજબ કેવી રીતે બને ?

આ પ્રશ્નનું જ નામ છે તત્વજિજ્ઞાસા. આનુ નામ જ વિધિરાગ. ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે કે 'આસન્નસિદ્ધિક જીવોને જ વિધિરાગ હોય છે. અભવ્ય અને દૂરભવ્ય જીવોને તો વિધિત્યાગ અને અવિધિરાગ હોય છે'

ચાલો, આપણે વિધિના ચાહક બનીએ, તત્ત્વજિજ્ઞાસુ બનીએ. સુવર્ણ સિદ્ધિ બહુ બહુ તો એક ભવનુ દારિદ્રય દૂર કરે, જ્યારે પરમાત્માએ બતાવેલી વિધિ તો આપણા અનંત દુઃખોને સદા માટે નષ્ટ કરીને આપણને નિરુપમ શાશ્વત સુખોના સ્વામિ બનાવી દે. અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે'જેમ નાનો પણ દીવો અંધકારોને ઉલેચી નાખે છે, સુધાનું બિંદુ પણ રોગોને નષ્ટ કરી દે છે, અગ્નિનો તણખો પણ ઘાસની ગંજીને ખાખ કરી દે છે, તેમ થોડો પણ શુદ્ધ ધર્મ પાપોને ભસ્મીભૂત કરી દેવા સમર્થ છે.

એવા શુદ્ધ ધર્મની સાધના શે કરવી ? વિધિ બહુમાનને શે ઉલ્લસિત કરવો ? આનો જવાબ આપતાં ઉપદેશરહસ્યકારે કહ્યું છે–

नाए अन्नायाओ
अणंतगुणिया पवट्टए सद्धा।
तीए किरियातिसओ
तत्तो विसिट्ठ खओवसमो ।।

ચિંતામણીની ઓળખાણ ન થાય ત્યાં સુધી તે માત્ર એક રંગીન પથરો હોય છે. અને તેની ઓળખાણ થાય એટલે તેના પ્રત્યેનો અભિગમ...શ્રદ્ધા...બહુમાનભાવ...અનંતગણો વધી જાય છે. તેની



આરાધનામાં અપૂર્વ ઉલ્લાસ જાગે છે. પરિણામે વિશિષ્ટ કર્મક્ષયોપશમ થાય છે અને તે આરાધક અવશ્ય પણે ફળભાગી થાય છે. આ જ વસ્તુ ધર્મક્રિયામાં પણ સમજવાની છે. અને આ બધાના મૂળમાં છે જ્ઞાન.

વિધિનું જ્ઞાન જ નથી, તો વિધિની આરાધના શી રીતે થઈ શકે ? અને એના વિના તેનુ વાસ્તવ ફળ પણ શી રીતે મળી શકે ? માટે એ જ્ઞાનના ઉદ્દેશથી આ ભાષ્યત્રયમ્નું પ્રકાશન થઈ રહ્યું છે.

અનંત અનંત જન્મોમાં દુર્લભ એવી માનવ જન્મ વગેરે સામગ્રીને પામીને તેમાં સારભૂત તત્ત્વ હોય તો એ છે દેવ–ગુરુ–ધર્મની આરાધના.

ચૈત્યવંદન ભાષ્યના જ્ઞાનથી દેવતત્ત્વની આરાધના થઈ શકે છે.

ગુરુવંદન ભાષ્યના જ્ઞાનથી ગુરુતત્ત્વની આરાધના થઈ શકે છે.

પચ્ચક્ખાણ ભાષ્યના જ્ઞાનથી ધર્મતત્ત્વની આરાધના થઈ શકે છે.

ઉપાસનામાં પ્રધાનતા છે મનની, પણ વચન અને કાયા પણ ગૌણ નથી. गंभीर महुरसद्दं महत्थजुत्तं.... આવા વિધાનો દ્વારા તથા સૂત્રોની સંપદાદિનું સ્પષ્ટ જ્ઞાન આપવા દ્વારા ભાષ્યમાં વચનશુદ્ધિ પ્રમાણિત કરાઈ છે. તો जिणमुहन्नत्थ दिट्ठिजुओ વગેરે વિધાનો દ્વારા કાયિકશુદ્ધિનું પ્રતિપાદન કરાયુ છે. વચન અને કાયાની સ્પષ્ટ અસર મન પર પડે છે. એ અનુભવસિદ્ધ છે.

એકલા મનથી આત્મતત્ત્વની આરાધના એ નિશ્ચય નય છે. જો એ વ્યવહારનો ઈન્કાર કરતો હોય તો એ મિથ્યાત્વ છે. નિશ્ચય–વ્યવહાર ઉભયનય–સાપેક્ષ જિનાજ્ઞા છે. મન–વચન–કાયા ત્રણ યોગથી દેવ–ગુરુ–ધર્મ ત્રણે તત્ત્વની સાધના કરવી એ જ મોક્ષમાર્ગની પૂર્ણ સાધના છે.

શુદ્ધ ભાવોલ્લાસ...શુદ્ધ સૂત્રોચ્ચાર અને શુદ્ધ અનુષ્ઠાન એ સાધનાને વિશુદ્ધ ભાવક્રિયા બનાવે છે. શુષ્ક –યાંત્રિક ક્રિયાથી એકાદવાર નજીવું–નીરસ ફળ મળે. જ્યારે વિધિશુદ્ધ ભાવક્રિયાથી શુભ સંસ્કારોના બીજ રોપાય, ઉત્તરોત્તર વિશિષ્ટ પુણ્યબંધ કરાવનાર સાનુબંધ ફળ મળે. સદ્ગતિની અવિરત પરંપરા સાથે પરમપદની પ્રાપ્તિ થાય.

દેવ-ગુરુ અને ધર્મ આ ઉપાસ્યત્રય બનવા માટે કરાતી ઉપાસનાનો સાચો રાજમાર્ગ એટલે જ ભાષ્યત્રય...

**● ચૈત્યવંદન ભાષ્ય ●**

ત્રણે ભાષ્યના કર્તા આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજી ચૈત્યવંદન ભાષ્યના પ્રારંભમાં જ જણાવે છે કે 'ઘણી ટીકાઓ ભાષ્યો અને ચૂર્ણિઓ અને આગમો અનુસારે હું ચૈત્યવંદન વગેરેના વિષયમાં સમ્યક્ વિચાર પ્રસ્તુત કરું છું' બાળજીવો પર એમનો કેવો ઉપકાર ! ગાગરમાં સાગર ઠાલવી દેવાની એમની કેવી કુશળતા ! ૨૪ દ્વાર અને ૨૦૭૪ બોલ દ્વારા માત્ર ૬૩ ગાથાના આ ચૈત્યવંદન ભાષ્યમાં એમણે જે જ્ઞાનનો રસથાળ પીરસ્યો છે, એ દરેક આરાધકને અનિવાર્યપણે પ્રતિદિન ઉપયોગી છે.

નિસિહી ત્રિક, પ્રદક્ષિણા ત્રિક વગેરે દશત્રિક, પાંચ અભિગમ, બે દિશાઓ, ત્રણ પ્રકારના અવગ્રહ, ત્રણ વંદના, પ્રણિપાત, નમસ્કાર, અક્ષર, પદ, સંપદા, પાંચ દંડકો, બાર અધિકારો, ચાર વંદનીય, સ્મરણીય, ચાર નિક્ષેપે પરમાત્મા, ચાર સ્તુતીઓ, આઠ નિમિત્તો, બાર હેતુઓ, સોળ આગારો, ઓગણીસ દોષો, કાઉસ્સગ્ગનું પ્રમાણ, સ્તવન, સાત વેળા ચૈત્યવંદન અને દશ આશાતના ત્યાગ... આ રસથાળ જેણે ચાખ્યો નથી એણે વાસ્તવમાં શુદ્ધ પ્રભુદર્શન પણ કર્યા નથી. શાસ્ત્રો કદાચ ન ભણી શકીએ, પણ એ શાસ્ત્રોનું વલોણું કરીને એ નવનીત જ્યારે સુગમ શૈલીએ પ્રસ્તુત થઈ રહ્યું છે ત્યારે આપણે તેનાથી વંચિત તો નહી રહીએ ને ?....

**● ગુરુવંદન ભાષ્ય ●**

ઉપદેશમાળામાં કહ્યું છે :-

अभिगमणवंदणनमंसणेण पडिपुच्छणेण साहूणं ।
चिरसंचियं पि कम्मं खणेण विरलत्तणं उवेइ ।।

'મહાત્માઓ પ્રત્યે વિનયથી સન્મુખ ગમન-વંદન-નમસ્કાર કરવાથી તથા સુખશાતાદિની પૃચ્છા કરવાથી ચિરકાળના સંચિત કર્મ પણ ક્ષણવારમાં નાશ પામે છે' અનેક ભવોના પાપો એકાદ વંદનથી ભસ્મીભૂત થઈ જાય એ વંદન કેવું હશે ! આપણે જે ગુરુવંદન કરીએ છીએ એને તેની



કક્ષામાં મૂકી શકાય ? ગુરુવંદન ભાષ્યના અભ્યાસ વિના આ પ્રશ્નનો જવાબ જડે તેમ નથી.

ત્રણ પ્રકારના વંદન, વંદનીય, વંદનકર્તા, વંદનનો અવસર, વંદન કેટલીવાર, કેટલા નમનવાળું, કેટલા શીર્ષનમસ્કારવાળું, કેટલા આવશ્યકોથી વિશુદ્ધ, કેટલા દોષ વિનાનું કરાય, શા માટે કરાય એની અહિં વિશદ સમજૂતી આપી છે. દ્રવ્ય અને ભાવ વંદનના દ્રષ્ટાંતો મનનીય છે.

ગ્રંથકારનું સ્પષ્ટ વિધાન છે કે જે આ વિધિ વિના વંદન કરે છે, તે વાસ્તવિક ઉચ્ચ નિર્જરાનો ભાગી થઈ શક્તો નથી. અને જે વિધિ સહિત વંદન કરે છે, તે અનેક ભવોના અનંત કર્મોનો ક્ષય કરે છે.

**● પચ્ચક્ખાણ ભાષ્ય ●**

હજારોવર્ષો સુધી આહાર ન લેવા છતાં ય દેવોને તેનુ ફળ નથી મળતું. કારણ ? એક નવકારસીના પચ્ચક્ખાણનું પણ તેમનું સૌભાગ્ય નથી. આપણે કેવા ભાગ્યશાળી ! ૧૦૦ વર્ષના નરકના આઉખા તોડી નાંખે એવું એક નવકારસીનું પચ્ચક્ખાણ... છે ને સસ્તામાં સિદ્ધપુરની યાત્રા ! પણ હા, શરત એટલી કે એ પચ્ચક્ખાણ આપણી મનમાનીથી નહી, પ્રભુની આજ્ઞા અનુસાર હોવું જોઈએ.

દશ પ્રકારના પચ્ચક્ખાણ, ચાર પ્રકારની વિધિ, ચાર આહાર, બાવીશ આગાર, દશ વિગઈ, ત્રીશ નીવિયાતા, બે પ્રકારના ભાંગા, છ પ્રકારની વિશુદ્ધિની સુંદર માહિતી આપવા સાથે અંતે પચ્ચક્ખાણનું ઐહિક અને પારલૌકિક ફળ બતાવતા દષ્ટાંતો પચ્ચક્ખાણ ભાષ્યમાં આપ્યા છે. ગ્રંથનો ઉપસંહાર કરતા કહ્યું છે કે આ પચ્ચક્ખાણનો શ્રીજિનેશ્વર ભગવંતોએ ઉપદેશ કર્યો છે. અને ભાવપૂર્વક આની આરાધના કરીને આજ સુધીમાં અનંત જીવો અવ્યાબાધ શાશ્વત સુખોને પામ્યા છે.

આ ત્રણે ભાષ્યોમાં બતાવેલી વિધિનું પાલન આજના કાળમાં પણ લગભગ દરેક માટે શક્ય છે. પરમાત્માની આજ્ઞાના પાલનના અદ્‌ભૂત આનંદની અનુભૂતિ સાથે આલોક-પરલોકના મીઠાં ફળો મેળવી અધ્યેતા